MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૧૪-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 બંગાળ સામે પ્રથમ ઇનિંગ્સની લીડના આધારે ૭૬ વર્ષ પછી ચેમ્પિયન બન્યું સૌરાષ્ટ્ર

5 રાજ્યસભાની ૪ બેઠકો માટે ૫ ઉમેદવારોએ ફોર્મ ભરાતાં રાજકીય ગરમાવો

7 કર્મચારીઓને મોટર માટે પાંચ લાખના બદલે ૧૦ લાખની લોન અપાશે રૂપાણી સરકાર

9 રાજપીપળા ખાતે ૨.૮૯ કરોડના ખર્ચે બનેલી નાંદોદ તાલુકા સેવા સદન કચેરીમાં ૬ મહિનાથી લિફ્ટ બંધ

પરમકૃપાળુ શ્રી જગદીશાનંદજી (રંગબાળ)ની પ્રેરણાથી www.connectindians.inના કંપની કોડ 99999999ની તમામ આવક શ્રી રંગ અવધૂત બાપજીના નામે ચેરીટેબલ સંસ્થા ખોલી લોક કલ્યાણની પ્રવૃત્તિઓમાં વપરાશે જેની સૌએ નોંધ લઈ આ કોડ સાથે જોડાવાની અરજ કરીએ છે : ધનંજય ઝવેરી

MARKET4U (OPC) PVT. LTD. ની તમામ જિલ્લા-શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જોજો ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઇ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શુ આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri,
Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

સુરત ઓફીસ એડ્રેસ

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો **9978406257**

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એકટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

ચોકબજાર હેરીટેજ ક્ષેત્રમાં ગેરકાયદે બાંધકામ શરૂ થયું

માજી કોર્પોરેટર આફ્રિકાવાલાની મ્યુનિ. કમિશનરને ફરિયાદ

સુરત

ચોકબજાર, એન્ડુઝ લાયબ્રેરીની પાછળ દરગાહની બાજુમાં, રાજા ઓવારાના નામથી ઓળખાતી સુરત મહાનગરપાલિકાની ખુલ્લી જમીન ઉપર મસ્જિદનું બાંધકામ શરૂ થઈ રહ્યું છે. તે અટકાવવા બાબતે માજી કોર્પોરેટર દિપક આફ્રિકાવાળાએ મ્યુનિ. કમિશનરને કરેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, આ અગાઉ પણ મે ઉપરોક્ત વિષય-વસ્તુવાળી જમીન બચાવવા અંગે તા.૨૩-૨-૨૦૧૮ તથા તા.૧૩-૩-૨૦૧૮ તથા તા.૨૩-૪-૨૦૧૮ના રોજ અરજીઓ કરી આપ સાહેબનું ધ્યાન દોર્યું છે. આ જગ્યાનો ચોક હેરીટેજમાં સમાવેશ થયેલો છે. આ જગ્યા ઉપર ઝુંપડાઓ હતા તે ઝુંપડાવાળાઓને ૧૨૬ આવાસ ફાળવી આપેલા છે. છતાં પણ એક ઝુંપડું યથાવત રાખી પાછળથી છળકપટ કરી તેની ઉપર ઈબાદતખાનાનું બોર્ડ લખાવી બાંગ પુકારવાનું માઈક લગાવી, નમાઝ પઢાવવાનું શરૂ કરેલું. આ ઝુંપડાવાળાને પણ આવાસ ફાળવી આપેલ છે. આ ઝુંપડાનો આકારણીના દફ્તરે રહેણાંકનો વપરાશ બતાવે છે. અગાઉ અહીં કોઈ નમાઝ પઢાતી ન હતી કે કોઈ ઈબાદત ખાનુ પણ હતું. તે અંગેની મેં વખતો વખત રજૂઆત કરી છે. સમય જતાં આ આખી જગ્યા અસામાજિક તત્ત્વોની બેઠક યાને અડ્ડો બની ગઈ છે.

સુરતમાં કોરોના વાયરસનો ભય ફેલાતા માસ્કનું ઉંચા ભાવે વેચાણ

કેટલાક મેડીકલ સ્ટોરમાં માસ્કનો જથ્થો ખલાસ થઈ ગયો

સુરત

વિશ્વ માટે ખતરનાક સાબિત થઈ રહેલા કોરોના વાઈરસનો ભય ભારતમાં પણ ફેલાયો છે. સુરતમાં કોરોના વાઈરસના ભય વચ્ચે માસ્કના ત્રણથી ચાર ગણા ભાવ વસૂલવામાં આવી રહ્યાનું સામે આવ્યું છે. ૧૦ રૂપિયાના સાદા માસ્કના ૩૦થી ૪૦ રૂપિયા ભાવ વસૂલવામાં આવી રહ્યાં છે. મેડિકલ સ્ટોરના વેપારીઓ કહે છે કે, ખરીદી જ મોંઘી બની ગઈ છે માસ્કની એટલે સ્ટોક ખલાસ થઈ જાય પછી વેચાણ જ બંધ કરી દેવાનું છે. બીજી તરફ માસ્ક વિક્રેતાઓ દ્વારા કાળાબજારી કરી માસ્કના ભાવની લૂંટ ચલાવવા અંગે તંત્ર દ્વારા કોઈ પગલાં ન લેવાતા અનેક સવાલો ઉભા થયાં છે.

કોરોના વાયરસના ભયની અસર સુરતમાં પણ દેખાય રહી છે. મોટી સંખ્યામાં લોકો આવા જીવલેણ વાઈરસથી બચવા માસ્ક ખરીદવા જઈ રહ્યા હોવાથી ઉધાડી લૂંટ ચલાવવામાં આવી રહી છે. કેટલાક મેડિકલ સ્ટોર્સ પર કોરોના વાઈરસ સામે રક્ષણ આપતા માસ્કના ભાવ અસામને જોઈ લોકો પણ આશ્ચર્યમાં પડી ગયા છે. વેપારીઓ કહી રહ્યા છે માસ્કના ભાવ વધવાનું કારણ માસ્કની અછત છે. જોકે ભાવ વધારા પાછળ ડિસ્ટ્રીબ્યુટોર દ્વારા ખેલ પાડવામાં આવી રહ્યો હોવાની વાત બહાર આવી રહી છે. માસ્કની અછત હોવાની માર્કેટમાં વાત ફેલાવી બેફામ લૂંટ કરી રહયા હોવાનું બહાર આવ્યું છે. કેટલાક લોકોએ તો સરકાર સામે રોષ વ્યકત કરી ડિસ્ટ્રિબ્યુટર પર નિયંત્રણ લાવું જોઈએ એવી વાત પણ નામ ન જણાવવાની શરતે કહી હતી. માસ્ક અચાનક માર્કેટમાંથી ગાયબ કેવી રીતે થઈ ગયા એવા પ્રશ્નો ઉભા કર્યા હતા.

સુરતમાં ભારે પ્રતિસાદ મળતા સરસમેળો ત્રણ દિવસ લંબાવાયો

સરસમેળામાં છ દિવસમાં ૯૨ લાખની ચીજ વસ્તુઓનું વેચાણ

સુરત

ભારત સરકારના ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા ગ્રામ્ય વિસ્તારના ગરીબી રેખા નીચે જીવતા પરિવારો અને સ્વ-સહાયજુથ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને રાષ્ટ્રીય કક્ષાની વેચાણ સુવિધા ઉપલબ્ધ કરાવવાના આશયથી સુરતના આંગણે આયોજિત રાષ્ટ્રીયકક્ષાના 'રિજીયોનલ સરસ મેળા-૨૦૨૦'ને છ દિવસ દરમિયાન ૯૨ લાખની ચીજવસ્તુઓનું બહેનોએ વેચાણ કર્યું છે. જેની સફળતાને ધ્યાને લઈ તા.૧૫મી માર્ચ સુધી સરસમેળાને લંબાવવામાં આવ્યો છે.

અડાજણ ખાતે જયોતિન્દ્ર ગાર્ડનની બાજુમાં, મહાનગરપાલિકાના હનિપાર્ક ગ્રાઉન્ડ ખાતે યોજાયેલો મેળામાં રાષ્ટ્રીય સરસ મેળામાં વિવિધ રાજયોના ૪૦ સ્ટોલ તેમજ ગુજરાતના તમામ જિલ્લાઓના ૧૦૫ તથા સુરત મહાનગરપાલિકાના ૨૦ મળી કુલ ૧૭૫ જેટલા સ્ટોલ ઉભા કરીને વેચાણ કરવામાં આવી રહ્યું છે. તા.૫મી માર્ચથી શરૂ થયેલા આ મેળામાં તા.૧૦મી સુધીમાં રૂા.૯૨ લાખની ચીજવસ્તુઓનું વેચાણ બહેનો દ્વારા કરવામાં આવ્યું છે. જેની સફળતાને ધ્યાને લઈ ૧૨મી માર્ચ સુધી ચાલનારા મેળાને લબાવીને તા.૧૫મી સુધી કરવામાં આવ્યો છે. આમ સૂરતીઓએ ગ્રામીણ મહિલાઓના સ્વ-સહાય જુથો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓની ખરીદી કરીને બહોળો પ્રતિસાદ આપ્યોછે. ગ્રામિણ મહિલાઓના આર્થિક સ્વાવલંબન માટેના આ મેળામાં મેળામાં ગુજરાતના ચણીયાચોલી, હરિયાણાની ટેરાકોટાની ચીજવસ્તુઓ, ઓરિસ્સાના હેન્ડલુમ, ત્રિપુરાની સિલ્ક સાડીઓ, આસામના વુડન પેઈન્ટીગ, મધ્યપ્રદેશના સુતર પ્રોડકટ, પંજાબની ફુલકારી, બિહારનું મધુબની પેઈન્ટીગ, ઉત્તરાખંડની જયુટબેગ, હિમાચલ પ્રદેશની હસ્તકલા અને ઉનની બનાવટો મળી ૧૭૫થી વધવુ સ્ટોલોદ્વારા વેચાણ કરવામાં આવી રહ્યું છે.

પેટા ચૂંટણી સંદર્ભે જાહેર શાંતિ અને સલામતી અંગે મેજીસ્ટ્રેટનું જાહેરનામું

સુરુચીનો ભંગ થાય તેવું કૃત્ય કોઈ પણ વ્યક્તિએ કરવું નહીં

સુરત

રાજય ચુંટણી આયોગ ગાંધીનગર દ્વારા રાજયની નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોની પેટા ચુંટણીનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે અનુસાર જીલ્લામાં કનકપુર-કનસાડ નગરપાલિકાના વોર્ડ નં.૧ તથા કામરેજ તાલુકા પંચાયતના ૮-કઠોદરા મતદાર મંડળોની પેટા ચુંટણી તા.૨૨/૩/૨૦૨૦ના રોજ મતદાન યોજાનાર છે આ ચુંટણીને અનુલક્ષીને સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ. ડી. વસાવાએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામાં અનુસાર ઉપરોકત વિસ્તારોમાં કોઈપણ વ્યકિતએ તા.૨૪/૦૩/૨૦૨૦ સુધીના સમય દરમિયાન હથિયારબંધી ફરમાવી, સુરૂચીનો ભંગ થાય તેવા કોઈ પણ કૃત્ય કરવા ઉપર પ્રતિબંધ ફરમાવ્યો છે. તેમજ શારીરિક ઈજા પહોચાડી શકાય તેવું કોઈપણ સાધન સાથે લઈ જવું નહિ. ઉલ્લેખનીય છે કે આ જાહેરનામું ફરજ પરની વ્યકિતઓ તેમજ સક્ષમ અધિકારી દ્વારા મંજુરી આપવામાં આવી હોય તેઓને આ હુકમ લાગુ પડશે નહી. અન્યથા આ હુકમનો ભંગ કે ઉલ્લઘંન કરનાર શિક્ષાને પાત્ર થશે.

લોકસભામાં સુરત એરપોર્ટના વિકાસનો પ્રશ્ન ઉઠાવતા સાંસદ દર્શના જરદોશ

સુરત એરપોર્ટ વિસ્તરણનું કાર્ય ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થશેઃ ઉડ્ડયનમંત્રી સુરી

સુરત

આજરોજ લોકસભામાં પ્રશ્નોત્તરી દરમ્યાન સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશે જયારે યાત્રીઓની સુવિધાના વિષયે ચર્ચા ચાલી રહી હતી ત્યારે ચર્ચામાં ભાગ લીધો હતો. તેમણે શહેરી વિકાસ અને નાગરીક ઉડ્ડયન મંત્રીશ્રી હરદિપસિંહ સુરી ને પ્રશ્ન કર્યો હતો કે સુરત એરપોર્ટ ઉપર હાલ એક સાથે ૨ જ પ્લેનની યાત્રીઓને પીકઅપ કરવાની સુવિધા છે ત્યારે સુરત એરપોર્ટ પર ૩ કે ચાર પ્લેન એકત્ર થઈ જાય છે ત્યારે ત્રીજા પ્લેનને અને તેના યાત્રીઓને ખૂબ સમય સુધી ડ્રોપ અને પીકઅપ માટે રાહ જોવી પડતી હોય છે. કારણ અત્યાર સુધી સુરતમાં ફકત ૩ પ્લેનની પાર્કિંગ સુવિધા હોવાને કારણે અને ક્ષમતા કરતા વધુ મુસાફરો ભેગા થાય ત્યારે તકલીફ પડતી હોયછે. તેથી સુરત એરપોર્ટના વિકાસ માટે ખૂટતી સુવિધાઓ પૂરી કરવા માટે તેમણે માંગણી કરી હતી. નાગરીક ઉડ્ડયન અને શહેરી વિકાસ મંત્રી શ્રી હરદિપસિંહ સુરી એ સુરતના સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ ને ઉત્તર આપતા જણાવ્યું કે સુરત એરપોર્ટના વિસ્તરણનું કામ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થવાની શકયતાઓ છે. એમણે સ્વીકાર્યું કે દેશના ઘણાબધા એરપોર્ટોની સામે સુરત એરપોર્ટનો ગ્રોથ સારામાં સારો હોવાથી સરકારને પણ સુરત એરપોર્ટના વિકાસમાં રસ છે.

કોરોના વાયરસની અસર

ઢાકામાં આયોજીત ચેમ્બરનું ટેક્સટાઈલ પ્રદર્શન મોકુફ

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ શ્રી કેતન દેસાઈ અખબારી યાદીમાં જણાવે છે કે, સુરતના કાપડ ઉદ્યોગને નવી ઉંચાઈ સુધી પહોંચાડવા માટે ચેમ્બર દ્વારા આગામી ૨ થી ૩ એપ્રિલ ૨૦૨૦ દરમિયાન બાંગ્લાદેશના ઢાકા ખાતે 'ટેક્ષટાઈલ એક્ષ્પો'નું આયોજન કરવાનું નકકી કરવામાં આવ્યુ હતુ. જો કે, કોરોના વાયરસના કારણે તકેદારીના ભાગરૂપે એકજ સ્થળે વધારે લોકો એકત્રિત નહીં થાય તે આરોગ્યની દૃષ્ટિએ હિતાવહ છે. આથી ચેમ્બર દ્વારા બાંગ્લાદેશમાં યોજાનાર 'ટેક્ષટાઈલ એક્ષ્પો'ને વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં લઈ હાલ પુરતો સ્થગિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

પેટા ચૂંટણીમાં આચાર સંહિતાનું ચૂસ્ત પાલન કરવાની સૂચના

પ્રચારમાં વાહનો ઉપયોગ નિયમ મુજબ કરવો

સુરત

રાજય ચુંટણી આયોગ ગાંધીનગર દ્વારા રાજયની નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોની પેટા ચુંટણીનો વિગતવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. જે અનુસાર જીલ્લામાં કનકપુર-કનસાડ નગરપાલિકાના વોર્ડ નં.૧ તથા કામરેજ તાલુકા પંચાયતના ૮-કઠોદરા મતદાર મંડળોની પેટા ચુંટણી તા.૨૨/૩/૨૦૨૦ના રોજ મતદાન યોજાનાર છે આ ચુંટણીને અનુલક્ષીને સુરત જિલ્લાના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી એસ. ડી. વસાવાએ એક જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

જાહેરનામાં અનુસાર ઉપરોકત વિસ્તારોમાં ચુંટણીના કામે યોજાતી સભા-સરઘસ કે રેલીમાં લાઉડ સ્પીકરનો ઉપયોગ સવારના ૬.૦૦ વાગ્યા પહેલા અને રાત્રે ૧૦.૦૦ વાગ્યા પછી કરવો નહીં. આ સમય દરમિયાન ચુંટણી પ્રચારના કામે વાહન ઉપરના સ્ટેટેટીક અથવા માઉન્ટેડ/લગાડેલ ફરતા લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહી. સક્ષમ અધિકારીએ પરવાનગી આપેલી હોય તે સિવાય કોઈપણ સ્થળે લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહીં. સક્ષમ અધિકારીએ લાઉડ સ્પીકરના ઉપયોગ માટે આપેલી પરવાનગીમાં સ્પષ્ટ નિર્દેશ કર્યા ન હોય તો પણ લાઉડ સ્પીકરનો ઉપયોગ સવાર ૬.૦૦ વાગ્યા પહેલા અને રાત્રે ૧૦ વાગ્યા પછી કરી શકાશે નહી. કોઈપણ મતદાર વિસ્તારમાં મતદાન પૂર્ણ થયાના અગાઉના ૪૮ કલાકની મુદત દરમિયાન પ્રચાર પર પ્રતિબંધ હોઈ લાઉડ સ્પીકરનો ઉપયોગ કરવો નહી.આ જાહેરનામું તા.૨૪/૦૩/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે.

ભેસ્તાનના આવાસમાં એક વિદ્યાર્થી પર હુમલો

સુરત

સુરતના ભેસ્તાન સફારી કોમ્પ્લેક્ષમાં એસએમસી આવાસ ખાતે ઝઘડાની જુની અદાવત રાખી ચાર ઈસમોએ લાકડીના ફટકા વડે હુમલો કરી વિદ્યાર્થીને ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર ભેસ્તાન એસએમસી આવાસ બિલ્ડિંગ ખાતે ભાવેશ ઠાકોર રહે છે. ૧૯ વર્ષનો આ યુવાન સ્કૂલ કોલેજમાં અભ્યાસ કરે છે. ગત દિવસોમાં અગાઉ થયેલા ઝઘડાની અદાવત રાખી આરોપી મનીષ ભરત ભરવાડ, કુન્દન તથા યોગેશ વગેરેઓએ લાકડીના ફટકા વડે ભાવેશ પર હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. પાંડેસરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.



અમરોલી પોલીસે ગુનાના કામે પકડી પાડેલા આરોપીઓ પર ગુજટોકના કાયદાની કલમનો ઉમેરો કરવામાં આવતા સુરત ક્ષત્રિય કાઠી સમાજે વિરોધ નોંધાવી સુરત જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર પાઠવી ગુજટોકની કલમ નાબૂદ કરવાની માંગણી કરી હતી.

અમરેલીના આરોપીઓ પર ગુજટોકની કલમ લગાવાતા કાઠી સમાજ નારાજ

સુરત ક્ષત્રિય કાઠી સમાજે સુરત કલેક્ટરને આવેદન પાઠવ્યું

સુરત

અમરેલી જિલ્લાના શ્રી કાઠી ક્ષત્રિય સમાજના આગેવાનો સામે સરકાર દ્વારા ખોટા કેસો કરી કનડગત કરવામાં આવતી હોવાની રજૂઆત સુરતના સૂર્ય સેના મારફતે કાઠી સમાજે કલેક્ટરને કરી હતી.

આવેદનપત્રમાં જણાવ્યા મુજબ શ્રી કાઠી સમાજ ભારત દેશના રાષ્ટ્ર નિર્માણ માટે અમારા પૂર્વજો દ્વારા રજવાડા દાનમાં આપેલ તેના વંશજો છીએ, થોડા સમયથી અમારા સમાજના પ્રતિષ્ઠિત આગેવાનોને અમરેલી જિલ્લામાં પોલીસ દ્વારા ખોટા કેસો કરી ખોટી કનડગત કરી અમારા સ્વાભિમાન અને અમારા મૂળભૂત હક્કો પર સીધી તરાપ મારવાનું કાર્ય થઈ રહ્યું છે. સમાજ રાષ્ટ્ર એકતા તથા રાષ્ટ્રહિત માટે જાણીતો છે અમારી આગવી સંસ્કૃતિ અને પરંપરાથી પુરા વિશ્વ આ અમારા પ્રદેશને કાઠીયાવાડ તરીકે ઓળખે છે. એ કોમના આગેવાનો પર આતંકવાદી કાયદાનો ઉપયોગ કરી અમરેલી પોલીસ દ્વારા અમારી માન મર્યાદા અને ખુમારી તથા માનવીય મૂળભૂત અધિકાર પર તરાપ મારી છે. સમાજના આગેવાન મુન્નાભાઈ ઉર્ફે શિવરાજભાઈ રબારીકા સામે અમરેલી પોલીસ દ્વારા આતંકવાદીના ગંભીર ગુના દાખલ કરી ખોટી રીતે ફસાવવાનું ષડયંત્ર કરી રહી છે. જેનાથી અમે ખુબ દુઃખી છીએ, આપ સાહેબને વિનંતી કે આ ખોટા કેસોને ડામવામાં આવે.

ઓલ ઈન્ડિયા ટ્રેડ યુનિયન કોંગ્રેસનું ૧૪મું અધિવેશન વડોદરામાં યોજાયું

ગુજરાત આઈ ટુક કાઉન્સીલના ઉપ પ્રમુખ તરીકે વિજય શેણમારે ચૂંટાયા

સુરત

ઓલ ઈન્ડીયા ટેડ યુનિયન કોંગ્રેસ (આઈટુક) ૧૪ મું ગુજરાત રાજય સંમેલન તા, ૭, ૮ માર્ચના રોજ વડોદરા ખાતે યોજાયું હતું. આ રાજય સંમેલનમાં આઈટકના રાષ્ટ્રિય મંત્રી બિરાદર સુકુમાર દામલે અતિથિ વિશેષ તરીકે હાજર રહયા હતા.

સંમેલનની શરુઆત આઈટકના સીનીયર નેતા મેઘજીભાઈ મહેશ્વરીના હસ્તે લાલ ઝંડા વંદન કરવામાં આવ્યું હતું. સંમેલનનું ઉદઘાટન દિલ્હીથી પધારેલા આઈટુકના રાષ્ટ્રિય મંત્રી સુકુમાર દામલેએ કર્યુ હતું. શોક સભા બાદ ગુજરાત આઈટુકના મહામંત્રી બિરાદર રાજકુમારસિંહે ત્રણ વરસનો રીપોર્ટ રજુ કર્યો હતો. જેના ઉપર ડેલીગેટોએ ચર્ચામાં ભાગ લઈ રીપાર્ટને મંજુર કરવામાં આવ્યો હતો. ખજાનચી સહ મંત્રી બિરાદર અશોક કહારે ત્રણ વરસના હિસાબો રજુ કર્યા હતા. જેને મંજુર કરવામાં આવ્યા હતા. આવતા ત્રણ વરસ માટે આઈટુક ગુજરાત રાજય કાઉન્સીલના હોદેદારો તથા કારોબારી સમિતિના સભ્યોની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. આઈટુકનું ૪૨ મું રાષ્ટ્રિય સંમેલન એપ્રિલ ૨ થી ૫ દરમ્યાન કેરલામાં યોજાશે. જેમાં ગુજરાતમાંથી ડેલીગેટો ભાગ લેશે.

આઈટુક ગુજરાત રાજય કાઉન્સીલના હોદેદારો માં પ્રમુખશ્રી રાજકુમારસિંહ, કાર્યકારી પ્રમુખશ્રી એસ.જે પ્રસાદ, મહામંત્રીશ્રી જે.એસ. પિલ્લઈ, ઉપ પ્રમુખ સર્વશ્રી વિજય શેણમારે, રામસાગરસિંહ પરિવાર, મેઘજીભાઈ મહેશ્વરી, કિસનસિંહ ઝાલા, એચ. સી. મકવાણા, મંત્રી સર્વશ્રી સંતોષ નાયર, પી.એમ. સોલંકી, એચ.એસ.શાહ, ટે.કે.આર. નાયર, રમેશ પરમાર, શામજી મહેશ્વરી,ચિમનભાઈ સોલંકી તથા મંત્રી સહ ખજાનચી અશોકભાઈ કહારને ચૂંટી કાઢવામાં આવ્યા હતા.



શ્રી Design

A Complete Printing Solution

Our Services

- Graphic Design
- I Card (School & Commercial)
- Stationary Printing
- Book Work
- Brochure
- Pamphlet
- Calendar

All Type of Designing & Printing Work @ One Junction

93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શનિવાર । તા. ૧૪-૦૩-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

ભારતમાં ધીમા ડગલે કોરોનાનો વ્યાપક પગપેસારો....? એક પછી એક રાજ્યોમાં સાવચેતીના પગલાં

ભારતમાં કોરોનાથી હાહાકાર, શાળા-કોલેજો બંધ, જાહેર કાર્યક્રમો રદ

યુપી, છત્તીસગઢ, દિલ્હી સહિત અનેક રાજ્યોએ શાળા-કોલેજો બંધ કરાવી, આઇપીએલની મેચો લંબાવાઇ, ભારત સરકાર પણ સજાગ-મંત્રીઓના વિદેશ પ્રવાસ પર પ્રતિબંધ

ન્યુ દિલ્હી

ચીનની વુહાનથી શરૂ થયેલો ભયાનક કોરોના વાઇરસ રોગચાળાએ ભારતમાં પણ ધીમે ધીમે પગપેસારો કર્યો હોય તેમ એક પછી એક રાજ્યો તેના ભરડામાં આવી રહ્યાંનું ચિત્ર ઉપસી રહ્યું છે. દિલ્હી રાજ્યે આઇપીએલની મેચો રમાડવાની ના પાડ્યા બાદ કેટલાક રાજ્યોએ શાળા - કોલેજો બંધ રાખવાની ફરજ પડતાં સાવચેતીના તમામ પગલાં લેવામાં આવી રહ્યાં હોવાનું મનાય રહ્યું છે. ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ વિદેશ પ્રવાસો રદ કરીને કોઈ મંત્રી વિદેશ પ્રવાસે નહીં જાય તેવી જાહેરાત કરી છે. તો મહત્વની એવી આઇપીએલની મેચોની તારીખ પણ કોરોનાને કારણે લંબાવવામાં આવી છે. જો કે બીજા દેશોની જેમ ભારતમાં કોરોનાથી હાહાકાર મચ્યો નથી. પણ એક પછી એક રાજ્યો સાવચેતીના જે પગલાં લઇ રહી છે તેનાથી સ્થિતિ નિયંત્રણમાં હોય તેમ જણાઇ રહ્યું છે.

સૂત્રોએ જણાવ્યું કે ભારતમાં આઇપીએલની મેચો ક્રિકેટ બિઝનેસની રીતે મહત્વની ગણાય છે. જો કે કોરોનાની બીકે તેની કારીખ ૨૯ માર્ચ બદલીને ૧૫ એપ્રિલ કરવામાં આવી છે. એ આશાએ કે ત્યાં સુધીમાં કોરોનાનો કોહરામ શાંત પડી ગયો હોય. બીજા રાજ્યોના નિર્ણયો પર નજર નાંખીએ તો છત્તીસગઢમાં ૩૧ માર્ચ સુધી શાળા કોલેજ બંધ રાખવાની જાહેરાત થઇ છે.

એ જ રીતે યુપી સરકારે પણ સમગ્ર રાજ્યમાં ૨૨ માર્ચ સુધી શાળા કોલેજ બંધ રાખવાની જાહેરાત કરીને મોટા સમૂહને એક સ્થળે એકત્ર થવા પર નિયંત્રણ મૂકવાનો પ્રયાસ કર્યો છે. મોદીએ પણ વિદેશ પ્રવાસો મુલ્તવી રાખીને કહ્યું છે કે,આગામી દિવસોમાં કોઇ કેન્દ્રીય મંત્રી વિદેશ પ્રવાસ નહીં કરે.

દિલ્હીની કેજરીવાલ સરકારે કોરોનાથી લોકોને બચાવવા દિલ્હીના તમામ સિનેમાઘરોને ૩૧ માર્ચ સુધી બંધ રાખવાનો આદેશ કર્યો છે. આ ઉપરાંત જે સ્કૂલોમાં પરીક્ષા પૂરી થઈ ગઈ છે તેને પણ ૩૧ માર્ચ સુધી બંધ રાખવાનો આદેશ કર્યો છે. તો હવે આપીએલની મેચો દિલ્હીમાં નહીં રમવા દેવાય તેવી જાહેરાતની સાથે અન્ય રમતગમતની મેચો પણ દિલ્હીમાં રદ કરવામાં આવી છે. હરિયાણા પછી કોરોનાને મહામારી જાહેર કરનાર દિલ્હી બીજુ રાજ્ય છે.

મહારાષ્ટ્રના આરોગ્ય મંત્રીના હવાલાથી રાજ્યમાં સંક્રમિતોની સંખ્યા ૧૪ હોવાની માહિતી આપવામાં આવી છે. ગુરુવારે મળેલા પૂણેમાં સંક્રમિત દર્દી તાજેતરમાં જ અમેરિકાથી પાછો આવ્યો હતો. તેના સહિત માત્ર માત્ર પૂણેમાં અત્યાર સુધી ૯ લોકોમાં

અનુસંધાન પાના નં. ૫

વડાપ્રધાન મોદીએ કર્યું આહવાન, તમામ સાર્ક દેશો ભેગા થઈ કોરોના સામે લડે

મુંબઇ

પરિસ્થિતિઓ પ્રમાણે ત્વરીત કાર્યવાહી મામલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની છબી જગજાહેર છે. તેમણે દેશની અંદર ઉભી થયેલી અસામાન્ય પરિસ્થિતિઓ પર ત્વરીત નિર્ણય લીધા હોવાના અનેક ઉદાહરણ પુરા પાડ્યા છે. હવે કોરોના વાયરસના કારણે દુનિયામાં ઉભી થયેલી ભયાવક સમસ્યા પર પણ તેમને આંતરરાષ્ટ્રીય એકજુથતા સુનિશ્ચિત કરવાની દિશામાં અનોખો પ્રસ્તાવ રજુ કરી એક મિશાલ પુરી પાડી છે.

મોદીએ પોતાની વર્લ્ડ લીડરની છબી પ્રમાણે દક્ષિન એશિયાઇ દેશોના સંગઠન સાર્કમાં શામેલ દેશોને આહ્વાન કર્યું છે કે, તમામ આઠ રાષ્ટ્રાધ્યક્ષ વીડિયો કોન્ફરન્સિંગ સાથે જોડાઈને કોરોના વિરૂદ્ધ સંયુક્ત ભાગીદારી સાથે ચર્ચા કરે. સાર્ક સંગઠનમાં ભારત ઉપરાંત પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ,

અનુસંધાન પાના નં. ૫

કોરોના ઈફેક્ટ: હાઇકોર્ટે સુઓમોટો દાખલ કરી કહ્યું, હસ્ત ધનૂન ના બદલે નમસ્તે નો આગ્રહ રાખો

અમદાવાદ

દેશભરમાં જીવલેણ કોરોના વાયરસની ભીતિને લઇને ગુજરાત હાઇકોર્ટે લીધેલી સુઓમોટો જાહેરહીતની અરજીમાં ચીફ જસ્ટિસ વિક્રમનાથ અને જસ્ટિસ આશુતોષ શાસ્ત્રીની ખંડપીઠે કેટલાક નિર્દેશો લોકોના જાહેર હિત માટે જાહેર કર્યા છે.

મળતી માહિતી પ્રમાણે, કેન્દ્ર અને રાજ્ય સરકાર સાવધાની માટે પગલાં લઈ રહી છે પરંતુ વાયરસ વધુ ન ફેલાય તે માટે રાજ્યની ન્યાયપાલિકા તરીકે અને ન્યાયપાલિકા માટે પણ તેમજ પ્રજા માટે પણ નિર્દેશ જારી કરવાની જરૂરિયાત હોવાનું કોર્ટે નોંધ્યું હતું. નિર્દેશો આ પ્રમાણે છે.

૧.કેન્દ્ર અને રાજ્ય સરકારે કોરોના વાયરસ માટે જારી કરેલી એડવાઇઝરી નું ચુસ્તપણે પાલન કરાય

૨. કોર્ટ પરિસર ના પ્રવેશ દ્વાર પર ટેમ્પરેચર ગન મુકવા કોર્ટે સરકારને કર્યો આદેશ... કોર્ટમાં આવતી વ્યક્તિ ને તાવ જણાઈ આવે તો તાત્કાલિક સારવાર અને નિદાન માટે મોકલી આપવા નિર્દેશ

૪. રાજયની તમામ અદાલતોમાં પક્ષકારોએ આવવાનો આગ્રહ રાખવો નહીં પક્ષકારોના વકીલો આ મુદ્દે તેમના અસીલોને યોગ્ય માહિતી અને સમજ આપે તેવો આદેશ

૩. કોર્ટ પરિસરમાં સ્વચ્છતા અને કોર્ટ કંપાઉન્ડ તેમજ ફ્લોર જંતુમુક્ત રાખવા માટે જરૂરી કાર્યવાહી ના આદેશ

અનુસંધાન પાના નં. ૫

સતત ત્રીજો શુક્રવાર રોકાણકારો માટે કાળો દિવસ બન્યો, ભારે કડાકાને પગલે ૧૦ મિનિટમાં રૂ.૧૨,૨૧,૬૮૮ કરોડનું ધોવાણ

ઐતિહાસિક ૩,૩૦૦ અંક તૂટ્યા બાદ સેન્સેક્સમાં રિકવરી, ફરી ૧૧ લાખ કરોડનું ધોવાણ

મંદીની સર્કિટ લાગતા બજાર કામકાજને ૪૫ મિનિટ માટે બંધ કરવાની ફરજ પડી, બપોર બાદ ૧૦૦૦ અંક સાથે ઉછાળો જોવા મળ્યો

મુંબઇ

ભારતીય શેરબજારમાં કોરોના ઇફેક્ટથી ગઇકાલે ગુરૂવારે ૩૧૦૦ પોઇન્ટના કડાકાનું વલણ જોયા બાદ આજે શુક્રવારે કામકાજના સપ્તાહના છેલ્લાં દિવસે ફરીથી બજારમાં કામકાજ શરૂ થયાની ગણતરીની મિનિટોમાં બજારમાં ૩૦૦૦થી વધારે પોઇન્ટના કડાકા સાથે મંદીની સર્કિટ લાગતા બજાર કામકાજને ૪૫ મિનિટ માટે બંધ કરવાની ફરજ પડતા રોકાણકારોમાં હાહાકાર મચી ગયો હતો. અને બજારનું શુ થશે તેની ચારેકોર ચિંતા જોવા મળી હતી. ભારતીય શેરબજારના ઇતિહાસમાં આ સૌથી મોટુ ધોવાણ હતું. અને ભારે અફરા તફરીનો માહોલ જોવા મળી રહ્યો હતો. શેરબજારમાં ભારે કડાકાને પગલે ૧૦ મિનિટમાં રૂ.૧૨,૨૧,૬૮૮ કરોડનું ધોવાણ થતાં સતત ત્રીજો

અનુસંધાન પાના નં. ૫

ઇતિહાસમાં ચાર વખત નીચલી સરકિટ લાગી છે સેન્સેક્સમાં

- સૌથી પહેલી નીચલી સરકિટ ૨૧ ડિસેમ્બર,૧૯૯૦માં આવી હતી, જ્યારે સેન્સેક્સ ૧૬.૧૯ ટકા તૂટ્યો હતો. આ ઘટાડાનો કારણે શેરબજાર ૧૦૩૪.૯૬ના સ્તરે આવી ગયો હતો.
- સેન્સેક્સમાં બીજો સૌથી મોટો ઘટાડો ૨૮ એપ્રિલ, ૧૯૯૨માં આવ્યો હતો. ત્યારે સેન્સેક્સ ૧૨.૭૭ ટકા તૂટ્યો હતો. એ દિવસે શેરબજાર ૩,૮૯૬.૯૦ના સ્તરે બંધ થયો હતો.
- સેન્સેક્સમાં ત્રીજો સૌથી મોટ ઘટાડો ૧૭ મે, ૨૦૦૪એ આવ્યો હતો. જેમાં સેન્સેક્સ ૧૧.૧૪ ટકા તૂટ્યો હતો. સેન્સેક્સ ૪,૫૦૫.૧૬ના મથાળે બંધ થયો હતો.
- ગુરુવાર જેવો ઘટાડો ૨૦૦૮માં જોવા મળ્યો હતો. ૨૪ ઓક્ટોબર, ૨૦૦૮એ સેન્સેક્સમાં ૧૦.૯૬ ટકાનો ઘટાડો આવ્યો હતો. ત્યારે સેન્સેક્સ ૮,૭૦૧.૦૭ના સ્તરે બંધ થયો હતો.

કેજરીવાલ સરકારનો નિર્ણય, દિલ્હીમાં નહીં રમાય આઈપીએલની એક પણ મેચ

ન્યુ દિલ્હી

આઈપીએલને લઈને અત્યાર સુધીના સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. દેશભરમાં કોરોના વાયરસનો હાહાકાર છે ત્યારે દિલ્હીના નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કહ્યું કે, રાજધાની દિલ્હીમાં કોઈપણ પ્રકારના પબ્લિક કાર્યક્રમ નહીં થાય. આઈપીએલની એક પણ મેચ દિલ્હીમાં નહીં રમાય. આ નિર્ણય કોરોના વાયરસને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.

જોકે હજુ સુધી એ પણ સ્પષ્ટ નથી કે આઈપીએલ રમાશેકે નહીં, પરંતુ જો આઈપીએલ તેના નક્કી કાર્યક્રમ અનુસાર રમાય તો દિલ્હીમાં એક પણ મેચનું આયોજન નહીં થાય એટલું તો હાલમાં નક્કી છે. જણાવીએ કે આઈપીએલની ફ્રેન્ચાઈઝી દિલ્હી કેપિટલ પણ રમે છે અને દિલ્હી કેપિટલ માટે દિલ્હીનું ફિરોઝશાહ કોટલા એટલે કે અરૂણ જેટલી સ્ટેડિયમ હોમ ગ્રાઉન્ડ છે. દિલ્હીના નાયબ મુખ્યમંત્રીના નિર્ણય બાદ હવે ફરી એક વખત આઈપીએલના આયોજનને લઈને સવાલ

અનુસંધાન પાના નં. ૫

કોરોનાનું કારણ આપી બજેટ સત્ર સ્થગિત રાખવા કમલનાથ સરકારની હિલચાલ

રાજ્યપાલને મળ્યા કમલનાથ, કહ્યું - ફ્લોર ટેસ્ટ માટે તૈયાર, પણ ૨૨ સભ્યોને મુક્ત તો કરો

ભોપાલ

કોંગ્રેસ શાસિત રાજ્ય મધ્ય પ્રદેશમાં ચાલી રહેલી રાજકિય સંકટ અને ખેંચતાણ વચ્ચે મુખ્યમંત્રી કમલનાથે આજે શુક્રવારે રાજ્યપાલ લાલજી ટંડન સાથે મુલાકાત યોજીને પોતે સરકારનો ફ્લોર ટેસ્ટ કરાવવા તૈયાર હોવાનું જણાવીને ભાજપ ધારસભ્યોનું ખરીદ-વેચાણ કરી રહ્યું હોવાનો આરોપ મૂક્યો હતો. તેમણે રાજ્યપાલ સાથે એક કલાક બેઠક યોજીને પત્ર પણ આપ્યો હતો. જેમાં કોંગ્રેસના ૧૯ ધારાસભ્યોને "કેદ" કરાયા હોવાનો ઉલ્લેખ કરાયો હતો.. તે સાથે જ રાજ્યપાલને વિનંતી કરીને કહ્યું કે તેઓ(રાજ્યપાલ) ગૃહ મંત્રી અમિત શાહને બેંગલુરુમાં બંધક ધારાસભ્યોને મુક્ત કરવા માટે કહે. મુલાકાત પછી કમલનાથે કહ્યું હતું કે, હું ફ્લોર ટેસ્ટ માટે તૈયાર છું. પરંતુ ૨૨ ધારાસભ્યોને કેદ કરી લો અને પછી કહો કે ફ્લોર ટેસ્ટ કરાવો, તો એ કેવી રીતે શક્ય બને? ધારાસભ્યોના ભોપાલ પરત થવા વિશે મુખ્યમંત્રીએ કહ્યું- મને નથી ખબર કોણ આવી રહ્યું છે અને કોણ જઈ રહ્યું છે. બીજી તરફ કોરોના વાઇરસનું કારણ આગળ ધરીને કમલનાથ સરકારે વિધાનસભાના અધ્યક્ષને પત્ર લખીને બજેટ સત્ર મુલત્વી રાખવાની માંગણી કરી છે.

સૂત્રોએ કહ્યું કે, ભાજપમાં જોડાયેલા જ્યોતિરાદિત્ય સિંધિયા સમર્થક મંત્રી અને ધારાસભ્ય બપોર સુધી ભોપાલ પરત આવે તેવી શક્યતા છે. આ દરેક સિંધિયા ઉમેદવારી નોંધાવે ત્યારે હાજર રહે તેવી શક્યતા છે. તેઓ આજે વિધાનસભા અધ્યક્ષને પણ મળી શકે છે. કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહે બેંગલુરુથી પરત આવનાર ધારાસભ્યોને કોરોના વાઇરસના ઈન્ફેક્શનની આશંકા જણાવીને તેમના ટેસ્ટ કરાવવા કહ્યું છે. ૧૦ માર્ચે ભાજપમાં સામેલ થયેલા સિંધિયાને પાર્ટીએ રાજ્યસભા ચૂંટણી માટે ઉમેદવાર બનાવ્યા છે. આજે ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ છે. ભાજપ તરફથી સુમેર સિંહ સોલંકી અને કોંગ્રેસના અન્ય ઉમેદવાર ફૂલ સિંહ બરૈયા પણ ઉમેદવારી ફોર્મ ભરવાના છે. રાજ્યસભા ચૂંટણી માટે ૨૬

અનુસંધાન પાના નં. ૫

ખાનગી બેંકોમાં નાણાં સલામત, રાજ્ય સરકારો ડિપોઝીટ ન ઉપાડે : આરબીઆઇ

ન્યુ દિલ્હી

રિઝર્વ બેંકે કહ્યું શંકા રાખવાની જરૂર નથી: જો પૈસા ઉપાડશો તો બેંકિંગ અને ફાઈનાન્શિયલ સેકટર પર ખરાબ અસર થશે

યસ બેંકના મામલા બાદ દેશની બધી ખાનગી બેંકોને શંકાની નજરે જોવામાં આવી રહી છે. એવી સ્થિતિ ઊભી થઈ રહી છે કે ગ્રાહકો ખાનગી બેંકોમાંથી પિયા ઉપાડી સરકારી બેંકોમાં જમા કરાવી રહ્યા છે. કેટલાક રાયોની સરકારોએ પણ ખાનગી બેંકમાં રહેલા પિયા ઉપાડવાનું શ કરી દીધું છે, તે પછી રિઝર્વ બેંકે દરમિયાનગીરી કરી છે. આરબીઆઈએ રાય સરકારોને એવું ન કરવાની અપીલ કરી છે.

રિઝર્વ બેંકએ આ બાબતે બધા રાયોના મુખ્ય સચિવોને પત્ર લખીને કહ્યું કે, પ્રાઈવેટ બેંકોને લઈને જે આશંકાઓ ઊભી થઈ છે, તે ખોટી છે. જો રાય સરકારો આ રીતે પ્રાઈવેટ બેંકોમાંથી પિયા ઉપાડવાનું શ કરી દેશે તો તેનાથી બેંકિંગ અને ફાઈનાન્શિયલ સેકટર પર ખરાબ અસર પડશે.

રિઝર્વ બેંકે આ અપીલ ત્યારે કરી છે કે, યારે કેટલાક રિપોર્ટમાં એમ કહેવાયું છે કે ઘણા રાયોની સરકારોએ પ્રાઈવેટ બેંકમાં રહેલા પિયા ઉપાડવાનું શ કરી દીધું છે. તેમણે પ્રાઈવેટ બેંકમાંથી પિયા ઉપાડી સરકારી બેંકોમાં જમા કરાવવાનું શ કરી દીધું છે.

રિઝર્વ બેંકે રાય સરકારોને આગ્રહ કર્યો છે કે, જો તેમણે આ પ્રકારનો કોઈ નિર્ણય લીધો છે કે પછી લેવાની પ્રક્રિયામાં છે, તો તેના પર તેઓ

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઇચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.

(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

તંત્રી સ્થાનેથી...

હવામાનની માર વધી

સમયની સાથે સાથે જળવાયુ પરિવર્તનની માઠી અસર જોવા મળી રહી છે. આના માટે વૈશ્વિક દેશો દ્વારા ઉદાસીનતા છે. જળવાયુ પરિવર્તનને લઈને વિશ્વના દેશો દ્વારા જરૂરી પગલા લેવામાં આવી રહ્યા નથી જેના કારણે તેની અસર હવે દેખાવવા લાગી ગઈ છે. સ્થિતી વધારે ખરાબ પણ થઈ શકે છે. જળવાયુ પરિવર્તનની અસર હવે પહેલા કરતા વધારે મારક દેખાઈ રહી છે. તેની અસર પહેલા કરતા વધારે નુકસાન પણ કરી રહી છે. ઠંડી, ગરમી અને વરસાદ એમ તમામ સિઝનમાં તેમાં સેંકડો લોકોના મોત થઈ રહ્યા છે. સમગ્ર દુનિયામાં તો આ આંકડો હવે હજારોમાં પહોંચી ગયો છે. આ સંખ્યા તો માત્ર હવામાનની મારથી સીધી રીતે પ્રભાવિત થનાર લોકોની રહી છે. આનાથી અનેક ગણી વધારે સંખ્યા બિમારીઓ અને પોષક તત્વોના અભાવના કારણે થનાર મોત છે. જેનુ વાસ્તવિક કારણ તો વાતાવરણનુ સંતુલન બગડી જવા માટેનુ રહેલુ છે. અજીવ બાબત એ છે કે કુદરતી સંશાધનનો દુરુપયોગ સતત કરવામાં આવી રહ્યો છે. આના પર પ્રહારો થતા રહે છે. અમારા વિકાસના ભાગરૂપે દરરોજ સફળતાની નવી સિદ્ધી તો હાંસલ થઈ રહી છે પરંતુ તેના કારણે થનાર આડ અસરનો કોઈ ઈલાજ કોઈની પાસે દેખાઈ રહ્યો નથી. જળ સંકટને જ લેવામાં આવે તો દેશની સ્થિતી એટલી ખરાબ થઈ ગઈ છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પોતે એવી અપીલ કરવી પડી છે કે જળ ભંડારણના પરંપરાગત તરીકા અને પોરાણિક જ્ઞાનના પસાર કરવામાં આવે તો વધારે ફાયદો થશે. આ એવા તરીકા છે જે વિકાસની ભાગદોડ અને અન્ય કારણોસર દેશમાંથી ગાયબ થઈ રહ્યા છે. હવે કદાચ જ કોઈ એવા શહેર રહ્યા હશે જે જુના તળાવો અને કુઆ પર કબજો જમાવ્યા વગર વિકસિત થયા છે. નદીઓ, તળાવો અને કુઆ હવે માત્ર એવા જ વિસ્તારમાં સજીવન રહ્યા છે જે વિસ્તાર કોઈ કારણસર વિકાસની પ્રચલિત માન્યતાઓથી દુર રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અપીલ બાદ તેની આશા કરવામાં આવી શકે છે કે સરકાર હવે આ દિશામાં વધારે સંવેદનશીલ નજરે પડશે. પારંપરિક જ્ઞાનમાં સદીઓના અનુભવનો સમાવેશ થાય છે. જેથી વિપરિત સ્થિતીમાં હમેંશા અમારા કામમાં આવે છે. જળ સંચયને પણ આવાજ એક મામલા તરીકે જોવામાં આવે છે. જુદા જુદા ભૌગોલિક સ્થિતીવાળા દેશમાં જળ સંચયના પણ જુદા જુદા તૌર તરીકા વિકસિત કરવામાં આવ્યા છે. રાજસ્થાનની ભૌગોલિક સ્થિતીમાં તળાવની સાથે સાથે નાડી, ગામ અને ઘરમાં બનાવવામાં આવેલા પાણીની ટાંકીઓઉપયોગી રહે છે. જો કે આમાં પણ હવે મોટા ભાગના ખરાબ હાલતમાં છે. આવી જ રીતે ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં પહાડી વિસ્તારોમાંથી નિકળનાર પાણીને બચાવીને રાખવા માટેના જુદા જુદા તૌર તરીકા વિકસિત થયેલા છે. જેમાં પથ્થરોને કાપીને પાણીના ટાંકી બનાવવામાં આવી છે. સાતમી શતાબ્દીમાં બનાવવામાં આવેલા આવા આશરે ૬૪ હજાર જળ મંદિરોમાંથી આશરે ૬૦ હજાર હવે સારી રીતે જાળવણી ન કરવાના કારણે ખરાબ હાલતમાં છે. દરિયા કાઠાના વિસ્તારોમાં જળના જતન માટે પણ જુદા જુદા પ્રયોગ પહેલા કરવામાં આવતા હતા.

વિકાસની વર્તમાન સમજને બદલ્યા વગર શુ જળ સંચયના તરીકા જાળવી શકાય ?

સમયસર વિદેશીઓની અવરજવર પર બ્રેક મુકવાની જરૂર હતી...

કોરોના સતત તબાહી મચાવી શકે

ભારતમાં જે રીતે કેસોની સંખ્યા વધી છે તે જોતા કહી શકાય છે કે ચેતવણી-સાવધાનીની સુચના કઠોર રીતે લાગુ કરાઈ નથી

કોરાના વાયરસના કેસો ભારતમાં ચિંતાજનક રીતે વધી રહ્યા છે. આના કારણે કેટલીક બાબત ઉભરીને સપાટી પર આવી છે. કોરાના વાયરસને લઈને ભારતની તૈયારી કેટલી રહી છે તે બાબત પણ હાલના કેસોથી સાબિત થાય છે. કોરોના વાયરસના વધતા જતા કેસોની વચ્ચે બુધવારના દિવસે ચિંતિત રહેલી કેન્દ્ર સરકારે દુનિયાભરના દેશો સાથે ભારતના સંપર્કને થોડાક સમય માટે તોડી નાંખતા આની ચર્ચા દેશના લોકોમાં રહી હતી. લોકોને વધુ સુરક્ષા આપવા અને કોરોનાના ફેલાવાને રોકવા માટે આ નિર્ણય કરવામાં આવ્યા હતા.કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયને યોગ્ય કહી શકાય છે. અલબત્ત આ નિર્ણય લેવામાં સમય લાગ્યો છે જેથી કેસોની સંખ્યામાં વધારો થઈ ગયો છે. કેન્દ્ર સરકારે તમામ દેશોમાંથી આવતા લોકોની અવરજવર પર બ્રેક મુકી દીધી છે. મોદી સરકારે દરેક પ્રકારના વીઝાને રોકી દીધા છે. વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા કોરોના વાયરસને ખતરનાક વૈશ્વિક બિમારી જાહેર કરી દીધી છે. કેન્દ્ર સરકારના નિર્ણયની ચારેબાજુ પ્રશંસા થઈ રહી છે. અમેરિકા સહિતના વિશ્વના દેશો પહેલાથી જ આવા નિર્ણય લઈ ચુક્યા છે. કોરોના વાયરસ હવે એક એવી બિમારી છે જે દુનિયાના મોટા ભાગના દેશોમાં ફેલાઈ ચુકી છે. ભારતમાં હજુ સુધી કોરોનાના ૭૬ કેસો નોંધાઈ ચુક્યા છે. જે પૈકી ૧૭ વિદેશી નાગરિકો છે. આ સંખ્યા સતત વધી રહી છે. મોટા ભાગના મામલામાં રોગીઓનો ઇતિહાસ વિદેશ યાત્રા સાથે સંબંધિત છે. જેથી માનવામાં આવે છે કે જો પહેલાથી જ વિદેશી લોકોની અવરજવર પર બ્રેક મુકી દીધી હોત તો દેશમાં કોરોનાના એટલા મામલા સપાટી પર ન આવ્યા હોત. રોગીઓની સંખ્યામાં સતત વધારો દર્શાવે છે કે ચેતવણી અને અલર્ટને લઈને કરવામાં આવેલી જાહેરાતોને યોગ્ય રીતે અને કઠોર રીતે પાળવામાં આવી નથી. જેથી તેના કેસોમાં વધારો થયો છે. જાણકાર લોકો કહે છે કે ભારતમાં વાતાવરણ ગરમ રહે છે જેથી જેથી ગરમી વધવાના કારણે તેની અસર ઘટી શકે છે. જેથી તેના ફેલાવાને જાતે રોકી શકાય છે. જો કે આ ખતરો ટળી જાય તેમ નથી. સાનુકુળ વાતાવરણ રહેવાની સ્થિતીમાં આવનાર વર્ષોમાં કોરોના ફરી હાહાકાર મચાવી શકે છે. જર્મન ચાન્સલર અંગીલા માર્કેલે ત્યાંની સંસદમાં કહ્યુ છે કે આવનાર વર્ષોમાં ૭૦ ટકા વસ્તીમાં આ વાયરસ તેની અસર કરી શકે છે. તેમના આ નિવેદનથી સાંસદોની ચિંતા વધી ગઈ હતી. જર્મનીએ આના માટે મુલ્યાંકનની કામગીરી કરી છે. ભારત આના માટે તૈયાર છે તેવા પ્રશ્ન થઈ રહ્યા છે. માનવીના આરોગ્ય માટે તો કોરોના ઘાતક છે. સાથે સાથે આર્થિક ક્ષેત્ર માટે પણ તે ખતરનાક છે. કોરોના વાયરસ વૈશ્વિક બજારો માટે કહેર બનીને તુટી પડતા ચિંતાનુ મોજુ છે. હવે આ બાબત સ્પષ્ટ થઈ ગઈ છે કે દુનિયાભરની અર્થવ્યવસ્થા તેના સકંજામાં આવી ચુકી છે. ગયા રવિવારના દિવસે જ સાઉદી અરેબિયાએ રશિયાની સાથે ક્રુડ ઓઈલના ઉપાદન પર સમજુતી તોડીને એક પ્રકારથી કિંમતોને લઈને વોરની જાહેરાત કરી દીધી હતી. જેની અસર દુનિયાના શેરબજારમાં જોવા મળી હતી. કોરોના વાયરસે તેલના ખેલને એક નવા રંગ રૂપ આપી દેતા નવી ચિંતા રહેલી છે. પ્રમુખ તેલ ઉત્પાદક દેશ સાઉદી અરેબિયા પહેલા કિંમતોને સ્થિર કરવા માટે ઉત્પાદનને ઘટાડી દેવા માટે ઈચ્છુક હતુ. જો કે અમેરિકા દ્વારા ચીનને તેલ પુરવઠો આપવાની જાહેરાત બાદ તેના દ્વારા ઉત્પાદનને વધારી દેવાની જાહેરાત કરીને તમામને ચોંકાવી દીધા છે. સાઉદી અરેબિયા દ્વારા છેડવામાં આવેલા પ્રાઈસ વોરની અસર હવે કેટલી રહે છે તે બાબત આવનાર દિવસોમાં નક્કી કરી શકે છે. બદલાઈ રહેલા તમામ સમીકરણ પર અમને હવે નજર રાખવાની જરૂર છે. કોઈ પણ કિંમતે પોતાના હિતોને ધ્યાનમાં રાખીને સર્વોચ્ચ પ્રાથમિકતા સાથે આગળ વધવાની જરૂર છે. તૈયારીને લઈને વધુ કઠોર બનવાની જરૂર છે. કોરોના વાયરસને લઈને હાલમાં તો દુનિયાના દેશો હચમચી ઉઠ્યા છે. કોરોના વાયરસના કારણે વિશ્વના ૧૨૭ દેશો હવે સકંજામાં આવી ગયા છે. જ્યારે કુલ કેસોની સંખ્યા વધીને ૧૩૪૮૦૪ સુધી પહોંચી ગઈ છે. મોતનો આંકડો વધીને ૪૯૮૪ સુધી પહોંચી ગયો છે. રિક્વર થયેલા લોકોની સંખ્યા ૭૦૩૯૪ સુધી પહોંચી ગઈ છે.કોરોના વાયરસના કારણે ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં યુબેઈ પ્રાંત છે. ચીનના જુદા જુદા શહેરોમાં ૬ કરોડથી વધારે લોકો હાલ નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. ભારતમાં પણ મોટી સંખ્યામાં લોકો નિરીક્ષણ હેઠળ છે.



કોરોનાએ દુનિયાભરમાં સકંજો જમાવ્યો

પૈનડેમિક કોરોના વાયરસ

વિશ્વ આરોગ્ય સંગઠન (વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન) એટલે કે ડબલ્યુએચઓએ હજુ સુધી ૧૨૬ દેશોમાં તેના સકંજાને મજબુત બનાવી દીધો છે. આ તમામ દેશોમાં લોકો કોરોનાના પ્રભાવમાં આવી ગયા છે. લાખો કેસો નોંધાઈ ચુક્યા છે. પાંચ હજારની આસપાસ લોકોના મોત થયા છે. કોરોના વાયરસને આખરે ગ્લોબલ પેનડેમિક અટલે કે દુનિયામાં ફેલાયેલી બિમારી તરીકે જાહેર કરવામાં આવી છે. ડબલ્યુએચઓ દ્વારા બુધવારના દિવસે આની જાહેરાત કરી હતી. ડિસેમ્બરથી ચીનના વુહાન શહેરથી આની શરૂઆત થઈ હતી. ખુબ રોકેટ ગતિથી આ વાયરસે સમગ્ર વિશ્વના દેશોમાં આતંક મચાવી દીધો છે. માર્ચ મહિનાના અંત સુધી વાયરસના અંત થવાના કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. જો કે વાયરસ સતત ફેલાઈ રહ્યો છે. આવી સ્થિતીમાં સવાલ ઉઠી રહ્યો છે કે પેનડેમિક આખરે શુ છે. પેનડેમિક અને એપિડેમિક વચ્ચે અંતર શુ છે. પેનડેમિક એવી ઈન્ફેક્શન બિમારીને કહેવામાં આવે છે જે કોઈ એક જગ્યાએ ફેલાઈ ગયા બાદ કેટલાક દેશો અને મહાદ્વિપ સુધી પહોંચી જાય છે. કોઈ પણ બિમારીને પેનડેમિક એ વખતે કહેવામાં આવે છે જ્યારે તેની અસર એકદેશથી અનેક દેશોમાં ફેલાઈ જાય છે.

સાવધાની નહીં રાખવાની સ્થિતીમાં ખતરો વધી જાય છે....

જરૂર કરતા વધુ બચાવ ઉપાય જોખમી

કેટલાક લોકો એવા પણ છે જે જોખમથી દુર રહેવામાં જ પોતાની ભલાઈ સમજે છે : કેટલાક માસ્ક પહેરીને સમજે છે કે તેઓ સુરક્ષિત થયા છે

કોરોના વાયરસના સંબંધમાં જેટલી જાગરુકતા ફેલાવવામાં આવી હતી તે જ ગતિથી લોકોએ બચાવના ઉપયા પણ શરૂ કરી દીધા હતા. કેટલાક દેશોમાં તો તેના દુષ્પરિણામ પણ જોવા મળી રહ્યા છે. પોતાને બચાવી લેવા માટે લોકોએ એટલી ઝડપથી માસ્ક, જન્તુનાશક અને સેનેટાઈઝરની ખરીદી કરી હતી કે હવે બજારમાં તેની કમી થઈ ગઈ છે. ચિંતાનો વિષય તો એ છે કે કોરોના શકાસ્પદો અને દર્દીઓની સારવાર કરનાર જે આરોગ્ય કર્મચારીઓને આ માસ્કની હકીકતમાં જરૂર છે તે કર્મચારીઓને માસ્ક મળી રહ્યા નથી.કેટલાક તથ્યોની અવગણના કરવામા આવી રહી છે. આ બાબતની અવગણના થઈ રહી છે કે એક સ્વસ્થ વ્યક્તિને માસ્ક પહેરી લેવાથી કોઈ ફાયદો થઈ રહ્યો નથી.સતત માસ્ક પહેરીને રાખીને આગળ વધવાની બાબત પણ યોગ્ય નથી. સેનેટાઈઝરનો વારંવાર ઉપયોગ કરવામાં આવે તો તે બાબત પણ વ્યવહારમાં ફેરફાર કરાવે છે. માનવ જીવનમાં જોખમ તો સતત રહેલા છે. કાર ચલાવવાથી લઈને શેરબજારમાં પણ જોખમ રહેલા છે. જાહેર સ્થળો પર કોરાના વાયરસની અસર થવાની શક્યતા દેખાઈ રહી છે. જેના કારણે રેલવે સ્ટેશન બસ સ્ટેન્ડ તેમજ તબીબો તેમજ હોસ્પિટલમાં જવાની બાબત પણ ખતરાથી ખાલી દેખાઈ રહી નથી. લોકોને ભય છે કે ત્યાં જવાની સ્થિતીમાં કોઈ વાયરસના સંકજામાં ન આવી જઈએ. બચાવના ઉપાય પણ દરેક જગ્યાએ રહેલા છે. વૈજ્ઞાનિકોની વાત પણ વિશ્વાસ કરવામાં આવે તો વર્તન તમામ પ્રયાસોને નિષ્ફળ બનાવી દે છે. કોરોના વાયરસની કમજોર કડી તરીકે મોટી વયના લોકો અને સામાન્ય રોગી તરીકે છે. જે સામાન્ય રીતે રોગના સકંજામાં આવી જાય છે. માસ્ક અને સેનેટાઈજરનો ઉપયોગ કરીને તેઓ જાહેર ભાગીદારીમાં તો સામેલ થઈ શકે છે પરંતુ જન આરોગ્ય અધિકારીઓની ચિંતા તો પહેલાની જેમ છે. કેટલીક ગેર સમજ લોકોમાં ફેલાયેલી રહેલી છે. કેટલાક લોકો તો માસ્ક પહેરીને સ્વસ્થ થઈ જાય છે તેઓ માને છે કે તેઓ હવે સુરક્ષિત છે. આવી સ્થિતીમાં આ લોકો હાથ ધોવા અને રોગીથી દુરી રાખતા નથી. સાવધાનીને ભુલી જાય છે. જેના કારણે ઈન્ફેક્શનનો ખતરો વધી જાય છે. કેટલાક એવા લોકો પણ છે જે જોખમથી દુર રહેવાનુ પસંદ કરે છે. જીવલેણ કોરોના વાયરસના કેસો વધવા માટેનુ મુખ્ય કારણ આ દિશામાં રાખવામાં આવેલી બેદરકારી રહેલી છે. જેના કારણે તબીબોની સામે દર્દીને બચાવી લેવા માટેની બાબત પડકારરૂપ બની જાય છથે. તાજેતરમાં એક મોટી વયની વ્યક્તિને કોરોનાની અસર હોવાના હેવાલ મળ્યા હતા. જે દુબઈથી પરત ફર્યા હતા. તે પહેલા એક ઈટાલિયન દપંતિને પણ અસર દેખાઈ હતી. કેટલીક હોસ્પિટલ તો કોરોનાના લક્ષણ જોઈને જ દર્દીને હોસ્પિટલમાં દાખલ કરવાનો ઈન્કાર કરી દે છે. સ્વાભાવિક છે કે કેટલીક હોસ્પિટલ પણ કોરોનાના લક્ષણને જોઈને દર્દીની અવગણા કરી રહ્યા છે. અહીં પ્રશ્ન નૈતિક જવાબદારીનો ઉઠે છે. જો કે સામાન્ય નાગરિકની પણ તબીબો અને હોસ્પિટલ પહેલા જવાબદારી બને છે. ઈટાલી સહિતના દેશોમાં કેટલાક નવા આદેશ જારી કરવામાં આવી રહ્યા છે. કારણ કે દર્દીઓની સંખ્યા વધી રહી છે. તબીબો અને નર્સ માટે દરેક દર્દીને પુરતો સમય આપવાની બાબત શક્ય દેખાઈ રહી નથી. તેમની પાસે ઓક્સીજન મશીન અને અન્ય જરૂરી સાધનો દેખાઈ રહ્યા નથી. કોરાના વાયરસના કારણે વિશ્વના દેશોમાં હાહાકારની સાથે સાથે ભારતમાં પણ કેસોની સંખ્યા હવે ઝડપથી વધવા લાગી ગઈ છે. કેરળ સહિત સમગ્ર દેશમાં હાઈ એલર્ટની જાહેરાત પહેલથી જ કરવામાં આવી છે. દેશમાં સૌથી પ્રભાવિત રાજ્યોમાં કેરળ પ્રથમ છે. સરકાર દ્વારા કેટલાક પગલા લેવામાં આવી રહ્યા છે. જેમાં વાયરસના ફેલાવાને રોકવા માટે મહિનાના અંત સુધી તમામ શૈક્ષણિક સંસ્થાઓ અને સિનેમા હોલને બંધ રાખવા સહિતના કેટલાક નિર્ણય કરવામાં આવી ચુક્યા છે. ભારતમાં કોરોના વાયરસને રોકવા માટે એક પછી એક પગલા લેવામાં આવી રહ્યા છે છતાં પણ ધીમીગતિએ કેસોમાં વધારો થયો છે. દેશમાં ૩૦ વિમાની મથકો પર યાત્રીઓ માટે યુનિવર્સલ સ્ક્રિનિંગની પ્રક્રિયા ચાલી રહી છે.



રિસર્ચ સ્ટોરી : વધારે પ્રમાણમાં ઉપયોગ જોખમી

જંક ફુડ : એલર્જીનુ કારણ

જંક ફુડ દરેક વયની વ્યક્તિને નુકસાન કરે છે. આ સંબંધમાં વારંવાર અભ્યાસના તારણો જારી કરવામાં આવે છે. નિષ્ણાંત તબીબો પણ જંક ફુડ ન ખાવા માટેની સલાહ વારંવાર આપતા રહે છે. જંક ફુડ અનેક પ્રકારની બિમારીઓને આમંત્રણ આપે છે. એલર્જી માટે કારણ પણ બને છે. હવે હાલમાં રિસર્ચ કરવામાં આવ્યા બાદ તેના તારણ પણ જારી કરવામાં આવ્યા છે. જેમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે જંક ફુડના વધારે ઉપયોગના કારણે બાળકોમાં ફુડ એલર્જી થવાનો ખતરો રહે છે. તેમની યાદ શક્તિમાં પણ માઠી અસર થાય છે. યુનિવર્સિટી ઓફ નેપલ્સ ફેડરિક (ઈટાલી)માં છમાંથી ૧૨ વર્ષની વયના ૬૧ બાળકો પર કરવામા આવેલા અભ્યાસ બાદ તેના તારણ જારી કરવામાં આવ્યા છે. વધારે પ્રમાણમાં ઉપયોગના કારણે એડવાન્સ્ડ ગ્લાઈકેશન એન્ડ પ્રોડક્ટસનુ પ્રમાણ વધી જાય છે. આના કારણે ત્રણ પ્રકારની એલર્જી હોય છે. પ્રથમ ફુડ એલર્જી છે. બીજી શ્વાસ લેવા સાથે સંબંધિત અને ત્રીજી એલર્જી હેલ્થ રિક્વરીમાં વિલંબ હોય છે. માઈક્રોવેવમાં બનેલા ફુડ બારબેક્યુ, વધારે પ્રમાણમાં મીઠુ, ખાંડયુક્ત ફુડ એલર્જી માટે જવાબદાર છે. નિષ્ણાંતોની વાત પર વિશ્વાસ કરવામાં આવે તો જંકફુડમાં પિજર્વેટિવ અને અન્ય અનેક પ્રકારના સોલ્ટ હોય છે. શરીરમાં વધારે પ્રમાણમાં હોવાની સ્થિતીમાં તે એલર્જી વધારે છે. વધારે જંક ફુડ ખાનારમાં અસ્થમા, એગ્જિમા તેમજ આંખમાંથી પાણી આવવાની સમસ્યા હોય છે. આનાથી બચવા માટે એન્ટીઓક્સીડેન્ટ યુક્ત ફળફળાદી અને શાકભાજીનો ઉપયોગ કરવામાં આવે તે જરૂરી છે. આધુનિક સમયમાં ભાગદોડની લાઈફમાં મોટા ભાગના લોકો જંક ફુડ પર આધારિત થઈ ગયા છે. સમયના અભાવના કારણે જંક ફુડનો ઉપયોગ કરી લેવામાં આવે છે.

ફિલ્મી ગપસપ...



"લોસ્ટ ટ્રાન્સમિશંસન્સ" ના લેખક / દિગ્દર્શક, ડાબેરી, કેથરિન ઓ બ્રાયન લોસ એન્જલસમાં લોસ એન્જલસ ફિલ્મ સ્કૂલ ખાતે ફિલ્મની વિશેષ સ્ક્રિનીંગમાં કાસ્ટ સભ્ય જૂનો મંદિર સાથે પોઝ આપે છે.

અમિતાભે અવધી ભાષામાં કવિતા ગાઈ કોરોના વાયરસને ઠેંગો બતાવ્યો

મુંબઈ

દિલ્હીમાં ૩૧ માર્ચ સુધી સ્કૂલ, કોલેજ તથા થિયેટર્સ બંધ કરી દેવામાં આવ્યા છે. બોલિવૂડ પણ કોરોનાવાઈરસને લઈ જાગરૂકતા ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. હાલમાં જ અમિતાભ બચ્ચને ચાહકોને સલામત રહેવા અને ધ્યાન રાખવાની અપીલ કરી હતી. અમિતાભ બચ્ચને ટ્વિટર પર એક વીડિયો શેર કર્યો હતો. આ વીડિયોમાં તેમણે અવધી ભાષામાં એક કવિતા ગાઈ હતી અને કોરોનાવાઈરસને લઈ અવેરનેસ ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે અમિતાભ બચ્ચનની આ કવિતા તેમના બાબુજી હરિવંશરાય બચ્ચનની 'ઈર બીર ફત્તે'વાળી સ્ટાઈલમાં હતી.




એનો અર્થ એ હતો કે લોકો સારવારને લઈને અનેક ઉપાયો બતાવે છે, તેમાંથી આપણે કોનું સાંભળીએ? એક એમ કહે છે કે કલોંજી પીવી જોઈએ તો કોઈક કહે છે કે આંબળાનો રસ પીઓ. તો એક કહે છે કે આપણે ઘરે જ રહેવું જોઈએ. અનેક લોકો એમ કહે છે કે સાબુથી હાથ ધોયા વગર કોઈને સ્પર્શ કરવો જોઈએ નહીં. હું માનું છું કે આપણે આ જ ઉપાય અજમાવવો જોઈએ. આમ કરવાથી જ કોરોનાવાઈરસને ઠેંગો બતાવી શકીશું. અમિતાભ બચ્ચને થોડીક જ મિનિટ્સની અંદર આ કવિતા જાતે લખી હતી. ઉલ્લેખનીય છે કે અમિતાભ બચ્ચને આ કવિતા બ્લોગ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક તથા ટ્વિટર પર શેર કરી હતી. અમિતાભનો આ વીડિયો ચાહકોને ઘણો જ પસંદ આવ્યો છે.

યુનિસેફના પ્રોજેક્ટ્સને લઈ તસવીરો શેર કરી

અમિતાભ બચ્ચને યુનિસેફના પ્રોજેક્ટ્સ હેઠળની કેટલીક તસવીરો શેર કરી હતી, જેમાં તેઓ કોવિડ ૧૯ (કોરોનાવાઈરસ)ને લઈ ચાહકોને જાગૃત કરતા જોવા મળશે.

નોંધનીય છે કે ભારતમાં કોરોનાવાઈરસના અત્યાર સુધી ૭૫ કેસ સામે આવી ચુક્યા છે, જેમાં કર્ણાટકમાં વાઈરસના કારણે એક ૭૫ વર્ષીય વૃદ્ધનું મોત થયું છે. ઈટલીમાં કોરોનાવાઈરસથી મૃતકોનો આંકડો અત્યાર સુધીમાં ૧,૦૧૬ થયો છે. અત્યાર સુધી ઈટલીમાં કુલ ૧૫,૧૧૩ લોકો સંક્રમિત થયા છે. ચીન બાદ કોરોનાવાઈરસની સૌથી વધારે અસર ઈટલી અને ઈરાનમાં જ જોવા મળી છે. ઈટલીમાં સારવાર બાદ ૧,૨૫૮ લોકો સ્વસ્થ પણ થયા છે. દુનિયાભરમાં કોરોનાવાઈરસથી મરનારા લોકોની સંખ્યા ૪૯૭૩ થઈ છે. વિશ્વમાં કોરોનાવાઈરસના કુલ ૧,૩૪,૬૭૯ કેસ અત્યાર સુધી સામે આવ્યા છે.

કાઈલી જેનરે તોડ્યા બધા રેકોર્ડ, બોલ્ડ વીડિયો શેર કરીને સનસની મચાવી




ન્યુયોર્ક

અભિનેત્રી અને મૉડલ કાઈલી જેનર હંમેશા પોતાની ભરપૂર હૉટનેસથી બધાનુ દિલ જીતી લે છે. તેની બોલ્ડનેસ જોઈને તો બધાને પરસેવો છૂટી જાય છે, પછી ભલે મોસમ કોઈ પણ હોય. કાઈલી પોતાના આ હૉટ અને બોલ્ડ અવતાર માટે સમાચારોમાં છવાયેલી રહે છે.

કાઈલી મેકઅપની દુનિયામાં પણ ધમાલ મચાવી રહી છે અને સારી કમાણી કરી રહી છે. તમને જણાવી દઈએ કે કાઈલી કૉસ્મેટિક કંપની કાઈલીકૉસ્મેટિક્સની માલિક છે. કાઈલીકૉસ્મેટિક્સની કમાણી સાથે તે માત્ર ૨૨ વર્ષની ઉંમરે કમાણી મામલે ટૉપ પર છે.

કાઈલી પાસે નામ અને ફેમ બંને વસ્તુ છે. તે હૉટનેસ મામલે બધાને મ્હાત આપે છે. સોશિયલ મીડિયા પર તો હંમેશા કાઈલીનો જલવો જળવાઈ રહે છે. તે પોતાના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટ પર પોતાના ખૂબ જ સેક્સી ફોટો અને વીડિયો શેર કરીને સનસની મચાવી દે છે. દુનિયાભરમાં કાઈલીને લોકો ચાહે છે.

મલાઈકા અરોરાએ પહેર્યું ન્યૂડ શેડનુ જિમવેર, લોકો ભડક્યા, કરી ભદ્દી કમેન્ટ્સ



મુંબઈ

બૉલિવૂડની બિન્દાસબાલા મલાઈકા અરોરા હાલમાં સોશિયલ મીડિયા યુઝર્સના નિશાના પર છે. કારણ છે તેનો વાયરલ થયેલો જિમ લુક, જેમાં તે ન્યૂડ કલરનો બૉડી હગિંગ જિમવેર પહેરેલી દેખાઈ રહી છે ત્યારબાદ લોકો તેના લુક પર ગંદી કમેન્ટ કરી રહ્યા છે. હાલમાં લોકોને જડબાતોડ જવાબ આપનારી મલાઈકા તરફથી કોઈ પ્રતિક્રિયા નથી આવી પરંતુ લોકો તેને કપડા માટે સતત ટ્રોલ કરી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે મુંબઈમાં જિમ જતા સ્પૉટ થયેલી મલાઈકા અરોરાએ ન્યૂડ કલરના બૉડી હગિંગવેર પહેર્યુ હતુ જેમાં તે ઘણી ગ્લેમરસ દેખાઈ રહી હતી. જેને જોઈને અમુક યુઝર્સે તો તેના બોલ્ડ લુક અને હિંમતની પ્રશંસા કરી પરંતુ અમુક લોકોએ આના પર ઘણા ભદ્દી અને અશ્લીલ કમેન્ટ કરી છે. અમુકે તો મલાઈકાને પૂછ્યુ છે કે કંઈ પહેર્યું છે કે નહિ, તો અમુકે લખ્યુ છે કે કંઈક તો શરમ કર.

તમને જણાવી દઈએ કે મલાઈકા ભારતીય અભિનેત્રી ડાંસર, મૉડલ, વીજે અને ટેલીવિઝન પ્રેઝન્ટર છે, તે ભારતની ટૉપ આઈટમ ગર્લ્સમાંની એક છે. તે છૈંયા છૈંયા અને મુન્ની બદનામ હુઈ ગીતમાં પોતાના ડાંસના કારણે જાણીતી છે.

કિઆરા અડવાણી: સફળતાને દોહરાવશે



મુંબઈ

કિઆરા અડવાણીનું નસીબ બહુ ચમકી રહ્યું છે. તેને સારી સારી ફિલ્મો મળવા લાગી છે. આ વર્ષે એટલે કે ૨૦૨૦માં તો તે બહુ વ્યસ્ત છે. તેના હાથમાં અત્યારે મોટી મોટી ચાર ફિલ્મો છે, જેમાં તેની સામે સલમાન ખાન, અક્ષય કુમાર જેવા હીરો છે. આ ફિલ્મો સ્ટારકાસ્ટ, વિષય અને તેના સ્તરની દૃષ્ટિએ બહુ સારી અને મોટી ફિલ્મો છે. આથી ૨૦૨૦નું વર્ષ તેના માટે બહુ સારું જશે. બૉલીવૂડની આ ગોર્જિયસ અભિનેત્રી હવે સ્ટાર અભિનેત્રીઓની હરોળમાં આવી જશે. 'ફગલી' ફિલ્મથી ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કરનાર કિઆરાએ સુશાંત સિંહ રાજપૂત સ્ટારર ફિલ્મ 'એમએસ ધોની: ધ અનટોલ્ડ સ્ટોરી'માં સાક્ષી ધોનીનું પાત્ર ભજવીને લોકપ્રિયતા મેળવી હતી. તે પછી ૨૦૧૯માં આવેલી તેની 'મશીન' ફિલ્મ ફ્લોપ નીવડી હતી.

રમત જગત વિશેષ

ઓસ્ટ્રેલિયન દિગ્ગજ ખેલાડી કેન રિચર્ડસનમાં કોરોના જોવા મળ્યા લક્ષણો, ટીમથી અલગ



મેલબોર્ન

કોરોના વાયરસના સંક્રમણ આખી દુનિયામાં દિવસેને દિવસે વધતું જઈ રહ્યું છે. હવે ક્રિકેટની દુનિયામાં પણ કોરોના વાયરસ પોતાની લય પકડી રહ્યો છે. ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ મેચ પહેલા ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલર કેન રિચર્ડસનમાં કોરોના સંક્રમણના લક્ષણો જોવા મળ્યા છે. હાલ આ ક્રિકેટરને ટીમમાંથી અલગ કરી દેવામાં આવ્યો છે. જો કે, હાલ તેનો લોહીનો રિપોર્ટ આવ્યો નથી. તમને જણાવીએ કે ઓસ્ટ્રેલિયન ટીમ હાલમાં સાઉથ આફ્રિકાના પ્રવાસેથી પાછી ફરી છે.

આજે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડમાં ઓસ્ટ્રેલિયાની ટીમ પહોંચી તો ટીમમાં કેન નહોતો. તેણે ગઈકાલે રાત્રિના સમયે મેડિકલ સ્ટાફને ગળામાં પ્રોબ્લેમ હોવાની ફરિયાદ કરી હતી. ત્યારબાદ કેનના ઈંફેંઢ-૧૯ની તપાસ માટે તેના સેમ્પલ લેવામાં આવ્યા હતા. કહેવામાં આવી રહ્યું છે કે, ૨૯ વર્ષીય ખેલાડીના રિપોર્ટની રાહ જોવાઈ રહી છે. રિપોર્ટ નેગેટિવ આવ્યો તો કેન તાત્કાલિક ટીમમાં સામેલ થશે નહીં તો અલગ કરવામાં આવશે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયાના પ્રવક્તાએ જણાવ્યું કે, અમારો મેડિકલ સ્ટાફ હાલ ગળામાં ઈન્ફેક્શન માનીને સારવાર કરી રહ્યો છે, પરંતુ અમે ઓસ્ટ્રેલિયા સરકારના પ્રોટોકૉલનું પાલન કરી રહ્યા છીએ. જેના કારણે અમે બીજા સભ્યોથી કેનને અલગ રાખવામાં આવ્યો છે. તેની હાલ તપાસ ચાલું છે. તે ૧૪ દિવસો પછી વિદેશી પ્રવાસ પછી પોતાના ઘરે પાછો ફર્યો છે. એકવાર અમને ટેસ્ટ રિઝલ્ટ મળી જાય અને તે રિકવરી કરી લેશે તો થોડાક જ દિવસોમાં તે ટીમમાં પાછો ફરશે. અત્યારે અમે કેન વિશે વધારે કહી શકીએ તેમનથી.

ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ પહેલા વનડેમાં કેનના સ્થાને સીન એબોર્ટને સામેલ કરવામાં આવ્યો છે. આજે બન્ને ટીમોની વચ્ચે પહેલી મેચ રમાશે. સિડની ક્રિકેટ ગ્રાઉન્ડમાં આ મેચ દર્શકો વગર રમાશે.

કેપ્ટન ઉનડકટે અંતિમ દિવસે બંગાળની છેલ્લી ૪માંથી ૨ વિકેટ ઝડપી અને ૧ રનઆઉટ કર્યો., સૌરાષ્ટ્ર ૪૨૫ અને બંગાળ ૩૮૧ રનમાં ઓલઆઉટ

બંગાળ સામે પ્રથમ ઈનિંગ્સની લીડના આધારે ૭૬ વર્ષ પછી ચેમ્પિયન બન્યું સૌરાષ્ટ્ર

રાજકોટ

સૌરાષ્ટ્રની ટીમ રણજી ટ્રોફી ૨૦૧૯-૨૦ની ફાઈનલમાં પાંચમા દિવસે રાજકોટ ખાતે પ્રથમ ઈનિંગ્સમાં લીડના કારણે ટેક્નિકલ રીતે ચેમ્પિયન બની ગયું છે. સૌરાષ્ટ્ર પ્રથમ દાવમાં ૪૨૫ રનમાં ઓલઆઉટ થયું હતું. જવાબમાં બંગાળ ૩૮૧ રન જ કરી શક્યું હતું. નિયમ અનુસાર મેચ ડ્રો થાય તો ફર્સ્ટ ઈનિંગ્સ લીડના આધારે ચેમ્પિયન જાહેર કરવામાં આવે છે.

૧૯૩૬-૩૭માં બર્ટ વેન્સ્લી નામના બ્રિટિશ સરકારના અધિકારીએ નવાનગરની કેપ્ટનશીપ કરીને ટીમને ફાઈનલમાં બંગાળ સામે રણજી ચેમ્પિયન બનાવી હતી. જ્યારે ૧૯૪૩-૪૪માં બ્રિટિશ સરકારના કેપ્ટન હર્બર્ટ બેરેટે જામસાહેબ રણજીતસિંહના આગ્રહથી વેસ્ટર્ન ઈન્ડિયાની કેપ્ટનશીપ સંભાળી અને બંગાળ સામે ફાઈનલમાં ટીમ જીતી હતી.

પાંચમા દિવસની શરૂઆત થઈ ત્યારે બંગાળ સૌરાષ્ટ્ર કરતા ૭૨ રન પાછળ હતું અને તેની ૪ વિકેટ બાકી હતી. અનુસ્તૂપ મજુમદાર



ફિફટી મારીને બેટિંગ કરી રહ્યો હોવાથી હોમ ટીમ માટે લીડ મેળવી અઘરી પડશે તેમ જણાતું હતું. જોકે સીઝનમાં ૬૫ વિકેટ મેળવનાર કેપ્ટન જયદેવ ઉનડકટે ટીમને જરૂર હતી ત્યારે ફરી એકવાર તરખાટ મચાવ્યો હતો. જયદેવનો ફૂલ બોલ ઓફ-સ્ટમ્પ પાસે પિચ થયો અને અંદર આવ્યો. મજુમદાર ખોટી લાઈનમાં રમ્યો અને એલબીડબ્લ્યુ થયો હતો. તેણે રિવ્યુ લીધો જોકે અમ્પાયરનો નિર્ણય ફેરવી શક્યો નહોતો. મજુમદારે ૧૫૧ બોલમાં ૮ ફોરની મદદથી ૬૩ રન કર્યા હતા. ઉનડકટની ગેમ-અવેરનેસ: મજુમદાર આઉટ થયો તેના એક બોલ પછી ઉનડકટની જ બોલિંગમાં આકાશદીપ બીટ થયો હતો. કીપર હાર્વિકે તે ક્રિઝની બહાર ઉભો હોવાથી થ્રો માર્યો હતો પરંતુ ચૂકી ગયો હતો. ઉનડકટે બોલ કલેક્ટ કર્યો અને ફરીથી થ્રો માર્યો, બધાના આશ્ચર્ય વચ્ચે આકાશ હજી ક્રિઝની બહાર હતો અને તેને પેવેલિયન ભેગું થવું પડ્યું હતું.

ધર્મેન્દ્રસિંહ જાડેજાની બોલિંગમાં મુકેશ કુમાર ૫ રને શોર્ટ-લેગમાં વિશ્વરાજના હાથે કેચ આઉટ થયો હતો. અમ્પાયરે મુકેશને નોટઆઉટ આપ્યો હતો. ઉનડકટને આ અંગે ખ્યાલ નહોતો પરંતુ બોલર જાડેજાને વિશ્વાસ હતો કે બેટ્સમેન આઉટ છે. તેના કહેવા પર ઉનડકટે રિવ્યુ લીધો અને બંગાળની નવમી વિકેટ પડી. ૧૧મા ક્રમે આવેલો ઈશાન પોરેલ ઉનડકટની બોલિંગમાં એલબીડબ્લ્યુ થયો હતો. ટીમને એકલા હાથે ફાઈનલ સુધી પહોંચાડનાર કેપ્ટને જ અંતિમ વિકેટ લીધી!

કોરોના વાઈરસના કારણે 'F9- ધ ફાસ્ટ સાગા' ફિલ્મની રિલીઝ ડેટ બદલાઈ

'F9- ધ ફાસ્ટ સાગા' એક્શન ફિલ્મની રિલીઝ ડેટમાં ફેરફાર થયો છે. હાલ સમગ્ર દુનિયામાં કોરોના વાઈરસનો ભય છે ત્યારે મોટા ભાગની મોટી ઈવેન્ટ્સ, મોટી ફિલ્મોની રિલીઝને પાછળ ધકેલવામાં આવી રહી છે. 'ૠ૯- ધ ફાસ્ટ સાગા' ફિલ્મ ૨૨ મેના રોજ આ વર્ષે રિલીઝ થવાની હતી પરંતુ હવે નવી રિલીઝ ડેટ ૨ એપ્રિલ ૨૦૨૧ છે.

વિન ડિઝલ સ્ટારર આ ફિલ્મ ૨૦૧૭ની ફિલ્મ 'ધ ફેટ ઓફ ફ્યુરિઅસ'ની સિક્વલ અને 'ફાસ્ટ એન્ડ ફ્યુરિઅસ' ફ્રેન્ચાઈઝીની નવમી ફિલ્મ છે. 'ૠ૯- ધ ફાસ્ટ સાગા' ફિલ્મની સ્ટારકાસ્ટમાં રેસલર જહોન સીના પણ સામેલ છે જે પહેલીવાર આ સિરીઝમાં દેખાશે. ફિલ્મને જસ્ટિન લિને ડિરેક્ટ કરી છે અને વિન ડિઝલ ફિલ્મનો પ્રોડ્યૂસર પણ છે.

જોર્ડનથી પાછા ફરતાં ભારતીય બૉક્સર્સને અલગ રખાશે

ન્યુ દિલ્હી

જોર્ડનમાં એશિયન ઑલિમ્પિક ક્વૉલિફાયર્સમાં ભાગ લઈને પાછી ફરી રહેલી ભારતીય બૉક્સિંગ ટીમના સભ્યોને અલગ જગ્યાએ રખાશે અને જરૂર જણાશે તો બીમારીના ચિહ્ન સાથેના મુક્કાબાજોનું કોરોના વાઈરસના ચેપ માટે પરીક્ષણ કરાશે. અમુક ભારતીય મુક્કાબાજે ૨૬ ફેબ્રુઆરી સુધી ઈટલીમાં તાલીમ લીધી હોવાનું કહેવાય છે. ઈટલીમાં કોરોના વાઈરસથી અસરગ્રસ્ત દરદીઓની સંખ્યા ઘણી જ વધુ છે. જાપાન, ચીન, દક્ષિણ કોરિયા, ઈટલી, સહિતના ૧૦૦થી વધુ દેશમાં કોરોના વાઈરસના દરદીઓ ફેલાઈ ગયા છે.

મેકલૉરેન ઑસ્ટ્રેલિયન ગ્રાં પ્રીમાંથી ખસી ગયો

મેલબોર્ન

મેકલૉરેન ઑસ્ટ્રેલિયન ગ્રાં પ્રીની પ્રારંભિક મોસમમાં પોતાની ટીમનો એક સભ્ય કોરોના વાઈરસથી અસરગ્રસ્ત હોવાનું માલૂમ પડતાં આ સ્પર્ધામાંથી ખસી ગયો હતો. ટીમના આ સભ્યને હાલમાં સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા અલગ વૉર્ડમાં રાખીને સારવાર અપાઈ રહી છે.

નીતા અંબાણીને સ્પૉર્ટ્સમાંની સૌથી વધુ દસ વગદાર મહિલાઓમાં સ્થાન

ન્યુ દિલ્હી

મુંબઈ ઈન્ડિયન્સ ક્રિકેટ ટીમની માલિકણ નીતા અંબાણીને સ્પૉર્ટ્સમાંની ૨૦૨૦ની સૌથી વધુ દસ વગદાર મહિલાઓમાં સ્થાન મળ્યું છે. યાદીમાં ટેનિસ સુપરસ્ટાર સેરેના વિલિયમ્સ અને જિમ્નેસ્ટ સાયમન બિલ્સનો પણ સમાવેશ થયો છે. સાયમન બિલ્સને વિશ્વની મહાન ઍથ્લેટ્સમાંની એક ગણવામાં આવે છે. સ્પૉર્ટ્સ બિઝનેસ નેટવર્ક 'આઈસ્પૉર્ટ્સકનેક્ટ' દ્વારા બહાર પાડવામાં આવેલી 'સ્પૉર્ટ્સમાંની સૌથી વધુ દસ વગદાર મહિલાઓ'માં જણાવાયું હતું કે નિષ્ણાતોની સમિતિના અભિપ્રાયને ધ્યાનમાં રાખીને વગદાર મહિલાઓની આ યાદી તૈયાર કરાઈ છે. નિષ્ણાતોની સમિતિમાં ટેલ્સટ્રાના ગ્લોબલ સેલ્સ હેડ એન્ના લૉકવુડ, વાય સ્પૉર્ટના મેનેજિંગ પાર્ટનર સેલી હેનકોક, આઈસીસીનાં મીડિયા રાઈટ્સનાં ભૂતપૂર્વ વડાં આરતી દબાસ અને આઈસ્પૉર્ટકનેક્ટના ચીફ એક્ઝિક્યૂટિવ ઑફિસર શ્રી વર્માનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની મુંબઈ ઈન્ડિયન્સની ટીમનાં માલિકણ નીતા અંબાણી દેશમાં વિવિધ સ્પૉર્ટ્સ પ્રૉજેક્ટ માટે મહત્ત્વની ભૂમિકા ભજવી રહ્યા છે.



મુંબઈમાં ૧૨ માર્ચ, ૧૯૯૩ના થયેલા શ્રેણીબદ્ધ બૉમ્બધડાકાને ૨૭ વર્ષ થયાં ત્યારે વરલીના સેન્ચુરી બજાર નજીકના સ્મારક પાસે ગુરુવારે લોકોએ અંજલિ અર્પી કરુણ ઘટનાને યાદ કરી હતી.

ભોપાલ પહોંચતા પહેલા જ સિંધિયાના ૬ મંત્રી સસ્પેન્ડ, એરપોર્ટ નારાબાજી

ભોપાલ

મધ્ય પ્રદેશમાં રાજકીય ખેંચતાણ વચ્ચે જ્યોતિરાદિત્ય સિંધિયા ગ્રૂપના ૬ મંત્રી અને ધારાસભ્યો ભોપાલ પહોંચ્યા આ દરેક બળવાખોર ધારાસભ્યોને હાલ ભોપાલમાં રાખવામાં આવ્યા છે. અહીંથી ૨૨ ધારાસભ્યોએ વિધાનસભા અધ્યક્ષ એનપી પ્રજાપતિને તેમના રાજીનામા મોકલ્યા હતા. ત્યારપછી સ્પીકરે નોટિસ આપીને તેમને હાજર રહેવા કહ્યું હતું. તેમાંથી ૬ ધારાસભ્યોને શુક્રવારે, ૭ ધારાસભ્યોને શનિવારે અને બાકીના ૯ ધારાસભ્યોએ રવિવારે હાજર થવાનું છે. એરપોર્ટ પર કોંગ્રેસ અને ભાજપ નેતાઓની હાજરી અને અથડામણને ધ્યાનમાં રાખીને સુરક્ષા વ્યવસ્થા કડક કરી દેવામાં આવી છે.

એરપોર્ટ પહોંચેલા ભાજપ કાર્યકર્તાઓએ સિંધિયાના સમર્થનમાં નારેબાજી કરી હતી. જયારે કોંગ્રેસના ધારાસભ્યોને CISFના જવાનોએ રોકી લીધા હતા. ત્યારપછી તેમણે સિંધિયાના વિરોધમાં નારેબાજી કરી હતી. ભોપાલ કલેક્ટર તરુણ પિથૌડા અને ડીઆઈજી ઈરશાદ વલી એરપોર્ટ પહોંચી ગયા છે. એરપોર્ટ પર તણાવની સ્થિતિને ધ્યાનમાં રાખીને કલેક્ટરે અહીં કલમ-૧૪૪ લાગુ કરી છે. અહીં જૂહ્મા જવાનોને પણ એરપોર્ટ પર તહેનાત કરવામાં આવ્યા છે. ધારાસભ્યોએ સુરક્ષા માટે કેન્દ્રીય સુરક્ષાબળની માંગણી કરી છે. આ વિશે વિધાનસભા સચિવાલય તરફથી ડીજીપીને એક પત્ર પણ સોંપવામાં આવ્યો છે. કમલનાથ કેબિનેટમાં મંત્રી સજ્જન સિંહ વર્મા પણ એરપોર્ટ પર હાજર રહ્યા છે. તેમણે સુરક્ષા માટે કેન્દ્રીય બળની માંગણીને ભાજપનું કાવતરું ગણાવ્યું છે.

સ્પીકરે રાજીનામાની સત્યતા દર્શાવવા કહ્યું છે. કહ્યું છે, રાજીનામું સ્વેચ્છાથી આપવામાં આવ્યું છે કે કોઈના દબાણમાં, ધારાસભ્ય રુબરુ હાજર રહીને આ વાત જણાવશે. આ મુલાકાતની વીડિયોગ્રાફી પણ કરવામાં આવશે. જે ધારાસભ્ય સ્પીકરની સામે હાજર નહીં હોય તેમનું રાજીનામું સ્વીકારવામાં આવશે નહીં. જ્યારે કોંગ્રેસ નેતા દિગ્વિજય સિંહે બેંગલુરુથી પરત ફરનાર ધારાસભ્યોને કોરોના વાઈરસનું ઈન્ફેક્શન હોવાની શંકા રજૂ કરીને તેમના ટેસ્ટ કરાવવાની માંગણી કરી છે.

પૂર્વ મંત્રી ભૂપેન્દ્ર સિંહે ગુરુવારે વિધાનસભા અધ્યક્ષની મુલાકાત કરી તેમને વધુ ત્રણ ધારાસભ્યો બિસાહુલાલ સિંહ, એંદલ સિંહ કંષાના અને મનોજ ચૌધરીનું રાજીનામા સોંપ્યા હતા. તે સાથે જ ધારાસભ્યોના રાજીનામા મંજૂર કરવાની ભલામણ પણ કરી હતી. પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહે કહ્યું કે, સરકાર ફ્લોર ટેસ્ટ માટે તૈયાર છે. પરંતુ જ્યાં સુધી ધારાસભ્યોના રાજીનામા મંજૂરી ન થાય ત્યાં સુધી ફ્લોર ટેસ્ટ કેવી રીતે કરાશે.

નાણા મંત્રીએ કહ્યું- જલ્દીથી હટી જશે યસ બેંક પરના પ્રતિબંધ

ન્યુ દિલ્હી

કેન્દ્રીય કેબિનેટ બેઠક પુરી થયા પછી પ્રેસ કોન્ફરન્સમાં મહત્વની જાહેરાત કરવામાં આવી છે. કેબિનેટે યસ બેંકના રિકન્સ્ટ્રક્શન સ્કીમને મંજૂરી આપી દીધી છે. વિત્ત મંત્રી નિર્મલા સીતારમણે બતાવ્યું કે યસ બેંકમાં ભારતીય સ્ટેટ બેંક ૪૯ ટકા ભાગીદારી ખરીદશે. એસબીઆઈ ૩ વર્ષ સુધી પોતાની સ્ટેકને ૨૬ ટકાથી ઓછી કરી શકશે નહીં. આ સિવાય પ્રાઈવેટ લેંડર્સ તેમાં નિવેશ કરશે. પ્રાઈવેટ લેંડર્સ માટે પણ લોક ઈન પીરિયડ ૩ વર્ષ સુધીનો જ રહેશે. જોકે તેના માટે સ્ટેકની લિમિટ ૭૫ ટકા સુધી છે.

કેબિનેટ બેઠક પછી વિત્ત મંત્રીએ મીડિયાને મહત્વની જાણકારી આપી હતી કે તે ઘણું જલ્દી યસ બેંક મામલાને લઈને નવું નોટિફિકેશન જાહેર કરી દેવામાં આવશે. યસ બેંક ડિપોઝિટર્સ માટે રાહતની વાત એ હશે કે નોટિફિકેશન જાહેર થયાના ૩ દિવસની અંદર મોરેટેરિયમ પીરિયડને ખતમ કરી દેવામાં આવશે. જેનો અર્થ એ છે કે નોટિફિકેશન જાહેર થયાના ૩ દિવસની અંદર યસ બેંકના બધા પ્રતિબંધ હટાવી દેવામાં આવશે. વિત્ત મંત્રીએ એ પણ જણાવ્યું છે કે સ્કીમના નોટિફિકેશનના ૭ દિવસની અંદર જ નવા બોર્ડની રચના કરી દેવામાં આવશે. નવા બોર્ડની રચના પછી આરબીઆઈ દ્વારા નિયુક્ત કરેલ પ્રશાસક પ્રશાંત કુમારને હટાવી લેવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે નવા બોર્ડમાં એસબીઆઈના બે નિર્દેશક પણ સભ્ય હશે.

ઘરેસુ સ્ટોક માર્કેટમાં ભારે ગિરાવટને લઈને વિત્ત મંત્રીને પૂછવા પર તેમણે કહ્યું હતું કે આરબીઆઈ સાથે મળીને સરકાર પણ તેની ઉપર નજર રાખી રહી છે.

ઓસ્ટ્રેલિયાના ગૃહ મંત્રી પીટર ડટન પણ કોરોનાની ચપેટમાં

મેલબોર્ન

ઘાતક કોરોના વાયરસ સામાન્ય લોકોને જ નહી પણ મોટા નેતાઓને પણ શિકાર બનાવી રહ્યો છે. જેમ કે કેનેડાના પીએમ જસ્ટીન ટ્રુડોના પત્નીને કોરોના થયો હોવાનુ બહાર આવ્યા બાદ હવે ઓસ્ટ્રેલિયાના ગૃહ મંત્રી પીટર ડટનનો પણ કોરોના વાયરસ ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. જોકે તેની સત્તાવાર જાહેરાત નથી થઈ પણ ઓસ્ટ્રેલિયાના મીડિયા પ્રમાણે તેમને આ વાયરસનો ચેપ લાગી ચુક્યો છે. બીજી તરફ ઓસ્ટ્રેલિયામાં યોજાનારી ગ્રાન્ડ પ્રી ફોર્મ્યુલા વન રેસ પણ સ્થગિત કરી દેવામાં આવી છે.

બ્રાઝિલના રાષ્ટ્રપતિ બોલસોનારોના પુત્ર એડુઆર્ડો બોલસોનારોએ પણ ટ્વિટર પર કહ્યુ છે કે, મારા પિતાની કોરોના વાયરસની તપાસ કરાઈ છે અને તેના પરિણામોની રાહ જોવાઈ રહી છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પણ સાવચેતીના ભાગરુપે ગુરુવારે પોતાની તમામ રેલીઓનુ આયોજન સ્થગિત કરી દીધુ છે.



કોરોના વાઈરસના ઈન્ફેક્શનના ડરથી સમગ્ર દુનિયામાં લોકોની અભિવાદનની રીત બદલાઈ છે. લોકો તેમના પારંપારિક સ્વાગતની રીત છોડીને નમસ્તે અને કોણી મીલાવવા જેવી બીજી પદ્ધતિઓ અપનાવી રહ્યા છે. આની અસર માત્ર સામાન્ય લોકો ઉપર જ નહીં પરંતુ રાષ્ટ્રીય અધ્યક્ષો ઉપર પણ જોવા મળી રહી છે. વોશિંગ્ટનમાં ગુરુવારે અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને આયરલેન્ડના વડાપ્રધાન લિયો વરાડકરે નમસ્તે કરીને અભિવાદન કર્યું. બીજી બાજુ બંકિંઘમ પેલેસમાં પણ પ્રિન્સ ચાર્લ્સ પણ નમસ્તે કરતાં દેખાયા હતા.

કોરોનાનો તોડ, એચઆઈવીની સારવાર માટે ઉપયોગી દવા..., મોદી પ્રોડક્શન વધારવા આપ્યા આદેશ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસે વિશ્વને હચમચાવી દીધું છે. દુનિયાભરમાં કોરોના વાયરસને લઈ ભયનો માહોલ છે. ભારતમાં પણ કોરોના વાયરસના કારણે એક વ્યક્તિનું મોત થયું છે. ત્યારે ભારતમાં મેડિકલ એક્સપર્ટનું કહેવું છે કે કોરોના વાયરસની વેક્સીન વિકસિત કરવામાં વર્ષથી દોઢ વર્ષનો સમય લાગી શકે છે.

પરંતુ હવે એક સારા સમાચાર કોરોના વાયરસના દર્દીઓની સારવાર દરમિયાન સામે આવ્યા છે. એવા સંકેત મળ્યા છે કે એચઆઈવીની સારવાર માટે ઉપયોગમાં આવતી દવા લોપિનાવિર અને રિટોનાવિર કોરોનાના દર્દીઓ માટે ઉપયોગી સાબિત થઈ રહી છે. મીડિયા રિપોર્ટ મુજબ આ વાતની જાણ થતા મોદી સરકારે એવી દવાઓનું પ્રોડક્શન વધારવા માટે ફાર્મા કંપનીઓને નિર્દેશ આપ્યા છે.

આપણે જણાવી દઈએ કે બુધવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ફાર્મા કંપનીઓ સાથે લાંબી બેઠક કરી. જેમાં કમેટી ઓફ એક્સપર્ટ્સે સિપલા, માઈલન, ઓરોબિંદો અને અન્ય કંપનીઓને એન્ટી એચઆઈવી દવાઓનો સ્ટોક વધારવાનું કહ્યું છે. લોપિનાવિર અને રિટોનાવિર એન્ટી રેટ્રોવાયરલ દવા છે. આ એચઆઈવીને સ્વસ્થ કોષોમાં ઘૂસવાથી રોકે છે. ભારત હાલ આ સમયે બંને દવાઓની નિકાસ આફ્રિકી દેશોને કરે છે. મંત્રાલયના અધિકારીઓએ એક ખાનગી મીડિયાને જણાવ્યું કે ફાર્મા કંપનીઓને બંને દવાઓનું પ્રોડક્શન વધારવા નિર્દેશ આપવામાં આવ્યા છે. જો કે, એક્સપોર્ટ પર કોઈ પણ પ્રકારની પાબંદી લગાવવામાં આવી નથી. મીડિયા રિપોર્ટ મુજબ ઈટલીથી ભારત આવેલ દંપતીની સારવારમાં લોપિનાવિર અને રિટોનાવિર કોમ્બિનેશનનો ઉપયોગ કરવામાં આવ્યો. આ દંપતીને જયપુરમાં કોરોના વાયરસનો ચેપ લાગ્યો હતો.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના ડીજી ડોક્ટર બલરામ ભાર્ગવે જણાવ્યું કે દંપતી પાસેથી સંમતિ લઈ દવાઓ આપવામાં આવી છે. આની અસર સારી છે. ૧૪ દિવસ પછી હવે લગભગ તેઓ સ્વસ્થ છે. ઉપરાંત, ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાએ આઈસીએમઆરને આ વાતની મંજૂરી આપી છે કે ઈદ્ભ્ર-૧૯ની સારવારમાં એન્ટી એચઆઈવી દવાઓનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે, હાલમાં કોરોના વાયરસ માટે કોઈ યોગ્ય અને ચોક્કસ ઉકેલ હાજર નથી.

"નમન નમન મેં ફરક હૈ" ટીકીટ મળતાં જ નરહરી અમીન જીતુ વાઘાણીના પગમાં ઝૂક્યાં

ગાંધીનગર

નરહરી અમિન કોંગ્રેસમાં હતા ત્યારે મધ્ય ગુજરાતમાં તેઓનો દબદબો હતો આજે પણ તેમની ગણતરી ભાજપના કદાવર નેતા તરીકે થાય છે. નરેન્દ્ર મોદી અને અમિત શાહ સાથે સીધો સંબંધ ધરાવતા નરહરી અમિનને ભાજપે આયોજન પંચના ઉપાધ્યક્ષનું પદ આપી માન અને સન્માન આપ્યું હતું.

પરંતુ આજે સમય બદલાયો હોય તેવું એક વાઇરલ થયેલા વિડિયો પરથી સાબિત થાય છે કે પાર્ટીઓમાં તેઓ પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણીના આભારી છે. નરહરી અમીન પ્રદેશ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણીને નમન કરતા નજરે પડી રહ્યાં છે.

નરહરી અમીન ઉંમરમાં જીતુ વાઘાણી કરતાં ઘણા મોટા છે. ટીકિટ જાહેર થતાં કમલમ પહોંચેલા નરહરી અમીને જીતુભાઈને નમન કરી ગળે મળ્યા હતા. એટલે ટીકિટ આપવા માટે આભારી હોવાનો બદલો નરહરી અમીને નમન કરી પૂરો કર્યો હતો. રાજકીય નેતાઓમાં પગમાં ઝૂકવું એ શિષ્ટાચાર ગણાય છે. ભલે એ વ્યકિત ગમે તે ઉંમરનો હોય. આ વાયરલ થયેલી તસવીર બાદ લોકો જીતુભાઈને પણ આ શોખ હોવાની ચર્ચા કરી રહ્યાં છે.

યુપીમાં કોરોનાને મુદ્દે જાગી યોગી સરકાર, ૨૨ માર્ચ સુધી તમામ શાળા-કોલેજ બંધ

લખનૌ

ઉત્તર પ્રદેશના ઘણા શહેરો કોરોના વાઈરસની ઝપેટમા આવી ગયા છે. જેના લીધે યોગી સરકારે કોરોના વાઈરસને મહામારી જાહેર કરી દીધી છે. એના સિવાય બધી સ્કુલ અને કોલેજમા ૨૨ માર્ચ સુધી બંધ રાખવા માટે આદેશ જાહેર કર્યો છે. લખનઉમા અધિકારીઓની સાથે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે યોજેલી બેઠકમા નિર્ણય કરેલો છે. આ નિર્ણય લીધા બાદ તેની સમિક્ષા કરવામા આવશે, જેના પછી આગળના નિર્ણયો લેવામા આવશે.

મીટીગ બાદ યોગી આદિત્યનાથએ પ્રેસ કોન્ફરન્સ પર જણાવ્યુ કે, યૂપીમા અત્યાર સુધીમા કોરોના વાઈરસના ૧૧ કેસો સામે આવ્યા છે. વાઈરસથી સંક્રમિત ૧૦ની સારવાર દિલ્હી અને ૧ની સારવાર લખનઉ સ્થિત કિંગ જોજ મેડિકલ યૂનિવર્સિટીમા ચાલી રહ્યો છે. કોરોનાથી લડવા માટે અમે લગભગ દોઢ મહિનાથી તેયારી કરી રહ્યા છિએ અને અમારી પાસે બચાવ માટેના તમામ ઉપાય છે. ૨૪ મેડિકલ કોલેજમા ૪૪૮ બર્થ રિઝર્વ્ડ કરી છે. આ મેડિકલ કોલેજમા સેમ્પલના તપાસની પણ સુવિધા છે.

યૂપીમા કોરોના વાઈરસના હજુ સુધીમા કેટલાક કેસો સામે આવ્યા છે, જેમા આગ્રા અને લખનઉ કેસ છે. આ પહેલા ઉત્તરાખંડ સરકારે ૧૨મા સુધી બધી સ્કુલ અને કોલેજને ૩૧ માર્ચ સુધી બંધ રાખવા માટે આદેશ આપ્યો હતો. આ દરમ્યાન કેવળ બોર્ડની પરિક્ષા જ લેવામા આવશે.

બ્રિટનના પૂર્વ વડાપ્રધાનના ઘરને નિશાન બનાવી હુમલોઃ સુરક્ષા વધારાઈ

લંડન

બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ડેવિડ કેમરનના લંડન સ્થિત ઘર પાસે થયેલા હુમલા બાદ તેમના ઘરની સુરક્ષા વધારી દેવામાં આવી છે અને ઘરની પાસે પોલીસ કર્મચારીઓને તેનાત કરી દેવામાં આવ્યા છે. ગત સોમવારના રોજ થયેલા આ હુમલામાં ડેવિડ કેમરનના ઘર પાસે સ્થિત એક કોટેજ નષ્ટ થઈ ગયું હતું. આ મામલે એક સંદિગ્ધ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, કેમરનના ઘરની પાસે રહેનારા એક વ્યક્તિનો દાવો છે કે કોટેજમાં લાગેલી આગ ડેવિડ કેમરન અને તેમની પત્નીના કોટેજને નિશાન બનાવીને કરવામાં આવેલા હુમલાનું પરિણામ છે, જે તેમણે ૧૯ વર્ષ પહેલા ખરીદ્યો હતો. જો કે આ હુમલો નિષ્ફળ રહ્યો. અત્યારે, ઘટના બાદ સુરક્ષાને ધ્યાને રાખતા કેમરનના ઘરની બહાર પોલીસ કર્મચારીઓને તૈનાત કરી દેવામાં આવ્યા છે.

બ્રિટનના પૂર્વ વડાપ્રધાન ડેવિડ કેમરનના ઘરને નિશાન બનાવીને કરવામાં આવેલા હુમલામાં પોલીસે નોર્થ હેમ્પટનશાયરના નોર્થીંગબોરોના એક ૩૩ વર્ષીય વ્યક્તિની ધરપકડ કરી અને બાદમાં મેન્ટલ હેલ્થ અંતર્ગત તેની ધરપકડ કરી.

પોતાના ઘરને નિશાન બનાવીને કરાયેલા હુમલા બાદ ડેવિડ કેમરને મીડિયા સાથે વાત કરતા કહ્યું કે, આ ખૂબ ભયાનક છે. સોમવારે જ્યારે આ ઘટના થઈ તો હું મારા ઘરે તે સમયે હાજર નહોતો. મને જ્યારે ખબર પડી બાદમાં તુરંત જ હું ત્યાં પહોંચ્યો. જે કોટેજ નષ્ટ થયું છે તેમાં એક વૃદ્ધ મહિલા રહેતી હતી પરંતુ એક વર્ષ પહેલા જ તે ત્યાંથી જતી રહી હતી. મને ખ્યાલ છે કે એક વ્યક્તિની આ મામલે ધરપકડ કરી છે.

કોંગ્રેસની સ્થિતિ દયનીય તેમના જ સભ્યો ઉપર વિશ્વાસ નથી, સાચવવા માટે કેમ્પો કરવા પડે છે,

કોંગ્રેસની હાલત બધે મધ્યપ્રદેશ જેવી, અમારા ત્રણેય ઉમેદવારોનો વિજય થશેઃ મુખ્યમંત્રી

ગાંધીનગર

રાજ્યસભાની ચૂંટણીને પગલે હાલ ગુજરાતમાં રાજકીય માહોલ ગરમાયો છે. આજે ભાજપના ત્રણ અને કોંગ્રેસના બે ઉમેદવારોએ ઉમેદવારી ફોર્મ ભરી દીધા છે. ભાજપના ઉમેદવારો જ્યારે ફોર્મ ભરવા આવ્યા ત્યારે તેમની સાથે મુખ્યમંત્રી રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે રહ્યાં હતા. આ દરમિયાન મુખ્યમંત્રીએ જણાવ્યું કે, કોંગ્રેસની સ્થિતિ દયનીય થઈ ગઈ છે. કોંગ્રેસને જીતવા મામલે આશંકા છે, તેમને તેમના જ સભ્યો ઉપર શંકા દેખાઈ રહી છે અને એટલે જ ધારાસભ્યોને સાચવવા માટે તેમને કેમ્પો કરવા પડે છે અને વિવિધ હોટલોમાં લઈ જવાની સ્થિતિનું નિર્માણ થયું છે, કારણ કે કોંગ્રેસને તેમના જ સભ્યો ઉપર વિશ્વાસ નથી. આ તબક્કે રાજકીય નિવેદન કરતા જણાવ્યું હતું કે કોંગ્રેસની સ્થિતિ તમામ જગ્યાએ આવી જ છે અને એટલે જ મધ્યપ્રદેશની ઘટનાએ માત્ર ઝાંખી સમાન છે. રાજ્યસભાની ચૂંટણીમાં અમને તમામ ધારાસભ્યોનો સાથ મળશે, એવું રાજકીય સૂચક નિવેદન મુખ્યમંત્રીએ કર્યું હતું.

મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું કે, રાજ્યસભાની ચૂંટણીમાં અમારા ત્રણેય ઉમેદવારોનો વિજય થશે, કારણ કે આ કસાયેલા ઉમેદવારો છે. એટલું જ નહીં પાર્ટીના સિનિયર કાર્યકરો પણ રહ્યા છે, ત્યારે તેમનું પક્ષમાં યોગદાન પણ રહ્યું છે.



કોરોના વાઈરસથી બચવા પશ્ચિમ બંગાળના લોકલ નેતાઓએ માસ્કનું વિતરણ કર્યું.

જમ્મુ-કાશ્મીરના પુર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાને ૭ મહિના બાદ મૂક્ત કરવા આદેશ

ન્યુ દિલ્હી

જમ્મુ-કાશ્મીરના ભૂતપુર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાને મૂક્ત કરવા માટે શુક્રવારે આદેશ આપવામાં આવ્યો છે. તેમને ૪, ઓગસ્ટ, ૨૦૧૯ની રાત્રે નજરકેદ કરવામાં આવ્યા હતા. ત્યારપછીના દિવસે જમ્મુ-કાશ્મીરમાંથી અનુચ્છેક-૩૭૦ હટાવવામાં આવી હતી. બાદમાં ૧૫ ડિસેમ્બરથી તેમને પબ્લિક સેફ્ટી એક્ટ હેઠળ અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. તેમની અટકાયત ત્રણ-ત્રણ મહિના વધારવા માટે આદેશ આપવામાં આવ્યા હતા. અંતિમ આદેશ ૧૧ માર્ચના રોજ જારી કરવામાં આવ્યો હતો. તેને સરકારે પાછો ખેંચ્યો છે.

૮૨ વર્ષિય ફારુક અબ્દુલ્લા સાથે અન્ય બે મુખ્યમંત્રીઓ ઉમર અબ્દુલ્લા અને મહેબુબા મુફ્તીને પણને પણ અલગ-અલગ જગ્યાએ અટકાયતમાં રાખવામાં આવ્યા હતા. અત્યારે ઉમર અને મહેબૂબાને છોડવા માટે આદેશ આપવામાં આવ્યો નથી. એવું માનવામાં આવે છે કે સરકારે ફારુક અબ્દુલ્લાની મુક્તિથી ઘાટી પર શું અસર થશે તે જોવા માંગે છે. ત્યારબાદ જ તે બાકીના બે મોટા નેતાની છોડવા અંગે કોઈ નિર્ણય લેશે. ૮ માર્ચના રોજ ૮ વિપક્ષી પાર્ટીઓએ કેન્દ્ર પાસેથી માંગ કરી હતી કે જમ્મુ-કાશ્મીરના ત્રણેય ભૂતપુર્વ મુખ્યમંત્રી ફારુક, ઉમર અબ્દુલ્લા અને મહેબુબા મુફ્તીને તાત્કાલિક છોડવાની માંગ કરી હતી. વિપક્ષના નેતાએ કહ્યું કે એવો કોઈ જ રેકોર્ડ નથી કે આ લોકોની ગતિવિધિઓને રાષ્ટ્રીય હિતોને જોખમમાં નાંખે.



બ્રિટનમાં ભારે વરસાદ રસ્તાઓ જળમગ્ન થવાના કારણે વાહનવ્યવહાર પર માઠી અસર પડી છે ગુરુવારે ૧૧૨ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફુંકાયો, યાર્કશાયર સહિત ઘણા વિસ્તારોમાં પૂર જેવી સ્થિતિ પેદા થઈ ગઈ છે, ભારે વરસાદ- પવનના કારણે ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી.

ભાજપના ૩ અને કોંગ્રેસના ૨ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી,
વિજય મહુર્ત ૧૨.૩૯માં ફોર્મ ભરવા એક પણ ઉમેદવાર ન પહોંચ્યા

રાજ્યસભાની ૪ બેઠકો માટે ૫ ઉમેદવારોએ ફોર્મ ભરાતાં રાજકીય ગરમાવો

ગાંધીનગર

ગુજરાતમાં રાજ્યસભાની ખાલી પડેલી ૪ બેઠકો માટેની ચૂંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાના આજે છેલ્લા દિવસે એક પણ ઉમેદવાર ખાસ કરીને ભાજપના ૩ ઉમેદવારો વિજય મહુર્તમાં ફોર્મ ભરવા વિધાનસભા ખાતે ચૂંટણી અધિકારીની કચેરીએ પહોંચી શક્યા નહોતા. જો કે ત્યારબાદ ભાજપના ત્રણ ઉમેદવારો એવા અભય ભારદ્વાજ, રમીલાબહેન બારા અને છેલ્લી ઘડીએ જાહેર કરાયેલા ત્રીજા ઉમેદવાર નરહરી અમીન અને કોંગ્રેસના બે ઉમેદવાર શક્તિસિંહ ગોહિલ તથા ભરતસિંહ સોલંકી વિજય મુહૂર્ત ૧૨:૩૯ વીતી ગયા બાદના સમયે ફોર્મ ભર્યા હતા. બન્ને પક્ષના ઉમેદવારોની સાથે પક્ષના આગેવાનો પણ તેમની સાથે હાજર રહ્યાં હતા. બન્ને પક્ષોએ પોતાના ઉમેદવારોની જીતના દાવા કર્યા હતા. ૧૮મીએ ફોર્મની ચકાસણી અને ૨૬મીએ મતદાનની પ્રક્રિયા હાથ ધરાશે.

આ પહેલા ભાજપના કોબા કાર્યાલય કમલમ ખાતે મોટી સંખ્યામાં કાર્યકરો અને ઉમેદવારના સમર્થકો એકઠા થયા હતા. તેમજ આ સમયે ત્રણેય ઉમેદવારો પણ ત્યાં હાજર હતા. જ્યાં તેમનું મોં મીઠું કરાવીને ફોર્મ ભરવા માટે વિધાનસભા પહોંચ્યા હતા.

આ વખતે રાજ્યસભામાં ગુજરાતની ૪ બેઠકો ખાલી પડી છે. વિધાનસભામાં ૧૮૨માંથી ૨ બેઠકો ખાલી છે. હયાત સંખ્યાબળ જોતાં એક બેઠક જીતવા ૩૭ મતો અનિવાર્ય છે. વિધાનસભાના હાલના સંખ્યાબળને જોતા આ ચૂંટણીમાં ભાજપ એક વધારાની બેઠક ગુમાવી શકે છે, જેથી આ બેઠક જાળવી રાખવા ભાજપ સતત વ્યૂહરચના બદલી રહ્યો છે. ૨૦૧૭ની રાજ્યસભા ચૂંટણી બાદ આ ચૂંટણીમાં પણ રસાકસી થવાની સાથે ગુજરાતના રાજકારણમાં મોટી ઉથલપાથલ થાય તેવી શક્યતા છે, કેમ કે ભાજપ પોતાની એક બેઠક બચાવવા કોંગ્રેસના ધારાસભ્યોને તોડવા અથવા તો ક્રોસ વોટિંગ કરાવવા પ્રયત્નો કરી શકે છે, અતવા તેઓ મતદાન વખતે ગેરહાજર રહે તેવા પ્રયાસો કરી શકે. જ્યારે કોંગ્રેસ પોતાનાં ધારાસભ્યોને બચાવવા માટેના પ્રયાસોમાં લાગી છે.

રાજ્યસભા ચૂંટણીના આ વખતના ગણિત પર નજર નાંખીએ તો આ ચારેય બેઠકોની ચૂંટણી એકસાથે થવાની છે, ત્યારે દરેક ઉમેદવારને સરખા પ્રેફરન્સ વોટ જોઈએ. જેના માટે ફોર્મ્યુલા એવી છે કે જેટલી સીટની ચૂંટણી હોય તેમાં એક ઉમેરીને તે સંખ્યાને કુલ ઉપલબ્ધ ધારાસભ્યોની સંખ્યા સાથે ભાગાકાર કરવાનો હોય છે. તેના વડે જે પૂર્ણાંક આવે તેમાં એક ઉમેરતા જે સંખ્યા આવે તેટલા મત એક ઉમેદવારને જીતવા માટે જોઈએ. આમ હાલમાં રાજ્યસભામાં ૪ બેઠક ખાલી પડશે. જેમાં એક ઉમેરતા ૫ થાય અને હાલ ૧૭૯ ધારાસભ્યો છે.(ભાજપ ૧૦૩, કોંગ્રેસ ૭૨, BPT 2, NCP ૧, અપક્ષ ૧, ૨ બેઠક ખાલી છે.) જેથી તેને ૫ વડે ભાગવાથી ૩૫.૮ થાય જેમાં એક ઉમેરતા ૩૬.૮ જેને પૂર્ણાંક ગણતા ૩૭ મતની જરૂરિયાત રહે. જેથી ત્રણ બેઠક મેળવવા માટે ભાજપને કુલ ૧૧૧ સ્છના મતની જરૂર પડે. પરંતુ ભાજપ પાસે હાલ ૧૦૩ અને કોંગ્રેસ પાસે ૭૩ ધારાસભ્યો છે. જેથી કોંગ્રેસને બે સીટ જીતવા ૭૪ મતની જરૂર પડશે. આમ કોંગ્રેસને એક મત ખૂટશે, જેની ભરપાઈ અપક્ષ ધારાસભ્ય મેવાણી અને બીટીપીના બે સભ્યોનો સાથ મળતા થઈ શકે છે. જ્યારે ભાજપને ત્રણ બેઠક જીતવા ૮ સભ્યોની ઘટ પડી શકે છે.

આઈપીએલ હવે ૧૫ એપ્રિલથી રમાશે.....!!, "જો અને તો"ની અટકળો વચ્ચે તારિખો થઈ જાહેર

ન્યુ દિલ્હી

કોરોના વાયરસે વિશ્વભરમાં ઉથલ-પાથલ મચાવી દીધી છે. ભારતના ક્રિકેટ ફેન્સમાં આ વાતને લઈને ઉત્સુકતા વધી રહી છે કે શું આ વખતે આઈપીએલ ૨૦૨૦ નું આયોજન થશે કે નહી? જો થયું તો આ લીગની ૧૩ મી સીઝનમાં નવા બદલાવો જોવા મળશે. અત્યારસુધી આ મોટા પ્રશ્નને લઈને કંઈજ સ્પષ્ટ થઈ શક્યું નથી.અ

જીવલેણ કોરોના વાયરસના જોખમના કારણે ઈન્ડિયન પ્રીમિયર લીગ(ૈન)ના હાલના શેડ્યૂલમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આઈપીએલ શેડ્યૂલને લગભગ ૨ સપ્તાહ આગળ ખસેડવામાં આવ્યું છે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ(ઋઋૅ) તરફથી જણાવવામાં આવ્યું કે નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯થી સાવચેતી રાખતા આ નિર્ણય લેવામાં આવ્યો છે.

માહિતી મુજબ હવે આ ટુર્નામેન્ટ ૨૯ માર્ચની જગ્યાએ ૧૫ એપ્રિલથી શરૂ થશે. આ પહેલા એવું કહેવામાં આવી રહ્યું હતું કે આઈપીએલ પોતાના નિર્ધારિત શેડ્યૂલ પર ખાલી સ્ટેડિયમ(દર્શક વિના)માં શરૂ થશે. પરંતુ ફ્રેન્ચાઈજીઓ એ દર્શકોની હાજરી વિના મેચ રમવાથી ઈકાર કર્યો. ત્યાર બાદ બીસીસીઆઈ અધિકારીઓએ નિર્ણય કર્યો કે આ ટુર્નામેન્ટને લગભગ ૨ સપ્તાહ માટે મુલતવી રાખવી વધુ સારું છે.

એવી માહિતી છે કે જ્યારે આઈપીએલનું નવું શેડ્યૂલ જાહેર થશે ત્યારે તેમાં ડબલ હેડર(એક દિવસમાં બે મેચ) મેચોની સંખ્યા વધારે જશે. જ્યારે પહેલા શેડ્યૂલમાં ડબલ હેડર મુકાબલાઓની સંખ્યા ઓછી હતી. આ પહેલા આજે દિલ્હી સરકારે પણ આજે સ્પષ્ટ કર્યું હતું કે કોરોના વાયરસના કારણે દિલ્હીમાં આઈપીએલના મેચ દર્શકોની હાજરીમાં નહીં રમાય. નાયબ મુખ્ય પ્રધાન મનીષ સિસોદિયાએ સ્પષ્ટ કર્યું હતું કે ભીડવાળા તમામ આયોજન સહિત દિલ્હી ભીડ એકત્ર કરનારા દરેક રમતગમતના કાર્યક્રમો રદ કરવામાં આવશે.

એડવાઈઝરીમાં નિર્દેશ આપવામાં આવ્યા છે કે, કોઈપણ રમતના આયોજનમાં દર્શકો ત્યાં જોડાઈ શકશે નહી અને આવતા આદેશ સુધી તમામ મેચ બંધ દરવાજે (દર્શકો વગરના સ્ટેડિયમમાં) જ રમાશે.

આ એડવાઈઝરી બાદ, ન તો બીસીસીઆઈ અને ત તો આઈપીએલ ગવર્નિંગ કાઉન્સિલ કોઈપણ નવી જાહેરાત માટે ઉતાવળા નથી. અત્યારસુધી બીસીસીઆઈ દ્વારા એટલું જ કહેવામાં આવી રહ્યું છે કે, આપણે રાહ જોઈશું અને પરિસ્થિતિઓ પર નજર રાખીને અમે બેઠા છીએ. કોઈપણ મેચને રદ કરવામાં ૪૮ કલાક લાગે છે અને કોઈપણ મેચના આયોજનમાં ઘણા સપ્તાહોનું આયોજન હોય છે. જો રમત-ગમત મંત્રાલયે ખાલી સ્ટેડિયમમાં રમવાની વાત કરી છે તો આનાથી સ્પષ્ટ સંદેશ એ જ આવે છે કે અત્યારે આઈપીએલ પર કોઈ સંકટ નથી.

અત્યારે આ આયોજન રદ કરવામાં નથી આવ્યું અને આયોજકો દ્વારા નક્કી તારીખોમાં જ મેચનું આયોજન કરવાની વાત કહેવામાં આવી છે. જો કે શક્યતા છે કે આ ટૂર્નામેન્ટને સ્થગિત કરવામાં આવી શકે છે અથવા તો આના ફોર્મેટમાં કેટલાક બદલાવ કરવામાં આવી શકે છે, જેનાથી આનું સ્વરુપ નાનું કરવામાં આવી શકે છે જેથી બંધ દરવાજે મેચ રમી શકાય.

મેચ રદ થવાની શક્યતા વર્તમાન સમયમાં તો નથી પરંતુ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી એડવાઈઝરીના આધાર પર બીસીસીઆઈ આ ટૂર્નામેન્ટ કરાવવા પર વિચાર કરી શકે છે. બીસીસીઆઈ પોતાના પ્લાન-ૅ પર કામ કરી રહ્યું છે. તો શક્યતા છે કે આવનારા દિવસોમાં જો આ વાયરસની સ્થિતિ વધારે ભયાનક થશે તો પછી મેચ રદ પણ થઈ શકે છે. અત્યારે ટુર્નામેન્ટ શરુ થવામાં ૧૭ દિવસ બાકી છે.

અત્યારે પ્રથમ વિકલ્પ તો એ જ છે કે ખાલી સ્ટેડિયમમાં મેચનું આયોજન શક્ય છે. ફ્રેન્ચાઈઝીઓ અને પ્રસારણકર્તાઓને સરકારની એડવાઈઝરીનું પાલન કરવું પડશે. ત્યારે આ ટૂર્નામેન્ટના સીમિત સ્થાનોમાં જ આયોજન કરવા પર વિચાર થઈ શકે છે. શક્યતાઓ છે કે બીજો વિકલ્પ જરુર પડવા પર વર્તમાન ફોર્મેટમાં બદલાવનો છે. ૮ ટીમોને બે ગ્રુપમાં વહેંચવામાં આવી શકે છે જેવું ૨૦૧૧ ની સીઝનમાં થયું હતું. બાદમાં ટૂર્નામેન્ટમાં ૨૦ થી ૨૫ મેચમાં જ ફાઈનલ સુધીનો રોડ માપ તૈયાર કરી લેવામાં આવશે અને એક મહીનામાં આ ટૂર્નામેન્ટને પૂરી કરી દેવામાં આવશે.

ઓસ્ટ્રેલિયાઈ ઓપનર ડેવિડ વોર્નરના વીઝાની અરજી ફગાવી દેવામાં આવી છે. જો કે જે લોકોને આની જાણકારી છે તેમનું કહેવું છે કે, અરજી રદ થવા પાછળ તેમની એપ્લિકેશનમાં ટેક્નિકલી ક્ષતીનું કારણ હતું અન્ય કંઈ જ નહી. શક્યતાઓ છે કે પ્લેયર્સની વિઝા પ્રક્રિયા માટે ફ્રેન્ચાઈઝીઓને સરકાર સાથે ચર્ચા કરવી પડશે, જો સરકારને બંધ દરવાજે મેચ રમાય તેના આયોજનમાં કોઈ સમસ્યા ન હોય, ત્યારે પ્લેયર્સને અપવાદ શ્રેણીના રુપમાં વિઝા મળી શકે છે.

હું ભગવાન પાસે પ્રાર્થના કરૂ છુ કે, સિંધિયા ભાજપમાં સુરક્ષિત રહે !: દિગ્વિજય સિંહ

ભોપાલ

જ્યોતિરાદિત્ય સિંધિયા કોંગ્રેસ પાર્ટી છોડી ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયા છે. આ ઘટનાને લઈ મધ્ય પ્રદેશ કોંગ્રેસના દિગ્ગજ નેતા દિગ્વિજય સિંહે પોતાની પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, હું તેમને શુભકામના આપુ છુ. આ પ્રાર્થના કરુ છું કે, જ્યોતિરાદિત્ય સિંધિયા ભાજપમાં સુરક્ષિત રહે. જો કે, તેમણે એવુ પણ કહ્યું હતું કે, મેં ક્યારેય વિચાર્યું પણ નહોતુ કે, સિંધિયા કોંગ્રેસ પાર્ટી છોડી દેશે.

પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહે ગુરૂવારના રોજ ટ્વીટ કરી જણાવ્યું હતું કે, હું ભગવાનને પ્રાર્થના કરુ છું કે, સિંધિયા ભાજપમાં સુરક્ષિત રહે. ગાંધી પરિવાર તરફથી સિંધિયાને મહત્વ આપવાની વાત કરતા સિંહે જણાવ્યું હતું કે, ગાંધી પરિવારે હંમેશા માધવરાવ અને જ્યોતિરાદિત્યનું સન્માન કર્યું છે. તેમણે રાહુલ ગાંધીનો ટ્વીટનો પણ ઉલ્લેખ કર્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે, સિંધિયા એક એવા વ્યક્તિ હતા, જે મારા ઘરે ગમે ત્યારે આવી શકતા હતા.

આ અગાઉ જ્યોતિરાદિત્ય સિંધિયાએ હોળીના દિવસે કોંગ્રેસ પાર્ટીમાંથી રાજીનામુ આપી દીધું હતું. બુધવારના રોજ સિંધિયાએ ભાજપ કાર્યાલય જઈ જેપી નડ્ડાની હાજરમાં ભાજપનો કેસરીયો ધારણ કરી લીધો હતો.

ભારતમાં કોરોનાથી
પહેલા પાનાથી ચાલુ

સંક્રમણની પુષ્ટી થઈ ચુકી છે. દેશમાં કોરોના વાઈરસના અત્યાર સુધી ૭૭ કેસ સામે આવી ચુક્યા છે. કર્ણાટકમાં વાઈરસના કારણે એક ૭૫ વર્ષીય વૃદ્ધનું મોત થયું છે. આ સાથે જ ઈરાનમાં ફસાયેલા ૧૨૦ ભારતીયોને એર ઈન્ડિયાના વિમાન દ્વારા ભારત લાવવામાં આવ્યાં છે. કેરળમાં પણ કોરોના કેસો જોવા મળ્યા છે.

વડાપ્રધાન મોદી
પહેલા પાનાથી ચાલુ

ભૂટાન, માલદીવ, શ્રીલંકા અને નેપાળનો સમાવેશ થાય છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ટ્વિટ કરીને કહ્યું છે કે, દુનિયાની સૌથી મોટી વસ્તી ધરાવતા ક્ષેત્ર દક્ષિણ એશિયાને પોતાના લોકોને સ્વાસ્થ્ય રાખવાની દિશામાં કોઈ કસર ના છોડવી જોઈએ. વડાપ્રધાન મોદીએ લખ્યું હતું કે, હું સાર્ક દેશોના નેતૃત્વ સામે કોરોના વાયરસ સામે લડવાની રણનીતિ બનાવવાનો પ્રસ્તાવ રજુ કરૂ છું. આપણે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા પોતાના નાગરિકોને સ્વાસ્થ્ય રાખવાના ઉપાયો પર ચર્ચા કરી શકીએ છીએ.

તેમણે આગળ ઉમેર્યું હતું કે, આપણે એકજુથ થઈ દુનિયા સામે એક મિશાલ બની શકીએ છીએ અને તેને સ્વસ્થ્ય રાખવામાં મહત્વનું યોગદાન આપી શકીએ છીએ.

પીએમ મોદીએ દુનિયાભરમાં ફેલાયેલા કોરોના વાયરસના સંક્રમણ પર ચિંતા વ્યક્ત કરતા આ પડકારનો સામનો કરવાની દિશામાં સરકારો અને સંગઠનોના સમ્મિલિત પ્રયાસોના વખાણ કર્યા હતાં. તેમણે ટ્વિટ કરીને કહ્યું હતું કે, આપણી દુનિયા કોવિડ-૧૯ નોવેલ કોરોના વાયરસ સામે લડી રહી છે. સરકાર અને લોકો જુદા જુદા સ્તરે તેનો સામનો કરવાના પોતના શ્રેષ્ઠ પ્રયાસ કરી રહ્યાં છે.

૨ જાન્યુઆરી ૨૦૧૬માં ભારતીય એરફોર્સના પઠાણકોટ એરબેઝ પર પાકિસ્તાની આતંકવાદીઓ દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ મોદી સરકારે પાકિસ્તાન સાથે સંબંધો કાપી નાખ્યા છે. પરંતુ આ મહામારી સામે લડવા વડાપ્રધાન મોદીએ કડવાશ ભૂલી પાકિસ્તાન તરફ મુશ્કેલીના સમયમાં હાથ આગળ વધાર્યો છે. હવે જોવાનું એ રહેશે કે ઈમરાન ખાન આ બાબતને કેવી રીતે લે છે.

નમસ્તેનો આગ્રહ
પહેલા પાનાથી ચાલુ

રાજ્યભરમાં જાહેર સભાઓ કે પબ્લિક ગેધરિંગ અતિ આવશ્યક ન હોય ત્યાં સુધી ટાળવું

પાર્ટી ઈન પર્સનની રુએ હાજર થતાં વ્યક્તિ કોર્ટમાં હાજર નહીં હોય તો તેમની સામે નકારાત્મક હુકમ નહીં કરાય★

રાજ્ય સરકાર સહિતના તમામ પક્ષકારોને નોટિસ ઈશ્યૂ કરવાની સાથે એક અઠવાડિયામાં જવાબ રજૂ કરવા માટે અને એકશન ટેકન રિપોર્ટ રજૂ કરવા માટે કોર્ટે કર્યો આદેશ

હસ્ત ધનૂન ના બદલે નમસ્તે નો આગ્રહ રાખવા કોર્ટે કર્યો હુકમ

કેજરીવાલ સરકાર
પહેલા પાનાથી ચાલુ

ઉભા થયા છે. મનીષ સિસોદિયાએ કહ્યું કે, દિલ્હીમાં કોરોના વાયરસને કારણે આઈપીએલની એક પણ મેચ નહીં રમાય. તેમણે કહ્યું કે, આઈપીએલ ઉપરાંત પણ અન્ય કોઈપણ આયોજન દિલ્હીમાં નહીંથાય. ન તો સેમિનાર થશે ન તો કોન્ફરન્સ. સિસોદિયાએ કહ્યું કે, કોઈપણ મોટું આયોજન આ દરમિયાન દિલ્હીમાં નહીં થાય.

મનીષ સિસોદિયાએ એ પણ કહ્યું કે, આઈપીએલ જેવી ટૂર્નામેન્ટને કોરોના વાયરસને ધ્યાનમાં રાખીને રદ કરી દેવી જોઈએ. સ્વાસ્થ્યથી મોટું કંઈ જ નથી, સરકાર તરત જ તેના પર કાર્યવાહી કરે. તેમણે કહ્યું કે, કોરોના વાયરસ જે રીતે સમગ્ર દેશમાં ફેલાઈ રહ્યો છે તે ચિંતાની વાત છે પરંતુ દર્શકો વગર મેચમાં મજા નહીં આવે માટે આઈપીએલને રદ કરી દેવું જોઈએ. નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાએ કહ્યું કે, આગામી આદેશ સુધી દિલ્હીમં સ્પોર્ટ્સ એક્ટિવિટી, સેમિનાર, કોન્ફરન્સ બધું બંધ કરી દેવામાં આવ્યું છે.

ઐતિહાસિક ૩૩૦૦
પહેલા પાનાથી ચાલુ

શુક્રવાર બ્લેક ફ્રાઈડે સાબિત થયો હતો. એકતબક્કે આજે ૧૩ માર્ચના રોજ શેરબજાર ૩૫૦૦ પોઈન્ટ એટલે ૧૦.૩૦ ટકા તૂટી ગયુ હતું, જોકે બાદમાં તેમા નોંધપાત્ર સુધારો જોવા મળ્યો હતો.

જોકે ૪૫ મિનિટ બાદ શેરબજારે મંદીનો આંચકો પચાવીને ધીમે ધીમે નીચા સ્તરેથી પસંદગીના શેરોમાં વ્યાપક ખરીદદારી જોવા મળી રહી છે. સેન્સેક્સ ૧૫૦૦ પોઈન્ટ એટલે કે ૪.૫૯ ટકા વધીને ૩૪,૨૮૩ જ્યારે નિફ્ટી ૪૩૮ પોઈન્ટ એટલે કે ૫.૪૭ વધી ૧૦,૦૦૦ને પાર થઈ જતાં રોકાણકારોએ નજીવી રાહત અનુભવી હતી. શેરબજારમાં ટ્રેડિંગ ફરી શરૂ થયા બાદ ઝડપી રિકવરી જોવા મળી હતી. શેરબજારમાં ૫,૦૦૦ પોઈન્ટની અફરા તફરી જોવા મળી છે. મંદી બાદ ભારે તેજીને લીધે સેન્સેક્સની ૩૦ પૈકી ૨૭ સ્કીપમાં તેજી પરત ફરી હતી. લગભગ તમામ ક્ષેત્રિય ભાવાંકોમાં ભારે તેજી જોવા મળી રહી હતી. અને બપોરે બજાર બંધ થયું ત્યારે ૧૩૨૫.૩૪ અંકના ઉછાળ સાથે સેન્સેક્સ ૩૪૧૦૩.૪૮ પર અને નિફ્ટી ૩૬૫.૦૫ અપ સાથે ૯૯૫૫.૨૦ પર બંધ થયો હતો. આમ શરૂઆતના આંચકા પચાવીને બજારમાં રિકવરી કે તેજી જોવા મળી હતી.

આ અગાઉ બજાર ખુલતા જ ૨૫૩૪ પોઈન્ટનો કડાકો જોવા મળ્યો હતો. થોડી વારમાં જ સેન્સેક્સ ૩૧૦૩ પોઈન્ટ ઘટીને ૩૦,૦૦૦ની સપાટી ગુમાવી દીધી હતી. બજારમાં આવેલા ઘટાડાના કારણે લોઅર સર્કિટ લગાવી દેવામાં આવી હતી. ત્યારપછી ટ્રેડિંગને ૪૫ મિનિટ માટે રોકી દેવામાં આવ્યું હતું. ત્યારે સેન્સેક્સ ૨૯,૬૮૭ની સપાટીએ પહોંચી ગયો હતો. આ જ રીતે નિફ્ટી ૮૫૨ પોઈન્ટ ઘટ્યો હતો. નિફ્ટીએ ૯૦૦૦ની સપાટી ગુમાવીને ૮૬૨૪ની સપાટીએ આવી ગયો હતો. બજાર ૧૦ ટકા કરતા વધારે ઘટે તો લોઅર સર્કિટ લગાવવામાં આવે છે. મંદીની સર્કિટ બાદ બજારમાં શાર્પ રિકવરી જોવા મળી હતી.

સર્કિટ શું છે અને ક્યારે લાગે છે તે અંગે સૂત્રોએ કહ્યું કે ભારતીય શેરબજારમાં તેજી કે મંદીની અસાધારણ સ્થિતિને નિયંત્રિત કરવા માટે સર્કિટ ફિલ્ટર અમલી બનાવવામાં આવે છે. સેબીએ ૧૦ ટકા, ૧૫ ટકા અને ૨૦ ટકા સર્કિટ નક્કી કરે છે. આ અંતર્ગત શેરબજાર નક્કી મર્યાદાથી વધારે ઘટવા પર લોઅર સર્કિટ લાગે છે. આ માટે પણ ૧૦ ટકા, ૧૫ ટકા અને ૨૦ ટકા મર્યાદા નક્કી કરવામાં આવી છે. સર્કિટની શરૂઆત જુલાઈ, ૨૦૦૧માં સેબીની માર્ગદર્શિકા બાદ થઈ હતી

સતત બીજા સેશનમાં તીવ્ર ઘટાડો જારી રાખતા મ્જીઈ બેન્ચમાર્ક સેન્સેક્સ ૩,૩૮૦.૫૯ પોઈન્ટ્સની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો હતો. જે ૧૦.૩૧ ટકા ગગડીને ૨૯,૩૯૭.૫૫ પોઈન્ટ્સની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો હતો. આ અગાઉ સેન્સેક્સે ઈન્ટ્રાડેમાં ૩,૩૮૯.૧૭ પોઈન્ટ્સના ઘટાડા સાથે ૨૯,૩૮૮.૯૭ પોઈન્ટ્સની નીચી સપાટીને સ્પર્શ કર્યો હતો.

NSE નિફ્ટી પણ ૧,૦૩૬.૨૦ પોઈન્ટ્સ અથવા ૧૦.૮૦ ટકાના ધોવાણ સાથે ૮,૫૫૩.૯૫ પોઈન્ટ્સની સપાટીએ ટ્રેડ થઈ રહ્યો હતો.

ટેક મહિન્દ્રાના શેર્સ ૧૫ ટકા ઘટીને ટ્રેડ થઈ રહ્યો હતો. આ ઉપરાંત એક્સિસ બેક્ક, ઈન્ડસઈન્ડ બેક્ક, HCL ટેકનો, કોટક બેક્ક અને TCSના શેર્સ પણ ઘટીને ટ્રેડ થઈ રહ્યા હતા.

વિદેશી રોકાણકારોની સતત વેચવાલીના પગલે દેશના સ્ટોક માર્કેટ સતત રેડ ઝોનમાં જોવા મળી રહ્યા છે અને ૧૨ માર્ચના રોજ ૩,૨૦૦ પોઈન્ટ્સની ઉથલ પાથલ બાદ સેન્સેક્સ ૩૨,૭૭૮.૧૪ના સ્તરે આવી ગયો હતો. અગાઉ ૨૦૧૮માં તે ૩૨૪૮૩.૮૪ના નીચલા સ્તરે જોવા મળ્યો હતો. આમ, વીતેલા ત્રણ વર્ષમાં જે તેજી આવી હતી તે એક સાથે ધોવાઇ ગઈ છે.

આ વર્ષે ૪૧,૩૪૯.૩૬ના સ્તરે ખૂલેલું માર્કેટ વધીને ૪૨,૨૭૩.૮૭ના સ્તરે પહોચી ગયું હતું. આ તબક્કે બજારમાં એવો માહોલ બન્યો હતો કે સેન્સેક્સ ૪૫,૦૦૦ થઈ જશે. જોકે બાદમાં કોરોના વાયરસની અસર ચીનની બહાર અન્ય દેશોમાં પણ આવતા માર્ચ મહિનામાં મંદીએ વેગ પકડ્યો હતો અને આજે એક જ દિવસમાં સેન્સેક્સ ૨૯૧૯.૨૬ પોઈન્ટ્સ ઘટીને ૩૨,૭૭૮.૧૪ના લેવલે આવી ગયો હતો. આ રીતે ૨૦૨૦ના હાઈથી સેન્સેક્સ ૨૨.૪૬% જેટલો ઘટી ગયો હતો.

ફ્લોર ટેસ્ટ
પહેલા પાનાથી ચાલુ

માર્ચે મતદાન થવાનું છે.

દરમ્યાન, રાજયના સંસદીય કાર્યમંત્રી ડોક્ટર ગોવિંદ સિંહે કોરોના વાઈરસના જોખમને ધ્યાનમાં રાખીને બજેટ સત્ર સ્થગિત કરવા માટે વિધાનસભા અધ્યક્ષ એનપી પ્રજાપતિને પત્ર લખ્યો છે. સત્રની શરૂઆત ૧૬ માર્ચે થવાની છે. કોંગ્રેસે ભાજપને જવાબ આપવાની તૈયારી કરી લીધી છે. પહેલું પગલું હશે, બેંગલુરુમાં રાખવામાં આવેલા સિંધિયા સમર્થક જ્યાં સુધી હાજર નહીં થાય ત્યાં સુધી કોંગ્રેસ ગૃહમાં ફ્લોર ટેસ્ટ માટે નહીં જાય. કોંગ્રેસ ધારાસભ્ય અધ્યક્ષની ભૂમિકા વિશે પણ અનિશ્ચિત છે. રાજીનામું સ્વીકારવામાં સમય લાગશે તો તે સ્થિતિ કોંગ્રેસના પક્ષમાં આવશે. તેનાથી બહુમતીથી સરકાર બનશે.

આરબીઆઈ
પહેલા પાનાથી ચાલુ

ફેરવિચારણા કરે. પત્રમાં કહેવાયું છે કે, રિઝર્વ બેંકની પાસે ખાનગી બેંકોના રેગ્યુલેશન અને સર્વેલન્સના પૂરતા અધિકાર છે. કેન્દ્રીય બેંક આ અધિકારોનો ઉપયોગ કરી એ સુનિશ્ચિત કરી રહી છે કે, ગ્રાહકોના પિયા તદ્દન સુરક્ષિત રહે. રિઝર્વ બેંકે કહ્યું કે, ભૂતકાળમાં ખાનગી ક્ષેત્રની બેંકોનું સમાધાન એ રીતે કરાયું છે કે ગ્રાહકોને નુકસાન ન થાય.



૧૨મી માર્ચ એટલે દાંડીયાત્રા દિવસ. મહાત્મા ગાંધીજીના પ્રપૌત્ર તુષાર ગાંધીએ શાંતિ અને એકતા લાવવા માટે અમદાવાદના સાબરમતી ગાંધી આશ્રમથી ગુરુવારે દાંડીકૂચની યાત્રા શરૂ કરી હતી. ૩૮૬ કિ.મી.ની આ યાત્રા તેઓ ૨૬ દિવસમાં પૂરી કરવા ધારે છે.

કોંગ્રેસમાં મેં ઘણી પીડા સહન કરી છે, ધારાસભ્યોને મળીને સમજાવીશ: નરહરિ અમીન

અમદાવાદ

ભાજપમાં રાજ્ય સભાના ઉમેદવાર તરીકે ફોર્મ ભરનાર નરહરિ અમીન એક સમયે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રહી ચૂક્યા છે ભાજપમાં રાજ્ય સભાના ઉમેદવાર તરીકે ફોર્મ ભરનાર નરહરિ અમીન એક સમયે કોંગ્રેસના વરિષ્ઠ નેતા રહી ચૂક્યા છે ઉમેદવારીપત્ર ભર્યા બાદ નરહરિ અમીને જણાવ્યું હતું કે હું કોંગ્રેસમાં હતો અને ખૂબ સહન કરી શકે રાજ્યસભામાં ખૂટતા મત માટે હું કોંગ્રેસના ધારાસભ્યોને મળીને આ મારી જવાબદારી છે કે હું તેમને સમજાવુ.મારી જીત થશે અને હું સૌથી પહેલા કોંગ્રેસના ધારાસભ્યોને જ મળીશ.

ગાંધીનગરમાં કોરોના: સ્કૂલના બાળકો માટે ગાઈડલાઈન જાહેર, કાર્યક્રમો ન કરવા આદેશ

ગાંધીનગર

કોરોનાને લઈને વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા કટોકટી જાહેર કરી દીધી છે ત્યારે આ અતિચેપી અને જીવલેણ કોરોના વાયર ગુજરાતમાં ન ફેલાય તે માટે ખાસ સાવચેતી અને તકેદારી ઉપરાંત જાગૃતીના કાર્યક્રમ કરવામાં આવી રહ્યા છે જે અંતર્ગત ગાંધીનગરની શાળાઓને પણ બાળકો એકત્રિત થાય તેવા કાર્યક્રમો નહીં કરવા માટે ફરમાન કરવામાં આવ્યું છે એટલુ જ નહીં, આ અસરગ્રસ્ત દેશોમાંથી કોઇ વિદ્યાર્થી આવે તો તેના ઘરે જઇને ૧૪ દિવસ સુધી સ્કીનીંગ કરવા તથા તમામ વિદ્યાર્થી વાલીઓને જાગૃત કરવા સુચના આપવામાં આવી છે. તો સાથે જ કોઇ પણ ફલૂવાળા બાળકો હાલ શાળાએ ન આવે તેની ખાસ કાળજી લેવા શાળા સંચાલકોને આદેશ કરવામાં આવ્યો છે.

આ અંગે ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે લેખિત પરિપત્ર કરીને જિલ્લા શિક્ષણાધિકારી અને પ્રાથમિક શિક્ષણાધિકારીને મોકલી આપ્યો છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, હાલ કોરોના વાયરસ અંતર્ગત લોકોમાં ભયનો માહોલ છે. આ વાયરસ એક અસરગ્રસ્ત વ્યક્તિમાંથી બીજા વ્યક્તિમાં ફેલાતો હોય તેના અટકાયત અને નિયંત્રણ માટે જનજાગૃતિ કેળવવી ખુબ જ જરૂરી છે. આ રોગ બાળકોમાં ઝડપથી ફેલાતો હોવાની શક્યતાને ધ્યાને રાખીને કેટલાક પગલાં ભરવા આવશ્યક છે.

જેને લઈને મોટી સંખ્યામાં બાળકો એકત્રીત કરવાના કાર્યક્રમો શાળા દ્વારા યોજાઈ નહીં તે માટે સ્કુલોને સુચના આપવામાં આવે તેમ જણાવવામાં આવ્યું છે. શાળાનો કોઈપણ વિદ્યાર્થી કે કોઈપણ શિક્ષક અસરગ્રસ્ત વિદેશમાંથી મુસાફરી કરીને આવ્યો હોય તો તે વ્યક્તિને ૧૪ દિવસ સુધી સ્કીનીંગમાં રાખવા સુચન કરાયું છે.

આ ઉપરાંત કોરોના ઉપરાંત અન્ય વાયરલ બિમારીઓ ન ફેલાય તે માટે જે વિદ્યાર્થીને તાવ-કફ અને શ્વાસ લેવામાં તકલીફ જોવા મળતી હોય તેવા વિદ્યાર્થીઓના વાલીઓને તાત્કાલિક જાણ કરીને જરૂરી સારવાર અપાવવા ઉપરાંત તે સ્કુલમાં ન આવે તેની તકેદારી રાખવા પણ શાળાઓને આદેશ કરવામાં આવ્યો છે. મૂળભૂત અભ્યાસની સાથે વિદ્યાર્થીઓને હાથ ધોવાની સમજણ આપવા પણ આ પરિપત્રમાં ઉલ્લેખ કરાયો છે. દરેક વર્ગ ખંડમાં પગથી ઓપરેટ થતી કચરા પેટી મુકવા, રેસ્ટ રૂમમાં સેનેટાઇઝર અથવા સાબુ મુકવા કહેવામાં આવ્યું છે.

હોસ્ટેલના સ્ટાફ અને વિદ્યાર્થીઓની સ્વાસ્થ્યની ચકાસણી કરાવવા ફરમાન કરાયું છે. કોઇ વિદ્યાર્થીને તકલીફ જણાય તો નજીકના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવા કહેવાયું છે. એટલું જ નહીં શાળાના સ્ટાફમાં તેમજ વિદ્યાર્થીઓમાં આ વાયરસ અંતર્ગત ખોટી અફવાઓ ન ફેલાય અને ભયનો માહોલ ન સર્જા તેની ખાસ કાળજી રાખવા સુચના આપવામાં આવી છે.

શક્તિસિંહને ભરોસો કે કોંગ્રેસ નહીં તૂટે, ભરતસિંહ હાર્યા તો કારકીર્દીને ગ્રહણ

ગાંધીનગર

રાજ્યસભાની ચૂંટણીના કોંગ્રેસ (congress) ના ઉમેદવાર શક્તિસિંહ ગોહિલે પણ જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ સાથે ભાજપે ત્રીજા ઉમેદવાર તરીકે કોંગ્રેસના પૂર્વ નેતા અને પાટીદાર નેતા નરહરિ અમીને ઉમેદવાર બનાવ્યા છે. જેના પર જવાબ આપતાં કહ્યું કે, તેમને પાર્ટીના પાટીદાર ધારાસભ્યો પર વિશ્વાસ છે અને ક્રોસવોટિંગ નહી થાય. કોંગ્રેસના હાઈકમાન્ડે બે ટીકિટો આપી છે અને અમે બંને સીટો પર જીતીશું. નરહરી અમિનને જીતવા માટે માત્ર ૩ ધારાસભ્યોની જરૂર છે. જેઓ ક્રોસ વોટિંગ કરશે તુરંત જ ભરતસિંહની રાજકીય કારકીર્દીને ગ્રહણ લાગી જશે. ભૂતકાળ સાબિત કરે છે કે ભાજપ આ કરી શકે છે અને કોંગ્રેસ તૂટી શકે છે. કોંગ્રેસ હાલમાં મક્કમ હોવાનું ભલે કહેતી હોય પણ આખરી તબક્કે કોંગ્રેસના ધારાસભ્યો ફરી જશે તેનો ડર ખુદ કોંગ્રેસને પણ છે. જોકે, ભાજપે તમામ તૈયારીઓ કરી લીધી છે. નીતિનભાઈ પટેલ અને જીતુભાઈ વાઘાણી સ્પષ્ટ કહી રહ્યાં છે કે બધુ જ મેનેજ થઈ જશે એનો સ્પષ્ટ અર્થ એ છે કે ભાજપ તડજોડની રાજનીતિ અપનાવી ચૂકી છે અને સમર્થન બાદ જ નરહરી અમીનને ત્રીજા ઉમેદવાર તરીકે ઉભા રાખ્યા છે. વાઘાણીએ ખુલ્લેઆમ ચેલેન્જ કરી છે કે અમારા ૩ ઉમેદવારો જીતશે.

તો કોંગ્રેસે શક્તિસિંહ ગોહિલ અને ભરતસિંહને ટિકિટ આપતા કોંગી નેતા ગૌરવ પંડ્યાએ બળાપો વ્યક્ત કર્યો છે. ભાજપે રાજયસભામાં નરહરી અમીનને ઉતારતા પાટીદાર ધારાસભ્યોને સાચવવા કોંગ્રેસ માટે મોટો પડકાર ગણાવ્યો છે. નરહરિ અમીન આજે પણ કોંગ્રેસના ધારાસભ્યોમાં વર્ચસ્વ ધરાવતા હોવાનુ તેમણે કહ્યુ છે. કોંગ્રેસે પાટીદાર ઉમેદવારને ટીકીટ ના આપતા કોંગ્રેસને નુકસાન થવાની આશંકા વ્યકત કરી છે. તેમણે કહ્યુ છે કે પાટીદાર ધારાસભ્યોની ખુલ્લી ડિમાન્ડ હોવા છતાં ટીકિટ નથી અપાઇ. જેથી કોંગ્રેસને આગામી સમયમાં કાર્યકર્તાઓની નારાજગીનો સામનો કરવો પડી શકે છે.

ભાજપે બે ઉમેદવારને રાજ્યસભાની ટિકિટ આપી છે. ત્યારે ત્રીજા ઉમેદવાર તરીકે નરહરિ અમીનનું નામ નક્કી કરવામાં આવ્યુ છે. તેઓ ભાજપના ત્રીજા ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું છે. નરહરિ અમિને જણાવ્યું હતું કે, હું ભાજપનો સૈનિક છું અને કોંગ્રેસમાં જૂથવાદ છે. જેના કારણે કોંગ્રેસની પડતી આવી છે. તેમણે દાવો કર્યો કે, ભાજપને કોંગ્રેસના મત મળવાના છે. જેથી ત્રણ બેઠક પર ભાજપની જીત નક્કી છે. આ સાથે રાજયસભાના ઉમેદવાર હોવાના કારણે નરહરિ અમીનને આયોજન પંચના ઉપાધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યુ છે. મહત્વપૂર્ણ છે કે, નરહરિ અમિન પાટીદાર સમાજનું નેતૃત્વ કરે છે. ૨૧ વર્ષ સુધી કોંગ્રેસમાં રહ્યા બાદ તેઓ ૨૦૧૨માં વિધિવત રીતે ભાજપમાં સામેલ થયા હતા. તેઓ રાજય આયોજન પંચ અને રાજ્ય સહકારી સંઘના પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવે છે.

કોંગ્રસમાંથી ભરતસિંહ સોલંકીને રાજ્યસભાની ટિકીટ અપાઈ છે ત્યારે સવારથી તેમના ઘરે પાર્ટીનેતાઓનો જમાવડો જોવા મળ્યો હતો. જેમાં સિદ્ધાર્થ પટેલ પણ ભરતસિંહના નિવાસસ્થાને પહોંચ્યા તેમને શુભકામના પાઠવી હતી અને કોંગ્રેસ સાથે છે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. આ સિવાય તેમણે ભાજપે ત્રીજા ઉમેદવાર તરીકે નરહરિ અમિનને ભલે ઉમેદવાર બનાવ્યા હોય. પરંતુ રાજકીય મિત્રતા અલગ વાત છે અને વિચારધારા અલગ બાબત છે તેમ કહીને જવાબ આપ્યો હતો. રાજયસભાની ચૂંટણીને લઈને ભાજપના ત્રણેય ઉમેદવારો ફોર્મ ભરે તે પહેલા ગાંધીનગરના પાર્ટી કાર્યાલય કમલમ ખાતે અભિવાદન સમારોહ યોજાયો હતો. જેમાં પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુ વાઘાણીએ ત્રણેય ઉમેદવાર રાજયસભા મોકલવાના છે તે વાત કહી હતી. જીતુ વાઘાણીએ ભાજપના ત્રણેય ઉમેદવારોને શુભકામના પાઠવી હતી અને કહ્યું હતું કે, તમે જોતા રહો બધુ ગોઠવી જશે. અને વધુ મતો મળશે. રાજ્યસભાની ચૂંટણી અંગે જીતુ વાઘાણીનું મહત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, અમે રાજ્યસભાની ચૂંટણી માટે ૩ ઉમેદવારો મેદાને ઉતારી દીધા છે. આજે તેઓ પોતાની ઉમેદવારી નોધાવશે, ત્યારે ભાજપને જેટલા મતની જરૂર છે તેના કરતા વધુ મત મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જીતુ વાઘાણીએ દાવા સાથે જણાવ્યું હતું કે, તમે જોતા રહો, બધું ગોઠવાઈ જશે. ત્રણેય ઉમેદવારોની જીત નિશ્ચિત છે.

કોરોનાનો કહેર, વિઝા રદ થતા યુવાન મામાના અંતિમ સંસ્કારમાં ન આવી શક્યો

વડોદરા

કોરોના વાઈરસને પગલે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ૧૫ એપ્રિલ સુધી ડિપ્લોમેટિક વિઝા સિવાય દરેક પ્રકારના વિઝા રદ કરવાની જાહેરાત કરી છે. ૧૩ માર્ચથી ડિપાર્ચર પોર્ટથી આ નિર્ણય લાગૂ પડશે. ૧૫ એપ્રિલ સુધી વિદેશમાં વસતા ભારતીયો OCI (ઓવરસીઝ સિટિઝન ઓફ ઈન્ડિયા) કાર્ડ હોલ્ડર)ની વિઝા ફ્રી પ્રવાસની સુવિધા પણ સસ્પેન્ડ કરવામાં આવી છે. જેને કારણે કેનેડામાં સ્થાયી થયેલો વડોદરાનો યુવાન અવસાન પામેલા મામાના અંતિમ દર્શન કરવા માટે આવી શક્યો ન હતો. બુધવારે વડોદરાના પીઢ પત્રકાર શૈલેષભાઈ પંડ્યાનું અવસાન થયું હતું. શૈલેષ પંડ્યા અપરિણીત હોવાથી તેઓ પોતાના ભાણેજને દીકરા સમાન માનતા હતા અને ભાણેજને કેનેડા મોકલવા માટે મદદ કરી હતી.

પી.ટી.આઈ.ના પત્રકાર શૈલેષભાઈ પંડ્યાનું બુધવારે અણધાર્યું અવસાન થયું હતું. તેઓના કેનેડા ખાતે સ્થાયી થયેલા ભાણેજ કશ્યપ વૈદ્યને સમાચાર મળતા શોકમાં ગરકાવ થઈ ગયા હતા. તેઓ મામાની અંતિમ વિધીમાં આવવા માટે તૈયાર હતા. પરંતુ, સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવી મૂકનાર કોરોના વાયરસને કારણે તેઓને ભારત આવવા માટે વિઝા ન મળતા તે આવી શક્યા ન હતા. જોકે, તેઓ સ્વદેશ પરત આવવા માટે અથાગ પ્રયત્ન કર્યા હતા.

સાવકા પિતાએ ૧૬ વર્ષની પુત્રી પર બે વર્ષ સુધી દુષ્કર્મ આચર્યું, ૪ માસનો ગર્ભ રહી ગયો

રાજકોટ

નવાગામ બસ સ્ટેન્ડ પાસે પંચાયત ઓફિસવાળી શેરીમાં નેપાળી પરિવાર ભાડાના મકાનમાં રહે છે. જેરામ બુજાવનભાઇ ચૌધરીએ પોતાની ૧૬ વર્ષની સાવકી પુત્રી પર બે વર્ષ સુધી દુષ્કર્મ આચર્યું હતું. વારંવાર દુષ્કર્મનો ભોગ બનેલી પુત્રીને ૪ માસનો ગર્ભ રહી ગયો છે. આથી મામલો મહિલા પોલીસ સ્ટેશને પહોંચ્યો છે. આરોપી જેરામ વિરૂદ્ધ પોલીસે IPC ૩૭૬ (૨)(એફ)(જે)(એન), ૫૦૬ (૨) અને પોક્સો કલમ ૬ હેઠળ ગુનો નોંધાયો છે.

પુત્રીની માતાએ મહિલા પોલીસ સ્ટેશનમાં પોતાના પતિ વિરૂદ્ધ જ ફરિયાદ નોંધાવી છે. જેમાં તેની આગલા ઘરની દીકરી સાથે પતિએ બળજબરીપૂર્વક શરીર સંબંધ બાંધી ગર્ભ રાખી દીધાનું જણાવ્યું છે. ૨ વર્ષથી અવારનવાર ઘરે જ પોતાની ગેરહાજરીમાં પતિ દીકરી પર દુષ્કર્મ આચરતો હતો. આ અંગે કોઈને જાણ કરીશ તો જાનથી મારી નાખીશ તેવી પુત્રીને ધમકી આપતો હતો.

MS યુનિ.માં પરિણામ મુદ્દે વિદ્યાર્થીઓ અને વિજીલન્સ વચ્ચે ઘર્ષણ, પૂતળુ સળગાવ્યું

વડોદરા

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં કોમર્સ સહિત વિવિધ ફેકલ્ટીઓના પરિણામો જાહેર કરવાની માંગ સાથે આંદોલન ઉગ્ર બની રહ્યું છે. આજે આંદોલનના બીજા દિવસે પણ યુનિવર્સિટી હેડ ઓફિસે રજૂઆત કરવા માટે ગયેલા કરી વિદ્યાર્થીઓ અને વિજીલન્સ વચ્ચે ઘર્ષણ થયું હતું. ઘર્ષણ બાદ વિદ્યાર્થીઓ ધરણા ઉપર બેસી ગયા હતા. અને સત્તાવાળાઓનું પૂતળા દહન કરી વિરોધ વ્યક્ત કર્યો હતો.

વડોદરા શહેરની એમ.એસ. યુનિવર્સિટીમાં ૩ માસ પૂર્વે લેવાયેલી પરીક્ષાના પરિણામો જાહેર કરવામાં ન આવતા વિવિધ સંગઠનો દ્વારા પરિણામો જાહેર કરવાની માંગ સાથે આંદોલન શરૂ કરવામાં આવ્યું છે. આંદોલનના બીજા દિવસે પણ વિદ્યાર્થી સંઘઠનો હેડ ઓફિસ ખાતે રજૂઆત કરવા માટે ગયા હતા. જ્યાં વિજીલન્સ દ્વારા વિદ્યાર્થીઓને ઓફિસમાં જતાં રોકવામાં આવતા ઘર્ષણ થયું હતું. વિજીલન્સ દ્વારા વિદ્યાર્થીઓને રોકવામાં આવતા વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટી સત્તાધીશો અને વિજીલન્સ વિરૂદ્ધ ભારે સૂત્રોચ્ચાર કર્યા હતા.

વિજીલન્સ દ્વારા વિદ્યાર્થીઓને રજૂઆત કરવા માટે જતાં રોકતા વિદ્યાર્થીઓ હેડ ઓફિસ બહાર ધરણા ઉપર બેસી ગયા હતા. તો કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા હેડ ઓફિસની બહાર સત્તાધીશોના પૂતળા દહન કરીને વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

વિદ્યાર્થી સંગઠનોએ જણાવ્યું હતું કે, જ્યાં સુધી પરિણામ જાહેર કરવામાં નહીં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે. વિદ્યાર્થી સંઘઠનો દ્વારા આંદોલનને ઉગ્ર બનાવવાની ચીમકી ઉચ્ચારતા આખરે વાઇસ ચાન્સેલરે વિદ્યાર્થી અગ્રણીઓ સાથે બેઠક કરી હતી. અને આગામી એક સપ્તાહમાં પરિણામ જાહેર કરવાની હૈયાધારણા આપી હતી.

હોર્સ ટ્રેડિંગનો ભય, કોંગ્રેસ ૭૩ ધારાસભ્યોને ગુજરાત બહાર લઈ જશે

ગાંધીનગર

રાજ્યસભાની ચૂંટણીની જાહેરાત થઈ ગઈ છે ત્યારે કોંગ્રેસ અને ભાજપ બંને પોતાની બહુમત સાબિત કરવા માટે એડીચોટીનું જોર ગલાવી રહ્યા છે. ત્યારે ગુજરાત કોંગ્રેસના ધારાસભ્યોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કોંગ્રેસના તમામ ધારાસભ્યોને ગુજરાત બહાર લઈ જવાનો નિર્ણય કર્યો હતો. કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને ગુજરાત બહાર લઈ જવાનું શું કારણ હોઈ શકે એ અંગે પણ ચર્ચાઓ ચાલી રહી છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ગુજરાતના ૭૩ ધારાસભ્યોને ચાર દિવસ પછી કોંગ્રેસ સાશિત રાજ્યો જેવાકે રાજસ્થાન અને છત્તિસગઢ લઈ જવાની વાતો વહેતી થઈ છે. જોકે, ચોક્કસ પણે હજી કોઈ માહિતી આવી નથી કે તમામ ધારાસભ્યોને ગુજરાત બહાર ક્યાં લઈ જવાશે. જોકે, નજીકના સૂત્રોના જણાવ્યા પ્રમાણે કોંગ્રેસ પોતાના ધારાસભ્યોને જયપુર મોકલી શકે છે.

ઉલ્લેખનયી છે કે, રાજ્યસભા ચૂંટણીના ઉમેદવાર માટે કોંગ્રેસ તરફથી ભરતસિંહ સોલંકી અને શક્તિસિંહ ગોહીલે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. જ્યારે ભાજપ તરફથી અભય ભારદ્વાજ, નરહરી અમિન, રમિલા બારાએ ઉમેદવારી નોંધાવી હતી.

ચારેય બેઠકોની ચૂંટણી એકસાથે થવાની છે ત્યારે દરેક ઉમેદવારને સરખા પ્રેફરન્સ વોટ જોઈએ. જેના માટે ફોર્મ્યુલા એવી છે કે, જેટલી સીટની ચૂંટણી હોય તેમાં એક ઉમેરીને તે સંખ્યાને કુલ ઉપલબ્ધ ધારાસભ્યોની સંખ્યા સાથે ભાગાકાર કરવાનો હોય છે. તેના વડે જે પૂર્ણાંક આવે તેમાં એક ઉમેરતા જે સંખ્યા આવે તેટલા મત એક ઉમેદવારને જીતવા માટે જોઈએ.

એટલે કે હાલમાં રાજ્યસભામાં ૪ જગ્યા ખાલી પડશે. જેમાં એક ઉમેરતા ૫ થાય અને હાલ ૧૭૯ ધારાસભ્યો છે. (ભાજપ ૧૦૩, કોંગ્રેસ ૭૨, ૂ ૨, ઝ્રૐ ૧, અપક્ષ ૧, ત્રણ બેઠક ખાલી છે.) જેથી તેને ૫ વડે ભાગવાથી ૩૫.૮ થાય જેમાં એક ઉમેરતા ૩૬.૮ જેને પૂર્ણાંક ગણતા ૩૭ મતની જરૂરિયાત રહે. જેથી ત્રણ બેઠક મેળવવા માટે ભાજપને કુલ ૧૧૧ સ્ન્છના મતની જરૂર પડે.પરંતુ ભાજપ પાસે હાલ ૧૦૩ અને કોંગ્રેસ પાસે ૭૨ ધારાસભ્યો છે. જેથી કોંગ્રેસને બે સીટ જીતવા ૭૪ મતની જરૂર પડશે. આમ કોંગ્રેસને બે મત ખૂટશે, જેની ભરપાઈ અપક્ષ ધારાસભ્ય મેવાણી અને બીટીપીના બે સભ્યોનો સાથ મળતા થઈ શકે છે. જ્યારે ભાજપને ત્રણ બેઠક જીતવા ૮ સભ્યોની ઘટ પડી શકે છે.

'તમે જોતા રહો બધું ગોઠવાઈ જશે અને વધુ મતો મળશે' : જીતુ વાઘાણી

ગાંધીનગર

રાજ્યસભાની ચૂંટણીને લઈને ભાજપના ત્રણેય ઉમેદવારો ફોર્મ ભરે તે પહેલા ગાંધીનગરના પાર્ટી કાર્યાલય કમલમ ખાતે અભિવાદન સમારોહ યોજાયો હતો. જેમાં પ્રદેશ ભાજપ પ્રમુખ જીતુ વાઘાણીએ ત્રણેય ઉમેદવાર રાજ્યસભા મોકલવાના છે તે વાત કહી હતી. જીતુ વાઘાણીએ ભાજપના ત્રણેય ઉમેદવારોને શુભકામના પાઠવી હતી અને કહ્યું હતું કે, તમે જોતા રહો બધુ ગોઠવી જશે. અને વધુ મતો મળશે. રાજ્યસભાની ચૂંટણી અંગે જીતુ વાઘાણીનું મહત્વપૂર્ણ નિવેદન સામે આવ્યું છે. જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, અમે રાજ્યસભાની ચૂંટણી માટે ૩ ઉમેદવારો મેદાને ઉતારી દીધા છે. આજે તેઓ પોતાની ઉમેદવારી નોધાવશે, ત્યારે ભાજપને જેટલા મતની જરૂર છે તેના કરતા વધુ મત મળશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. જીતુ વાઘાણીએ દાવા સાથે જણાવ્યું હતું કે, તમે જોતા રહો, બધું ગોઠવાઈ જશે. ત્રણેય ઉમેદવારોની જીત નિશ્ચિત છે. અમને જ નહીં કોંગ્રેસમાં શું ચાલે છે તે વાતની જાણ સૌને ખબર જ છે. ત્રણેય ઉમેદવારોને જીતુ વાઘાણીએ શુભકામના પાઠવી હતી અને ત્રણેય ઉમેદવારોને જીતાડીને રાજ્યસભામાં મોકલવાની વાત કરી હતી. જીતુ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ભાજપ વિજયશ્રીને વરેલી પાર્ટી છે એટલે ભાજપનો જ વિજય થશે. રાજ્યસભાની બેઠકો અમારી પાસે છે. સમયની રાહ જૂઓ જીત અમારી જ થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, વિધાનસભાના હાલના સંખ્યાબળને જોતા આ ચૂંટણીમાં ભાજપ એક વધારાની બેઠક ગુમાવી શકે છે, જેથી આ બેઠક જાળવી રાખવા ભાજપ સતત વ્યૂહરચના બદલી રહ્યો છે. ૨૦૧૭ની રાજ્યસભા ચૂંટણી બાદ આ ચૂંટણીમાં પણ રસાકસી થવાની સાથે ગુજરાતના રાજકારણમાં મોટી ઉથલપાથલ થાય તેવી શક્યતા છે, કેમ કે ભાજપ પોતાની એક બેઠક બચાવવા કોંગ્રેસના ધારાસભ્યોને તોડવા અથવા તો ક્રોસ વોટિંગ કરાવવા પ્રયત્નો કરી શકે છે.

અમદાવાદ મ્યુનિ.એ પબ્લિસિટીમાં ૭ વર્ષમાં ૩૯ કરોડ ફૂંકી માર્યાં

અમદાવાદ

અમદાવાદ મ્યુનિ. કોર્પોરેશન કામ કરવામાં ભલે ગમેતેટલા ઠાગાઠૈયા કરતું હોય પણ પબ્લિસિટી કરવામાં લગીરે કચાશ રાખતી નથી. આ પબ્લિસિટીની લ્હાયમાં જ તો અમદાવાદ મ્યુનિ.એ છેલ્લા સાત વર્ષમાં રૂ. ૩૯ કરોડનું આંધણ કરી નાંખ્યું છે. શહેરીજનો ભલે કમ્મરતોડ ખાડા, ગટરના ઊભરાતા ગંદા પાણી કે બંધ સ્ટ્રીટલાઈટમાં ગડથોલિયા ખાતા હોય, પણ અમદાવાદ મ્યુનિ. અને તેના સત્તાધીશોની વાહવાહી કરવા પ્રજાના નાણાં ખર્ચવામાં તેનો કોઈ જોટો નથી જડતો. તેમાં પણ છેલ્લા ત્રણ વર્ષમાં તો મ્યુનિ.એ જાહેરાત અને પોતાના કામની વાહવાહી કરવા રૂ. ૨૦ કરોડથી વધુ ખર્ચી નાંખ્યા છે.

બહેરામપૂરા વોર્ડના કોંગ્રેસના કાઉન્સિલર અને પૂર્વ વિપક્ષ નેતા બદરૂદ્દીન શેખે ફૈદઅકમ્રકજાકનિે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૨-૧૩થી અત્યારસુધીમાં અમદાવાદ મ્યુનિ.એ જાહેરાત પાછળ રૂ. ૩૯ કરોડથી વધુનું આંધણ કર્યું છે. આ અંતર્ગત ૨૦૧૨-૧૩થી ૨૦૧૬-૧૭ સુધી તેણે વર્ષે સરેરાશ રૂ. ૪ કરોડનો પબ્લિસિટી ખર્ચ કર્યો છે. પરંતુ ૨૦૧૭-૧૮થી તો તેને જાણે પબ્લિસિટીનું ભૂત વળગ્યું છે. આ કારણથી જ છેલ્લા ત્રણ વર્ષમાં મ્યુનિ.એ સરેરાશ રૂ. ૬ કરોડનો વાર્ષિક જાહેરાત ખર્ચ કર્યો છે. આ પ્રજાના પૈસે પોતાની પ્રસિદ્ધિ કરાવવાની ભૂખ છે. ભાજપના નેતાઓ આમાં શૂરા છે, પછી ભલેને પ્રજાનું કામ થાય કે ના થાય.

મ્યુનિ.એ મોટાભાગનો જાહેરાત ખર્ચ સાબરમતી શુદ્ધિકરણ, મલેરિયા, ડેન્ગ્યુ નાબૂદી, સ્વચ્છતા સર્વેક્ષણ, ગ્રીન અમદાવાદ જેવાં કેમ્પેન પાછળ કર્યો છે. એ વાત અલગ છે કે તંત્રના વિવિધ પ્રકારનાં ગતકડાં કહો કે અભિયાન ગણો, પરંતુ તેમાં લોકો તો છોડો, શહેરના કોર્પોરેટરો પણ રસ લેતા નથી. આ પ્રોજેક્ટોને લોંચ કરતી વેળાએ ફોટા પડાવ્યા બાદ ભાજપના જ નેતાઓ અને કોર્પોરેટરો અમલીકરણની પરવા કરતા નથી. તેમ છતાં મ્યુનિ.ની શાસક બોડીની પ્રચારાત્મક ઝુંબેશ સતત ચાલતી જ હોય છે, એમ બદરૂદ્દીન શેખે કહ્યું હતું.

વિપક્ષી કોંગ્રેસે એવો પણ આક્ષેપ કર્યો છે કે, મ્યુનિ.ની શાસક બોડી ભાજપે સોશિયલ મીડિયામાં મેકઓવર માટે ત્રણ એજન્સીને રોકી છે. આ એજન્સી સોશિયલ મીડિયામાં ભાજપનો પ્રચાર કરે છે, પછી ભલેને ભાજપે જે કામ કર્યા હોય કે ના હોય. આ માટે આ એજન્સીઓને રૂ. ૨૨ લાખ ચૂકવવામાં આવ્યા છે. આ રીતે પ્રજાના પૈસાનો ધૂમાડો ઉડાડવો એ ભાજપનો સ્વભાવ બની ચૂક્યો છે.

‘નીતિન પટેલનો દાવો, કોંગ્રેસ તૂટે છે અમારે ૩ કે ૪ મત માટે જ વ્યવસ્થા કરવાની છે

ગાંધીનગર

આગામી ૨૬ માર્ચે ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી યોજાનારી છે. જેને લઈને રાજ્યના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. ભાજપ અને કોંગ્રેસ એકબીજા પર આરોપ-પ્રત્યારોપ કરી રહ્યાં છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ કોંગ્રેસ શાસિત રાજ્યમાં વ્યાપક અસંતોષ હોવાની વાત કરે છે, ત્યારે રાજ્યસભાની ચૂંટણીને લઈને ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે એક મહેસાણી ભાષામાં પોતાનું તડફડી ભાષામાં પોતાનું નિવેદન આપ્યું છે.

રાજ્યસભાની ચૂંટણીને લઈને ભાજપના ત્રણ ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે, તેઓ વિજય મૂર્હતમાં પોતાની ઉમેદવારી ફોર્મ ભરશે. ત્યારે રાજ્યસભાની ચૂંટણીને લઈને નીતિન પટેલે ફરીથી કોંગ્રેસને આડેહાથ લઈને એક નિવેદન આપ્યું છે. ડેપ્યૂટી સીએમ નીતિન પટેલે દાવો કર્યો હતો કે, કોંગ્રેસ તૂટે છે. કોંગ્રેસમાં આંતરિક અસંતોષ જ અમને જીતાડશે. કોંગ્રેસના ઘણાં ધારાસભ્યો અંદરોઅંદર વિખવાદથી નારાજ છે. એક સાથે ૪૦ ધારાસભ્યોની નારાજગીને કારણે કોંગ્રેસ હાઈકમાન્ડે પોતાના ઉમેદવારો બદલવાના વખત આવ્યો છે.

નીતિન પટેલે વધુમાં જણાવ્યું હતું કે, કોંગ્રેસની નારાજગીથી અમને ફાયદો થશે. મધ્યપ્રદેશની ઘટનાથી કોંગ્રેસ હચમચી ગઈ છે. કોંગ્રેસમાં વિપક્ષના નેતા બદલવાની પણ રજૂઆત થઈ હતી. કોંગ્રેસની આંતરિક લડાઈ અમને ફાયદો કરાવશે. અમારે ૩ કે ૪ મત માટે જ વ્યવસ્થા કરવાની છે. મધ્યપ્રદેશમાં અમે કંઈ નહોતું કર્યું છતાં મોટો ફેરબદલ જોવા મળી રહ્યો છે. કોંગ્રેસના પાટીદાર ધારાસભ્યોનું કોંગ્રેસે નથી સાંભળ્યું જેના કારણે આ વખત જોવાનો વારો આવ્યો છે. ગુજરાતમાં કોંગ્રેસની અણઆવડત ઉઘાડી પડી ગઈ છે. અમે કોઈનો ભોગ લેતા નથી. ગુજરાતના રાજકારણમાં કોંગ્રેસની સ્થિતિ જોતા ઘણીવાર પ્રશ્ન થાય કે કોંગ્રેસ જ ભાજપના પક્ષે છે કે શું? ગઈકાલે ઉમેદવારોની જાહેરાત અને પછી ધારાસભ્યોને તાબે થઈને કોંગ્રેસની જાહેરાતને પગલે ભાજપે ૩જા ઉમેદવારને મેદાને ઉતારીને ૩ બેઠક જીતવા માટેની વ્યૂહ રચના બનાવી લીધી છે. ક્રોસ વોટીંગ કરીને પણ ભાજપ ૩ બેઠકો મેળવવા માંગે છે. ત્યારે ફ્રુઝ્ઝ નીતિન પટેલે કોંગ્રેસ માટે કહ્યું હતુ કે તે જે કરે છે સારૂ કરે છે અમારા જ ફાયદામાં છે. સંખ્યાબળના આધારે અમારી પાસે વધુ મતો છે. અમારા ૨ ઉમેદવારો સ્પષ્ટ બહુમતીથી જીતશે. કોંગ્રેસનો જૂથવાદ બહાર આવ્યો છે. કોંગ્રેસના ધારાસભ્યો નારાજ છે. કોંગ્રેસે ઉમેદવાર બદલવા પડ્યા છે. કોંગ્રેસના ધારાસભ્યોમાં અસંતોષ છે. કોંગ્રેસના ધારાસભ્યો પસંદગીના કારણે નારાજ છે. કોંગ્રેસ ધારાસભ્યો નારાજ છે તેથી અમે ત્રીજો ઉમેદવાર ઉતાર્યો છે.



હાલોલ પાવાગઢ હાલોલ પાવાગઢ બાયપાસ રોડ ઉપર ભંગારના ૩ ગોડાઉનમાં ભીષણ આગ લાગી હતી. ગોડાઉનોમાં પ્લાસ્ટિકનો સ્ક્રેપ હોવાથી આગે રૌદ્ર સવરૂપ ધારણ કરતા વિસ્તારમાં અફરાતફરી સર્જાઈ હતી. ઘટનાની જાણ થતાં જ હાલોલ ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચ્યું અને આગ ઉપર કાબૂ મેળવવાના પ્રયાસો હાથ ધર્યા હતા. આગ વિકરાળ હોવાથી હાલોલ, કાલોલ અને ૮ કંપનીઓના ફાયર ફાઈટર પણ બોલાવવામાં આવ્યા હતા.

૨૮૨૭૦૨ નવા વાહનો નોંધાતા રૂ.૩૭૧ કરોડ જ્યારે ૧૦૩૭ વાહનો ડિટેઈન કરતા દંડના રૂ.૧.૯૨ કરોડ વસુલ્યા.

ગાંધીનગર, તા.૧૩

રાજ્યમાં એક તરફ મંદીનું વાતાવરણ છે ત્યારે તારીખ ૩૧/ ૧૨/ ૨૦૧૯ સુધીમાં છેલ્લા એક વર્ષમા ૪ જિલ્લામાં ૨૮૨૭૦૨ નવા વાહનો નોંધાયા છે. જેની આવક રૂપિયા ૩૭૧.૩૧ કરોડ થવા પામી છે. જ્યારે આરટીઓએ છેલ્લા ૨ વર્ષમા ૬ જિલ્લામાંથી ૧૦૩૭ વાહનો ડિટેઈન કરીને રૂપિયા ૧,૯૨,૧૬,૮૦૧ દંડની વસુલાત કરી છે.

જે જિલ્લામાં ૩૧/ ૧૨/ ૨૦૧૯ સુધીના છેલ્લા એક વર્ષમાં જે નવા વાહનો નોંધાયા તેમાં આણંદમાં ૫૫૦૬૫ જામનગરમા ૩૫૯૮૨, મહીસાગરમાં ૧૭,૨૮૪ અને સુરતમાં ૧,૭૪,૩૭૧ આ રીતે કુલે ૨૮૨૭૦૨ વાહનો નોંધાયા છે. જ્યારે આરટીઓ દ્વારા છેલ્લા બે વર્ષમાંછ જિલ્લામાંથી ૧૦૩૭ વાહનો ડિટેઈન કર્યા હતા. જેમા દાહોદમાંથી ૨૦૯ ભાવનગરમાંથી ૨૭૬ મહેસાણામાંથી ૪૬ સુરેન્દ્રનગરમાંથી ૧૮૭ બારડોલીમાંથી ૧૫૭ અને ગોધરામાંથી ૧૬૨ વાહનો ડિટેઈન કર્યા હતા.

કર્મચારીઓને મોટર માટે પાંચ લાખના બદલે ૧૦ લાખની લોન અપાશે રૂપાણી સરકાર

ગાંધીનગર

સરકારી કર્મચારીઓને વાહન ખરીદવા માટે રાય સરકાર દ્વારા અત્યતં મામૂલી દરે લોન આપવામાં આવે છે. અત્યાર સુધી મોટર ખરીદીના કિસ્સામાં પિયા પાંચ લાખની મર્યાદામાં લોન આપવામાં આવતી હતી. તે રકમ વધારીને પિયા ૧૦ લાખ કરવામાં આવી છે. સ્કૂટર અને મોટરસાયકલ માટે અત્યાર સુધી ૬૦ હજારની લોન આપવામાં આવતી હતી તે વધારીને ૭૫ હજાર આપવામાં આવશે.

દેશભરમાં મંદી અને નાણાભીડની વ્યાપક બૂમરાણો મચાવવામાં આવે છે.ત્યારે સરકારના કર્મચારીઓને મોટર ખરીદવા માટે અપાનારી પિયા ૧૦ લાખની લોન માત્ર વાર્ષિક ૧૦ ટકાના વ્યાજથી આપવામાં આવશે જયારે મોટરસાયકલ અને સ્કૂટર માટેની લોનમાં વ્યાજદર ૯% નક્કી કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારના નાણા વિભાગના નાયબ સચિવ કે.કે. પટેલ દ્વારા આ સંદર્ભે પ્રસિદ્ધ કરવામાં આવેલી સૂચના મુજબ સાતમા પગાર પંચના પે મેટ્રીક્ષમાં કોઈપણ લેવલમાં પિયા ૫૦ ૫૦૦ કે તેથી વધુ માસિક બેઝિક પગાર મેળવતા નિયમિત સરકારી કર્મચારીઓને મોટર માટે લોન મળશે. યારે પિયા ૨૨૪૦૦ તેથી વધુ માસિક બેઝિક પગાર મેળવતા કર્મચારીઓને મોટરસાયકલ અને સ્કૂટરની ખરીદી માટે લોન આપવામાં આવશે.

નાણાં વિભાગના જણાવ્યા મુજબ મોટર માટેની લોન ૮૦ હા મુદલ માટે અને ૪૦ હા વ્યાજ માટે ચૂકવવાના રહેશે.અને કુલ ૧૨૦ માસિક હામાં લોન ભરપાઈ કરવાની રહેશે

મોટરસાયકલ અને સ્કૂટરની લોન મુદલ માટે ૬૦ માસિક અને વ્યાજ માટે ૪૦ માસિક હા મળી ૮૪ મહિનામાં ચુકવવાની રહેશે.

અગાઉ જેમણે વાહન માટે લોન લીધી હશે તેમણે જો બધી જ રકમ ભરપાઇ કરી દીધી હશે તો બીજી વખત પણ લોન મળશે.

પતિ અને પત્ની બંને સરકારી કર્મચારી હોય તો બંનેની સંયુકત આવક ધ્યાને લીધા વગર બંનેને અલગ – અલગ રીતે વાહન લોન મળશે તેવો નિર્ણય પણ સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. દિવ્યાંગ વ્યકિતઓ માટેની પેટ્રોલ–ડીઝલ સંચાલિત ટ્રાઇસિકલ સ્કુટર અને મોટર સાયકલ તરીકે ગણવાની રહેશે. દિવ્યાંગ કર્મચારીઓની અપંગતાને ધ્યાનમાં લઈને વાહનમાં કરાવવામાં આવતા મોડીફીકેશન સહિતની કિંમત વાહન લોનના હેતુ માટે ગણતરીમાં લેવાની રહેશે.

સાયલામાં યુવતીની છેડતીના મુદ્દે સમજાવવા ગયેલા યુવકો પર હુમલો

સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જિલ્લામાં યુવતિ, મહિલા અને પરણિતા સહિત સગીરા સાથે દુષ્કર્મ અને છેડતીના બનાવો વધી રહ્યાં છે ત્યારે સાયલા તાલુકાના ડોળીયા ગામે રહેતી યુવતિનો પીછો કરી તેનું વાડીએ જતી વખતે બાવડું પકડયું હતું જે અંગે સમજાવવા જતાં ચાર જેટલાં શખ્સોએ ભોગબનનાર યુવતિના બે ભાઈઓને મારમારી ઈજાઓ પહોચાડયાં ની ફરિયદ સાયલા પોલીસ મથકે નોંધવા પામી હતી.

આ અંગે પોલીસ સુત્રો પાસથી મળતી માહિતી મુજબ ફરિયાદી નરોતમભાઈ ગોરધનભાઈ સણોથરા ઉ.વ.૨૨ ડોળીયા, તા.સાયલાવાળાની બહેન કિરણબેન બપોરના સમયે વાડી પર કામ કરવા માટે જઈ રહી હતી તે દરમ્યાન ડોળીયા બાઉન્ડ્રીથી ભાડુકા તરફ જતાં રસ્તા પર ગામના જ બે શખ્સો રસીકભાઈ ધીરૂભાઈ શ્રીમાળી, મેરૂભાઈ નરસીભાઈ શ્રીમાળી બાઈક લઈને પાછળ આવ્યાં હતાં અને કિરણબેનને મરજી વિરૂધ્ધ ચીઠ્ઠી આપી તમાં લખેલ નંબર પર ફોન કરવાનું જણાવ્યું હતું.

તેમજ બાવડું પણ પકડયું હતું જે અંગે ભોગ બનનાર કિરણબેને ઘેર આવી પરિવારજનોને આ બનાવ અંગે વાતચીત કરતાં ફરિયાદી નરોતમભાઈ ગોરધનભાઈ સણોથરા અને તેમનાં ભાઈ હર્ષદભાઈ સણોથરા ધીરૂભાઈના ઘેર સમજાવવા ગયાં હતાં ત્યારે ચારેય શખ્સો રસીકભાઈ ધીરૂભાઈ શ્રીમાળી, મેરૂભાઈ નરસીભાઈ શ્રીમાળી, અશ્વીનભાઈ વાલાભાઈ શ્રીમાળી અને રમેશભાઈ શંકરભાઈ શ્રીમાળી તમામ રહે. ડોળીયા તા.સાયલાવાળાએ એક સંપ થઈ ફરિયાદી અને તેમના ભાઈને મુંઢ મારમારી ઈજાઓ પહોંચાડી હતી જે અંગે સાયલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથધરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જિલ્લામાં યુવતીઓ અને મહિલાઓના દુષ્કર્મના બનાવો ધવી રહ્યાં છે ત્યારે ડોળીયા ગામની સીમમાં એક યુવતી સાથે છેડતીનો બનાવ બનતાં ચકચાર મચી જવા પામી છે અને પોલીસ દ્વારા આરોપીઓને તાત્કાલીક ઝડપી પાડવાની માંગ ઉઠવા પામી છે.

એસટી બસોના પાસમાં રૂટ ન દર્શાવાતા વિદ્યાર્થીઓ અને નોકરિયાતો હાલાકીમાં મુકાયા

બગોદરા

ધોળકાથી અમદાવાદ વચ્ચે ચાલતી તમામ એસટી બસમાં ધોળકા ડેપો દ્વારા પાસધારકોને પાસમાં માત્ર ધોળકાથી અમદાવાદ દર્શાવવામાં આવે છે અને વાયા કયાં-કયાં રૂટ પર જવાનું છે તે લખી આપવામાં આવતું નથી જેના કારણે અનેક વિદ્યાર્થીઓ સહિત નોકરીયાતોને ભારે હાલાકી ભોગવવી પડે છે અને વારંવાર આ બાબતે કંડકટર સાથે માથાકુટ થાય છે.

આ અંગે સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ ધોળકાથી અમદાવાદ વચ્ચે અનેક એસટી બસો ચાલે છે જેમાં ધોળકા સહિત આસપાસના ગામોના અનેક વિદ્યાર્થીઓ, નોકરીયાતો નિયમીત અપડાઉન કરે છે ત્યારે ધોળકા ડેપો દ્વારા ફાળવવામાં આવતાં એસટી પાસમાં માત્ર ધોળકાથી અમદાવાદ જ લખેલું હોય છે. જ્યારે વાયા ક્યાં ક્યાં રૂટ પર જવાનું છે તે લખી આપવામાં આવતું નથી જેના કારણે અવાર-નવાર પાસ હોલ્ડરો અને કંડકટરો વચ્ચે માથાકુટ થાય છે ધોળકાથી અમદાવાદ વાયા રનોડાના સર્વિસ પાસનો ચાર્જ રૂા. ૮૧૦ છે.

જ્યારે વાયા રનોડા, કેલીયાવાસણા, સરોડાનો ચાર્જ રૂા.૮૭૦ છે અને વાયા બાવળા સહિતના તમામ રૂટનો ચાર્જ રૂા.૯૦૦ છે આથી ધોળકા એસટી ડેપો મેનેજર તથા અમદાવાદ એસટી વિભાગીય નિયામક આ બાબતને ગંભીર ગણી એસટીના પાસમાં વાયા કયાં રૂટ છે તે લખવા જવાબદાર કર્મચારીઓને સુચનાઓ આપવામાં આવે અથવા મુસાફર દ્વારા જે રકમ ચુકવવામાં આવી છે તે પાસ કયાં-કયાં રૂટ પર ચાલે તેની સુચના કંડકટરોનો એક મીટીંગ બોલાવી આપવામાં આવે તેવી મુસાફરોની માંગ છે. જેના ભાગરૂપે ધોળકા એસટી ડેપો મેનેજર દ્વારા કંડકટરોને લેખીત સુચના આપતું પોસ્ટર ધોળકા એસટી ડેપોના કંન્ટ્રોલરના કેબીનમાં લગાડવામાં આવ્યું છે અને જેમાં જણાવ્યા મુજબ મુસાફર પાસમાં નવી ઓનલાઈન સીસ્ટમમાં વાયા એક જ રૂટનું નામ આવે છે તો મુસાફર પાસમાં રૂટ મુજબ જે પાસમાં રૂટના ભાડા મુજબ પાસ ચલાવવો.

તહેરાનમાં ઈન્ડિયન એમ્બેસી પાસે વીડિયો બનાવી વાઇરલ કર્યો, મોદી અને શાહને વિનંતી કરી કે અમને છોડાવો કોરોના થશે તો જવાબદારી કોની?

ભોજનના પૈસા નથી, ફૂટ-શાકભાજી પર જીવીએ છીએ: ગુજરાતી પરિવાર ઈરાનમાં ફસાયો

૬ દિવસથી રોજ ત્રણ ત્રણ કલાક આવી વિનંતી કરૂ છું કે સર મારા માટે કંઈક કરો, યુવાન ૧૦ દિવસથી ઈન્ડિયન એમ્બેસીએ ધક્કા ખાઈ રહ્યો છે પણ અધિકારીઓ ગણકારતા નથી

રાજકોટ

વિશ્વમાં કોરાના વાઈરસને લઈ દરેક દેશમાં દહેશત મંડારાઈ છે. ઈરાનના તહેરાન શહેરમાં મુંબઈનો ગુજરાતી જૈન પરિવાર ફસાયો છે. આ અંગે પરિવારના કેરવીન શાહ નામના યુવાને ત્યાં પડતી મુશ્કેલીને લઈને મોબાઈલમાં વીડિયો બનાવી સોશિયલ મીડિયામાં વાઈરલ કર્યો છે. યુવાનના અવાજમાં ઈન્ડિયન એમ્બેસીની લાપરવાહીને લઈને રોષ જોવા મળે છે. બીજી તરફ પોતાના પરિવારને લઈને ચિંતિત પણ દેખાય છે. ભારત સરકારને વિનંતી કરી રહ્યો છે કે ગમે તે થાય પણ અહીંથી અમને છોડાવો. તહેરાનમાં ઈન્ડિયન એમ્બેસી તેની કોઈ મદદ કરતી નથી તેવા આક્ષેપો કર્યા છે. વીડિયોમાં કેરવીન બોલે છે કે, હવે તો અમારી પાસે ભોજનના પણ પૈસા નથી. અમે વેજીટેરીયન છીએ એટલે હાલ ફૂટ અને શાકભાજી પર અમે જીવી રહ્યા છીએ.

કેરવીન શાહે વધુમાં કહ્યું હતું કે, હું કેરવીન શાહ ઈરાનના તહેરાનમાં છું, હું છેલ્લા ૨૦ દિવસથી તહેરાનમાં છું. અહીં ઈન્ડિયન એમ્બેસી છે અને તેના અધિકારીઓ છે. તેઓ છેલ્લા ૧૦ દિવસથી કહે છે કે, અમે તમારા માટે કંઈક કરીશું, ઈમેલથી સંપર્કમાં રહેજો. તેની જે પણ કંઈ પ્રોસેસ છે તે મેં કરી દીધી હોવા છતાં પણ કોઈ એક્શન લીધો નથી. આ લોકો કહી રહ્યા છે કે કોર્મશિયલ એરલાઈન્સ ચાલુ કરીશું. હું છેલ્લા ૬ દિવસથી અહીં રોજ ત્રણ ત્રણ કલાક આવું છું અને વિનંતી કરૂ છું કે સર મારા માટે કંઈક કરો. મારા મમ્મી-પપ્પા કે જેની ઉંમર ૬૨ આસપાસ છે પણ આ લોકો ઈચ્છી રહ્યા છે કે, તેમને કોરોના વાઈરસ ન થાય ત્યાં સુધી લઈ જવા માગતા નથી. નથી કોઈ રસ્તો આપતા કે અમે જઈ શકીએ. આ લોકો પ્રાયોરીટી બેઝ પર ૫૮ લોકોને જ લઈ જઈ શક્યા છે. ૨૧ દિવસ પછી પણ હું અહીં ધક્કા ખાવ છું. પરંતુ અધિકારીઓ કહે છે કે, આજ કરીશું, કાલ કરીશું તેવા જ જવાબ આપી રહ્યા છે. માત્ર વાયદાઓ જ આપી રહ્યા છે. ઓલ ઓવર વર્લ્ડની બધી જ ફ્લાઈટ શરૂ થઈ ગઈ છે. માત્ર ભારતની જ ફ્લાઈટ ચાલુ નથી થઈ કારણ કે તે લોકો સમજે છે કે ભારતીય કમજોર છે. અમારી પાસે હાલ ભોજનના પણ પૈસા નથી. અમે વેજીટેરીયન છીએ. અહીં બધુ નોનવેજ જ મળે છે. ફૂટ અને વેજીટેબલ પર અમે જીવી રહ્યા છીએ. હું હાથ જોડીને વિદેશ મંત્રી અને વડાપ્રધાનને વિનંતી કરૂ છું કે, આર્મીનું પ્લેન મોકલો, અમારા માટે એક પણ ફ્લાઈટ નથી. બસ એમ જ કહેવામાં આવશે કે રાહ જુઓ પણ રાહ જોવા માટે અમારી પાસે કંઈ નથી. અમીત શાહ, નરેન્દ્ર મોદીને વિનંતી કરૂ છું કે અમારા માટે કંઈક કરો. પછી કંઈ થાય તો ઈન્ડિયન એમ્બેસી તહેરાન જવાબદાર ગણાશે.

એનએસયુઆઈના આગેવાનો પર થયેલા કેસો પાછા ખેંચવા ડીસીપી સમક્ષ માંગ

સુરેન્દ્રનગર

તાજેતરમાં યોજાયેલ ગુજરાત યુનીર્વસીટીની ચુંટણીમાં એનએસયુઆઈનો વિજય થતાં એબીવીપી દ્વારા ગુંડાગીરી આચરી પ્રોફેસરોનો ઉપયોગ કરી એનએસયુઆઈના આગેવાનો ઉપર ખોટી ફરિયાદ દાખલ કરી હતી જેનો ઠેરઠેર કોંગ્રેસ સહિત એનએસયુઆઈમાં વિરોધ થઈ રહ્યો છે.

ત્યારે આ મામલે સુરેન્દ્રનગર જિલ્લા યુથ કોંગ્રેસ અને એનએ.યુઆઈ દ્વારા જિલ્લા પોલીસવડાને લેખીત રજુઆત કરી હતી અને ખોટી પોલીસ ફરિયાદ પાછી ખેંચવાની માંગ કરી હતી.

આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ તાજેતરમાં ગુજરાત યુનિર્વસીટીમાં સેનેટ વેલ્ફેરની ચુંટણી યોજવામાં આવી હતી જેમાં પરિણામને દિવસે એનએસયુઆઈનો વિજય થયો હતો અને એબીવીપીની હાર થતાં એબીવીપીના આગેવાનો દ્વારા સ્થાનિક પોલીસ સાથે મારમારી કરી એનએસયુઆઈના કાર્યકર્તાઓ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. તેમ છતાંય પોલીસ દ્વારા એબીવીપીના કાર્યકરતાંઓ પણ કોઈ ફરિયાદ ભરવામાં આવી નહોતી પરતું અનઅમુક પ્રોફેસરોને સાથે રાખી એનએસયુઆઈના આગેવાનો ડો.ઈન્દ્રવિજયસિંહ ગોહિલ અને અહર્નિશ મીશ્રા પર ખોટી ફરિયાદ કરવામાં આવી છે.

જેના વિરોધમાં સુરેન્દ્રનગર જિલ્લા યુથ કોંગ્રેસ અને એનએસયુઆઈએ જિલ્લા પોલીસવડાને લેખીત રજુઆત કરી હતી અને એબીવીપીના માથાભારે શખ્સો સામે પોલીસ ફરિયાદ કરવામાં આવે તેમજ એએસયુઆઈના આગેવાનો સાથે કરવામાં આવેલ ખોટીફરિયાદ પાંચ ખેંચવાની માંગ કરી હતી અને આ અંગે કોઈ જ ઉકેલ નહિં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી. આ તકે એનએસયુઆઈ જિલ્લા પ્રમુખ ધ્રુવરાજસિંહ ચુડાસમા, યુથ કોંગ્રેસ પ્રમુખ વિનોદભાઈ ચાવડા, કૃષ્ણરાજસિંહ ઝાલા, બાબુભાઈ, જગદીશભાઈ સહિતનાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

નરહરિભાઈને ઉંટિયું બનાવી ભાજપ રાજ્યસભા જીતવા માંગે છે : લલિત વસોયા

અમદાવાદ

ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણીમાં પાટીદારને ટિકિટ આપવામાં કોંગ્રેસના ધારાસભ્યોએ માંગણી કરી હતી. પરંતુ ટિકિટ ના આપતા કોંગ્રેસના પાટીદાર ધારાસભ્યોમાં અસંતોષની લાગણી હોવાનો સ્પષ્ટ નિર્દેશ કોંગ્રેસના ધારાસભ્યો વ્યક્ત કરવા લાગ્યા છે. રાજ્યસભામાં પાટીદારને ટિકિટ આપવા કોંગ્રેસના ધારાસભ્યોએ બંધબારણે મિટિંગ કરી હતી પણ કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓને ટિકિટ આપવાને ચક્કરમાં પાટીદાર નેતાની બાદબાકી થઈ છે. આ બધાની વચ્ચે આજે પાટીદાર ધારાસભ્ય લલિત વસોયાએ જણાવ્યું કે, અમારી માંગ હતી કે આ વખતે પાટીદારને ટિકિટ મળે. અમે બધા પાટીદાર ધારાસભ્ય ભેગા થયા હતા અને પક્ષમાં પાટીદારને રાજ્યસભાની ટિકિટ મળે તે માટેનો પ્રયાસ કરાયો હતો. નરહરીભાઈને ભાજપે ઊંટીયું બનાવ્યા છે પરંતુ અમે દરેક ધારાસભ્ય એક જ છીએ તેમજ કોંગ્રેસના દરેક ધારાસભ્ય કોંગ્રેસ ને જ વોટ આપશે.

પાર્કિંગ કોન્ટ્રાક્ટર પર હુમલો કરી ૮૦ હજારની લૂંટ કરનાર બે ઝબ્બે

કોન્ટ્રાક્ટરે નોકરીમાંથી કાઢી મુકતા ત્રણેય જણાએ હુમલો કર્યો હતો

સુરત

રિંગરોડ ટેક્ષ્ટાઈલ્સ માર્કેટની સામે આવેલ પાર્કિંગ ઓફિસમાં ત્રણ જણાં બેઝબોલ સાથે ધસી જઈ કોન્ટ્રાક્ટરને માર મારી પાર્કિંગ વકરાના રોકડા રૂપિયા ૮૦ હજારની લૂંટ કરી ઓફિસમાં તોડફોડ કરી હતી. સલાબતપુરા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પાર્કિંગ કોન્ટ્રાક્ટરનો ધંધો કરતાં મોહંમદ સાહીદ મોહમ્મદ સિદ્દીક રિંગરોડ સ્થિત પાર્કિંગની ઓફિસમાં હતા ત્યારે આરોપી તુલસી, શેહજાદ અને એક અજાણ્યો વ્યક્તિ બેઝબોલ સાથે ધસી આવી હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. તેમજ પાર્કિંગના દિવસ દરમિયાનના વકરાના રૂપિયા ૮૦ હજારની લૂંટ કરી ઓફિસનું ટીવી તોડી જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા.

પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આરોપી શેહજાદે પોતાના માણસ તુલસીને નોકરીમાંથી કાઢી મુકવાના નામે તોફાન મચાવ્યું હતું. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી. પોલીસે હુમલા અને લૂંટમાં સંડોવાયેલા ત્રણેય આરોપીઓની ધરપકડ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

પાંડેસરા મારૂતિ ઈન્ડસ્ટ્રીઝમાં ગોડાઉન અને કારખાનામાં આગ ફાટી નીકળી

કાપડનો જથ્થો અને ત્રણ માળનું એમ્બ્રોડરીનું કારખાનું ભસ્મીભૂત

સુરત

પાંડેસરાની મારૂતિ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટના કાપડના એક ગોડાઉનમાં અચાનક આગ ફાટી નીકળતા કારીગરોમાં ભાગદોડ મચી ગઈ હતી. શુક્રવારની વહેલી પરોઢે લાગેલી આગનો કોલ મળતા જ ત્રણ ફાયર સ્ટેશનના ફાયર ફાઈટરો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયા હતા. આગ ઉગ્ર સ્વરૂપ ધારણ કરે તે પહેલાં આગ પર પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લેવાતા આજુબાજુના કારખાનેદારોએ રાહતનો શ્વાસ લીધો હતો.

ફાયર ઓફિસર હિતેશ પાટીલએ જણાવ્યું હતું કે, કોલ લગભગ રાત્રિ ૨:૩૩નો હતો. ઘટનાની જાણ થતાં જ ભેસ્તાન, મજૂરા અને માન દરવાજાના ફાયર ફાઈટરો ઘટના સ્થળે દોડી ગયા હતા. એક કારખાનામાંથી ધૂમાડો નીકળતો જોઈ તાત્કાલિક પાણીનો મારો શરૂ કરી દીધો હતો. કારીગરોની ભીડ વચ્ચે બંધ કારખાનાના શટર ખોલી ફાયરના જવાનોએ અંદરથી પણ આગને કાબુમાં લઈ લીધી હતી. આ દુર્ઘટનામાં સિલાઈ મશીન, કેબલ, પાર્સલના પુથા પાટિયા સહિત ની સામગ્રી બળી ગઈ હતી.

એક કારખાનાના કારીગરે જણાવ્યું હતું કે, દુર્ઘટના સમયે તેઓ કારખાનામાં કામ કરી રહ્યા હતા. અચાનક કાળો ધૂમાડો જોઈ બુમાબૂમ કરી દેતા તમામ કારીગરો બહાર દોડી ગયા હતા. ત્રણ માળના એમ્બ્રોડરીના કારખાનામાં લાગેલી આગમાં લગભગ તમામ એમ્બ્રોઈડરીના મશીન સહિત મોટી સખ્યામાં કાપડનો જથ્થો બળી ગયો હતો.

સુરતના સરસ મેળામાં ગોવાની બહેનોએ સારી આવક મેળવી

સુરત

સૂરત ખાતે આયોજિત સરસમેળાએ હજારો સ્વસહાય જૂથોની બહેનોને સ્વરોજગારીનું પ્લેટફોર્મ પૂરૂ પાડ્યું છે. મિશન મંગલમ યોજના અંતર્ગત મેળામાં સ્વ-સહાય જુથની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલી અનેકવિધ ચીજવસ્તુઓને વેચાણ માટે મુકવામાં આવી છે, ત્યારે ગોવાના 'શ્રી માંગુરીશ સ્વસહાય જૂથ' દ્વારા નિર્મિત માટીની તથા શંખ-છીપલાંની કલાત્મક વસ્તુઓ લોકોનું ધ્યાન આકર્ષિત કરી રહી છે. સુરતીઓનો ઉત્સાહજનક પ્રતિસાદ મળવાથી સખી મંડળની બહેનો ખુશખુશાલ બની હતી.

શ્રી માંગુરીશ સખી મંડળના સભ્ય ૩૯ વર્ષીય શ્રીમતિ વિનંતી વેન્દુલકર જણાવે છે કે, અમારા મંડળની શરૂઆત દસ વર્ષ પહેલા થઈ હતી. સરકાર તરફથી અમને માટીની અને છીપલાંની કલાત્મક વસ્તુઓ બનાવવાની તાલીમ આપવામાં આવી હતી. હાલ અમારા મંડળમાં ચાર મહિલા સભ્યો છે, અને ગોવાના મંગેચી ગામમાં અમારી દુકાન પણ છે. અમે ચાર બહેનો ઘરેબેઠા માટીના શો-પીસ તથા છીપલાંની ગૃહ સુશોભનની વસ્તુઓ, નેકલેસ અને ઈયરરિંગ્સનું ઉત્પાદન કરી તેનું વેચાણ કરીએ છીએ. સરકારી દ્વારા યોજાતા મેળા સિવાય તેઓ ગોવાના ગવર્મેન્ટ એમ્પોરિયમમાં પોતાના ઉત્પાદનોનું સપ્લાય કરે છે.

વધુમાં શ્રી વિનંતીએ જણાવ્યું કે, દેશભરમાં આ પ્રકારના સરસ મેળાઓનું આયોજન કરીને આવવા-જવા, નિવાસ અને ભોજન જેવી તમામ વ્યવસ્થા સહિત સ્ટોલની ફાળવણી સરકાર દ્વારા વિનામૂલ્યે કરવામાં આવતી હોવાથી અમારે વધારાના કોઈ ખર્ચ ભોગવવો પડતો નથી. સરકારના પ્રોત્સાહનના કારણે અમને વિવિધ રાજ્યોમાં અમારી ચીજવસ્તુઓનું વેચાણ કરવાની તક મળે છે. ગુજરાત અને કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત મહિલા સશક્તિકરણના ઉત્તમ ઉદાહરણરૂપ સરસ મેળો અમારા માટે આવકના નવા સ્રોત તરીકે ઉપયોગી બન્યો છે. આવા મેળા થકી અંદાજે રૂ. ૯૦ હજાર સુધીની ચીજવસ્તુનું વેચાણ કરીએ છીએ. સુરતના સરસમેળામાં અમને ખુબ સારો પ્રતિસાદ મળ્યો છે. આ વસ્તુઓનું વેચાણ કરીને અમારી બચતમાં પણ વધારો થાય છે અને અમારો આત્મવિશ્વાસ પણ વધ્યો હોવાનું તેમણે જણાવ્યું હતું.

પલસાણા ઔદ્યોગિક એકમ દ્વારા ભયાનક પ્રદૂષણ: જીપીસીબીનું મૌન

સુરત

પલસાણામાં ફેલાતા ઔદ્યોગિક પ્રદૂષણ અંગે સુરત જિલ્લા કોંગ્રેસ પ્રમુખ જગદીશ પટેલ દ્વારા વધુ એક વખત જિલ્લા કલેક્ટરને લેખિત ફરિયાદ કરી પ્રદૂષણ ફેલાતુ રોકવા કરાયેલી માગણીમાં જણાવાયું છે કે પલસાણા તાલુકો ઔદ્યોગિક એકમો દ્વારા ફેલાવતા પ્રદુષણ અંગે મુખ્ય અધીકારીશ્રી, ગુજરાત પ્રદુષણ કંટ્રોલ બોર્ડ, બેજીઅમ સ્કેઅર, સુરત શ્રીનાઓને તા.૧૫/૧૧/૨૦૧૯ અને તા.૦૪/૦૧/૨૦૨૦ ના રોજ પત્ર લખેલ હતો. જે સંદર્ભમાં આજદિન સુધિ કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરેલ નથી તેમજ પત્રનો પ્રતિઉત્તર પણ પાઠવેલ નહી. પલસાણા તાલુકાના લોકો પ્રદુષણના ભરડામાં ફસાઈ ચુક્યા છે. આ પ્રદુષણના કારણે પલસણા તાલુકાના લોકો કેન્સર જેવી ગંભીર બિમારી અહિં ઘર કરી ચુકી છે. રોજ સાંજના સમયે પ્રદૂષિત હવાનું એવું આવરણ સર્જાય છે કે લોકોને પાસ લેવામાં પણ તકલીફ પડે છે. આ પ્રદુષિત હવાના કારણે ગળા અને આંખોમાં બળતરાની તકલીફો લોકોને થાય છે. પલસાણા વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમો પૈકી કેટલા એકમો જીપીસીબીના ચોપડે નોંધાયેલ છે ? તેમજ જે એકમો જીપીસીબીના ચોપડે નોંધાયા નથી તેવા ઔદ્યોગિક એકમો શરૂ કરતા પહેલા એકમના માલિકોએ જીપીસીબીની મંજુરી મેળવેલ નથી તે સાબીત થાય છે તો તેવા કિસ્સામાં જીપીસીબી દ્વારા પ્રદુષણ ફેલાવતા એકમોને ક્લોઝર આપી બંધ કેમ કરવામાં આવતું નથી ? આનો સિધો મતલબ એ થાય છે કે જીપીસીબી વરા પ્રદુષીત હવા કે કેમીકયુક્ત પાણી ફેલાવતા એકમોને છવરવાનું કામ થાય છે.

યુએમ રોડ પર વાહન અડફેટે વૃદ્ધનું મોત

સુરત - ઉધના-મગદલ્લા રોડ નવજીવન હ્યુન્ડાઈ શો રૂમની સામે અજાણ્યા વાહનની અડફેટે ૬૫ વર્ષીય સુયાબેન મોહનભાઈ પીંપળેનું મૃત્યું થયું હતું. આ બનાવ અંગે મૃતકના દિકરા દશરથ મોહન પીંપળેએ ખટોદરા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. ખટોદરા પોલીસે અજાણ્યા વાહન ચાલકની વિરૂદ્ધ ગુનો દર્જ કરી પો.સ.ઈ. બી.એસ.પરમારે તપાસ હાથ ધરી છે.

સર્ચ સીઝર અને ઈ-વેબીલ પ્રોવિઝન્સ વિષે ડિસ્કશન

સુરત - ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શુક્રવારે, ૧૩મી માર્ચ ૨૦૨૦ના રોજ સવારે ૯:૩૦ કલાકે સમૃદ્ધિ બિલ્ડીગ, નાનપુરા, સુરત ખાતે 'સર્ચ, સીઝર અને ઈ–વે બીલ પ્રોવિઝન્સ' ઉપર એનાલિસિસ અને ડિસ્કશન માટે સેશનનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ શ્રી ઉચિત શેઠ દ્વારા મહત્વનું માર્ગદર્શન આપવામાં આવશે. આ સેશનમાં ભાગ લેવા માટે ચેમ્બરના પોર્ટલ http://protal.sgcci.in ઉપર વિનામૂલ્યે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે.

સલાબતપુરામાં રહેતુ યુવતી ફરહતનાઝ અંસારી લાપતા

સુરત - સૂરત શહેરના સલાબતપુરા પોલીસ સ્ટેશનના જણાવ્યાનુસાર તા.૨૭/૨/૨૦૨૦ના રોજ પંચશીલનગર, ઉમીયામાતાના મંદીરની પાછળ, ભાઠેના, સલાબતપુરા ખાતે રહેતા ૨૨ વર્ષીય ફરહતનાઝ મોહંમદ આફાકે અંસારી કોઈને કહ્યા વિના કયાંક ચાલ્યા ગયા છે. જે શરીરે મધ્યમ બાંધાના, રંગે ગૌરવર્ણી, ઉ.૧૬૦ સે.મી. જેટલી છે. કપાળ ઉપર જુનુ વાગેલાનું નિશાન છે. ગોલ્ડન રંગની આછા ફુલવાળી કુર્તી તથા બ્લ્યું રંગની સલવાર પહેરી છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પો.સ્ટેશન અથવા સલાબતપુરા પો.સ્ટેશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

મોટા વરાછાની પરિણીતા નિલમબેન દિકરી સાથે ગુમ

સુરત - અમરોલી પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૨/૦૩/૨૦૨૦ ના રોજ ઘર.નં. ઈ-૫૦૩, ગોલ્ડનસીટી, મોટા વરાછા (મૂળ વતન-પરવડી, તા-ગારીયાધાર, જી.ભાવનગર)ખાતે રહેતા નીતીનકુમાર કાળુભાઈ ખેનીની પત્ની નીલમબેન તેમની પુત્રી સ્વરા સાથે પોતાના ઘરેથી બહેનના ઘરે જાઉં છુ તેમ કહી ક્યાંક ચાલ્યા ગયા છે. નીલમબેન શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉંવર્ણ, ઉંચાઈ ૫.૪ ફૂટ છે, અને શરીરે ગુલાબી રંગનો ડ્રેસ તથા સફેદ રંગની લેગીજ પહેરેલ છે. તથા પુત્રી સ્વરા શરીરે પાતળા બાધાની, રંગે ઘઉં વર્ણ, અને શરીરે સફેદ ટી શર્ટ, જીન્સ કેપરી પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

અમરોલીમાંથી ૩૫ વર્ષીય લક્ષ્મી બેન કેદાર ગુમ

સુરત - અમરોલી પોલીસના જણાવ્યા અનુસાર તા.૨૭/૦૨/૨૦૨૦ ના રોજ બિ.નં. એચ- ૩, ૨૩૩/એ/૧૫, કોસાડ આવાસ અમરોલી(મૂળ વતન-માલેગાવ, જિ.નાશિક) ખાતે રહેતા કૈલાશભાઈ અભિમન્યુભાઈ કેદારની ૩૫ વર્ષીય પત્ની લક્ષ્મીબેન પોતાના ઘરેથી ડભોલી ખાતે લગ્નમાં જાઉં છુ તેમ કહી ક્યાંક ચાલી ગયા છે. તેઓ શરીરે પાતળા બાંધાના, રંગે ઘઉં વર્ણ, ઉંચાઈ ૫.૫ ફૂટ છે અને શરીરે લાલ રંગની કુર્તી પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અમરોલી પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

બીએસ ફોર વાહનોનું રજીસ્ટ્રેશન તા. ૩૧ માર્ચ પછી થશે નહીં

સુરત - તાપી જિલ્લાના સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી તરફથી મળેલી એક અખબારી યાદીમાં જણાવ્યા અનુસાર, જિલ્લાના ઓથોરાઈઝ ડિલરો તથા વાહન ધારકો માટે આગામી તા.૧ લી એપ્રિલથી BS-VI (Six)ના વાહનોનો અમલ થનાર હોઈ, ભારત સ્ટેજ BS-IV (Four)વાહનોના રજીસ્ટ્રેશનની તમામ કામગીરી, દસ્તાવેજો, પેમેન્ટ નંબર જનરેશન, હાઈપોથીકેશન જેવી કામગીરી તા.૨૫મી માર્ચ, ૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરી દેવા જણાવાયું છે. વધુમાં આવાBS-IV (Four)વાહનોનું રજીસ્ટ્રેશન તા.૩૧ માર્ચ, ૨૦૨૦ પછી બંધ કરવામાં આવશે, તેમ પણ આ અખબારી યાદીમાં વધુમાં જણાવાયું છે.

ધરમપુર તાલુકાના ઢાંકવળ પ્રા.શાળાનો વાર્ષિકોત્સવ યોજાયો

વલસાડ - વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકાના અંતરિયાળ ઢાંકવળ ગામની પ્રાથમિક શાળાનો વાર્ષિકોત્સવવ ખૂબ જ ઉત્સાાહપૂર્વક યોજાયો હતો. સર્વશિક્ષા અભિયાન આયોજિત આ કાર્યક્રમમાં બાળકોએ વિવિધ પ્રકારના આદિવાસી નૃત્યોર, ઠીગુ ડાન્સુ વગેરે અનેક સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા. પ્રગતિ મહિલા મંડળ-બીલપુડી દ્વારા મંડળના પ્રમુખ વનિતાબેન ગાંવિતના માર્ગદર્શન હેઠળ સેલ્ફ ડિફેન્સ્ અંગેનું ડેમોસ્ટ્રે શન કરી મુશ્કેમલીના સમયે કેવી રીતે બચાવ કરી શકાય તેની જાણાકારી આપી હતી. શાળાના આચાર્ય સંદિપભાઈએ સ્વાશગત પ્રવચનમાં સૌને આવકારી શાળાની પ્રગતિની રૂપરેખા આપી હતી. આ કાર્યક્રમમાં સરપંચ છોટુભાઈ સોળીયા, મોટી કોરવળના સી.આર.સી. રામજીભાઈ વળવી, કેન્દ્રગ શિક્ષક ગીરીશભાઈ પટેલ, ચોઢીપાડા શાળાના અતિલભાઈ પટેલ, ગિરીશભાઈ પટેલ, મોહનાકાવચાલીના અમિતકુમાર, રવિન્દ્ર ભાઈ મૂળગામના પ્રમોદભાઈ, શાળા પરિવાર, ગ્રામજનો તેમજ શાળાના બાળકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી વાર્ષિકોત્સમવના કાર્યક્રમને મનભરીને માણ્યોઈ હતો.

નર્મદા ધારીખેડા સુગરની ચૂંટણી પહેલા પ્રાથમિક મતદાર યાદી જાહેર થતા કેટલાક સભાસદો એ ઉઠાવ્યો વાંધો

નર્મદા ધારીખેડા સુગરની પાંચ વર્ષ ટર્મ બાદ ચૂંટણી આવતા રાજકીય ગરમાવો શરૂ : પાંચ વર્ષ ના સુસુપ્ત સભ્યો સક્રિય બન્યા



સરકારના નીયમ મુજબ જે પ્રાથમિક મતદાર યાદી જાહેર કરી છે જેમાં કેટલાક નામો ઉમેરાયા તો કેટલાક રદ પણ થયા છે એટલે કોઈને વાંધો હોય તો તે રજુ કરી શકે અને આવા વાંધાઅરજી કેટલી આવી જેમાં ખડૂતો સભા સદોને સાંભળીને યોગ્ય નિકાલ પણ કર્યો છે. ચૂંટણી એકદમ પારદર્શક રીતે યોજવામાં આવશે :નરેન્દ્ર પટેલ (ચૂંટણી કમિશનર,નર્મદા સુગર)

સરકારની ગાઈડલાન પ્રમાણે જે ખેડૂત પાંચ વર્ષમાં ૨ વર્ષ સુગરમાં શેરડી આપી હોય એ સભાસદ મતદાર યાદીમાં સમાવેશ કરવો જે પ્રમાણે અમે રેકોર્ડ પ્રમાણે આ મતદાર યાદી બનાવી છે. જેનો સભાસદે બોર્ડ ઓફ નોમિનીઝ માં રજુઆત કરી જેમાં ૨૭ તારીખ સુધીનો સ્ટે છે ૨૭ માર્ચ બાદ બોર્ડ ઓફ નોમિનીઝ જે નિર્ણય લે તે અમને સ્વીકાર્ય રહેશે: ઘનશ્યામ પટેલ (નર્મદા સુગર ચેરમેન)

● બોર્ડ ઓફ નોમિનીઝ દ્વારા પ્રાથમિક મતદાર યાદી પર ૨૭ માર્ચ સુધી સ્ટે
● તમામ વાંધા અરજીનો સરકારની ગાઈડલાઈ પ્રમાણે નિકાલ કર્યો : ચૂંટણી કમિશનર

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા ખાંડસરી ઉદ્યોગ ધારીખેડા, સુગર ફેક્ટરીની વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી ની પાંચ વર્ષની ટર્મ પુરી થઈ રહી છે. એપ્રિલ મહિનામાં ચૂંટણી આવશે, ૧૪ ખેડૂત સભાસદ અને ૧ બીન ખેડૂત સભાસદ મળી કુલ ૧૫ સભ્યો માટેની ચૂંટણી યોજાશે, સહકારી ક્ષેત્રની આ ચૂંટણી આમતો સામાન્ય હોવી જોઈએ પંરતુ આ ચૂંટણીમાં સુસુપ્ત અવસ્થાના રહેલા સભાસદો પણ એકદમ જાગૃત બની ચૂંટણી લડવા તૈયાર થઈ જશે અને વિધાનસભા,લોક સભાની ચૂંટણી જેવા દાવપેચો શરૂ થશે.હાલ નર્મદા સુગર ને લઈને રાજકીય માહોલ જામ્યો છે અને જાહેર કરાયેલી પ્રાથમિક મતદાર યાદી સામે સભાસદો વાંધા ઉઠાવી કેટલાક સભાસદો બોર્ડ ઓફ નોમોનીઝ માં અપીલ કરતા જાહેર યાદી પર પણ સ્ટે લાવવામાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ નર્મદામાં નર્મદા ધારીખેડા ચૂંટણીને લઈને રાજકીય માહોલ જામવા લાગ્યો છે ગામે ગામ આગેવાનોએ સંપર્ક વધારી દીધા છે અને ગામોમાં બેઠકોનો દોર પણ શરૂ થઈ ગયો છે. દર વર્ષે બે પેનલો સામસામે હોય છે પરંતુ છેલ્લા ૨૫ વર્ષ થી સહકારી આગેવાન અને ચેરમેન ઘનસ્યામ પટેલ એક ધારું વહીવટ કરે છે. જેમાં ૧૫ નેશનલ એવોર્ડ, ૨ રાજ્યકક્ષા ના એવોર્ડ અને સૌથી સારી રિકવરી, રાજ્યમાં રીફાઈન્ડ સુગર ઉત્પાદન કરતી એક માત્ર સુગર, ઓર્ગેનિક ખેતી પકાવતી એક માત્ર સુગર સહીત ભારતનો બીજા ક્રમનો અદ્યતન સુવિધા અને ટેક્નોલોજી સજ્જ ઈથેલોન પ્રોજેક્ટ આ સુગરની ૨૫ વર્ષની સફળતા છે. દરવર્ષે વધુને વધુ શેરડીના પીલાણ કરતી આ સુગર ફેક્ટરી ફરી એકવાર ચૂંટણીને લઈને ચર્ચા માં આવી છે જ્યાં જુવો ત્યાં સુગર ની ચૂંટણી ને લઈને ચર્ચાઓ થઈ રહી છે. આગામી એપ્રિલમાં ચૂંટણી યોજાશે એટલે જાહેરનામું જાહેર થશે.ત્યારે ચૂંટણી જાહેર થાય એ પહેલા વિવાદ પણ શરૂ થઈ ગયા છે. ખેડૂતોએ વાંધા ઉઠાવ્યા અને પ્રાથમિક મતદાર યાદી ને લઈને ૨૭ માર્ચ સુધીમાં સ્ટે પણ લાવવામાં આવ્યો છે.

દક્ષિણ ગુજરતના વાતાવરણમાં ઠંડક સામાન્ય કરતા તાપમાન ૩ ડીગ્રી નીચે

માર્ચ મહિનો અડધો પતવા આવ્યા છતા ઉનાળાનો વર્તારો નથી

સુરત

શહેર સહિત સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગતરોજ ઠંડો પવન ફુંકાયા બાદ આજે સવારથી વાદળછાયુ વાતાવરણ સર્જાતા ગરમીથી રાહત અનુભવાઈ રહી છે. દિવસ અને રાત્રિના તાપમાનમાં સામાન્ય કરતા બેથી ત્રણ ડીગ્રીનો ઘટાડો નોંધાયો છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૮.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૮ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૬૨ ટકા તેમજ હવાનું દબાણ ૧૦૧૬.૪ મિલીબાર નોંધાયું છે. શહેરમાં ઉત્તર-પૂર્વ દિશાથી કલાકના ૮ કિલોમીટર સરેરાશથી ઠંડો પવન ફુંકાઈ રહ્યો છે. આજે સવારથી જ વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હોવાથી ભરબપોરે પણ ઠંડા પવનની અસર અનુભવાઈ હતી. આજે વાદળછાયા વાતાવરણના લીધે સરેરાશ તાપમાન કરતા ૨ થી ૩ ડીગ્રી તાપમાન ઓછુ નોંધાયું છે. આગામી દિવસોમાં પવનની દિશા બદલવાની સાથે ગરમીમાં ધીરે ધીરે વધારો થાય તેવી શક્યતા હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે.

GJ-15-DK સીરીઝમાં પસંદગીના નંબર માટે હરાજી કરાશે

વલસાડ

વલસાડ જિલ્લામાં મોટરિંગ પબ્લિકની સગવડતાના હેતુસર દ્વિચક્રી વાહનની GJ-15- DK સીરિઝમાં પસંદગીના નંબર મેળવવા માટે ઓનલાઇન હરાજી કરાશે.

ઉક્ત હરાજીમાં ભાગ લેવા માટેની ઇચ્છા ધરાવનાર અરજદારે તેમના વાહનોનું રજિસ્ટ્રેશન કરાવી http://parivahan.gov.in/fancy વેબસાઇટ ઉપર ઓનલાઇન રજિસ્ટ્રેશન કરી હરાજીમાં ભાગ લઇ શકશે. અરજદારે વાહન ખરીદ કર્યાની તારીખથી ૭ દિવસની અંદર સી.એન.એ. ફોર્મ ભરેલું હોવું જરૂરી છે, જે રજૂ નહીં કરનાર હરાજીમાં નિષ્ફળ જાહેર કરાશે. ઉક્ત હરાજી માટેનું ફોર્મ તા.૧૩ અને ૧૪ માર્ચ, ૨૦૨૦ દરમિયાન રજિસ્ટ્રેશન તેમજ એપ્લીકેશન કરવાની રહેશે. તા.૧૫/૦૩/૨૦થી તા.૧૬/૦૩/૨૦ના રોજ હરાજી માટેનું બીડિંગ ઓપન થશે. ફોર્મ તા.૧૭/૦૩/૨૦૨૦ના રોજ બપોરે ૨-૦૦ કલાક સુધીમાં જમા કરાવવાના રહેશે અને તે જ દિવસે બપોરે ૩-૦૦ ઓપન કરાશે. હરાજીની પ્રક્રિયા પૂર્ણ થયાના પાંચ દિવસમાં નાણાં જમા નહીં કરાવનાર અરજદારની મૂળ રકમ જમી થશે અને તે નંબરની હરાજી ફરીથી કરાશે. ઓનલાઇન હરાજી દરમિયાન આર. બી. આઇ. દ્વારા નક્કી કરેલા દરે ચાર્જ ચૂકવવાનો રહેશે. વાહન સેલ લેટરમાં સેલ તારીખથી નિયમ મુજબના દિવસના અંદરના જ અરજદારો હરાજીમાં ભાગ લેવા અરજી કરી શકશે, સમયમર્યાદા બહારની અરજીઓ રદ કરવામાં આવશે, એમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે.

અમદાવાદમાં ABVPના કાર્યકરો દ્વારા NSUI કાર્યકરો ઉપર થયેલા હુમલા બાબતે નાંદોદ યુથ કોંગ્રેસનું આવેદન



ABVP ના ગુંડાઓ સામે કડક કાર્યવાહી કરો નહીતો NSUI રાજ્ય વ્યાપી આંદોલન કરશેની ચીમકી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીની સેનેટવેલ્ફેરની ચૂંટણી યોજયી હતી.જેમાં એન.એસ.યુ. આઈ ની જીત થઈ હતી.અને એ.બી.વી.પીની હાર થઈ જે સહન ન થતા ત્યાંની સ્થાનિક પોલીસ સાથે મારા મારી કરી તથા એન.એસ.યુ.આઈ ના કાર્યકરો પર પથ્થરમારો કર્યો હતો. આ હુમલામાં જેટલા પણ લોકો સામેલ હતા તેમની સામે કડકમાં કડક પગલાં લેવા તથા એન.એસ.યુ. આઈ.ના આગેવાન ઈન્દ્રવિજયસિંહ ગોહિલ તેમજ અહર્નિશ મીશ્રા પર કરેલ ખોટી ફરિયાદ પાછી ખેંચવાની માંગ કરતુ લેખિત આવેદન નર્મદા જિલ્લા પોલીસવડા હિમકર સિંહને આપવામાં આવ્યું હતું.જેમાં નાંદોદ વિધાનસભા પ્રમુખ અજય વસાવા,નર્મદા યુથ કોંગ્રેસ ઉપપ્રમુખ ચન્દ્રેશ પરમાર,નાંદોદ વિધાનસભા મહામંત્રી મેહુલ પરમાર તથા જીજ્ઞેશ વસાવા સહિત એન.એસ.યુ. આઈ તથા યુથના કાર્યકરો હાજર રહ્યા હતાં.

આ બાબતે નાંદોદ વિધાનસભા પ્રમુખ અજય વસાવાએ જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટીની સેનેટવેલ્ફેરની ચૂંટણીમાં એ.બી.વી.પી.ની કારમી હાર સહન ન થતા ABVP ના ગુંડાઓ એ NSUI ના કાર્યકરો પર પોલીસ પર પથ્થરો મારી હુમલો કર્યો છતાં યુનિ.ના ભાજપાના એજન્ટ એવા પ્રોફેસરો એ યુથ કોંગ્રેસના સિનિયન નેતા ઈન્દ્રવિજયસિંહ ગોહિલ અને અહર્નિશ મીશ્રા પર ખોટી ફરિયાદ કરી છે જે પાછી ખેંચવામાં આવે અને ABVP ના ગુંડાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે,જો એમ નહિ થાય તો યુથ કોંગ્રેસ દ્વારા આખા રાજયમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે તેવી પણ ચીમકી આપી હતી.

નર્મદા જિલ્લામાં બે મહિલાઓએ આત્મહત્યા કરતા પોલીસે તપાસ હાથ ધરી



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં અલગ અલગ બનવોમાં બે મહિલાઓએ આત્મ હત્યા કર્યાની ઘટના પોલીસ મથકે નોંધાઈ છે જેમાં પોતાના પતિએ ગાળો આપતા પરિણીતા એ ઝેરી દવા પી લેતા અને અસ્થિર મગજની મહિલાએ ગળે ફાંસો ખાઇ આત્મ હત્યાની કોશિશ દરમિયાન નીચે પટકાતા મોત નીપજયું હોવાના બનાવો બન્યા છે.આ બન્નેવ બનાવ મામલે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ડેડીયાપાડાના ટેકવાડા ગામમાં રહેતા ૨૩ વર્ષીય વિકાસ મૂળજી વસાવા પોતાના ઘરે મોડો આવ્યો હતો. દરમિયાન પત્ની મધુબેને આ બાબતે પતિ વિકાસને ઠપકો આપ્યો હતો.બાદ વિકાસે પત્નીને બિભત્સ ગાળો ભાંડી હતી જેથી મધુબેનને લાગી આવતા એમણે ઝેરી દવા પીતા એમનું સારવાર દરમિયાન મોત નીપજયું હતું.જ્યારે બીજા બનાવમાં સાગબારાના ઘોડાદેવી ગામે રહેતી ૫૦ વર્ષીય અસ્થિર મગજની વનિતા રાજારામ તડવી કોઈને કહ્યા વગર ઘરેથી ચાલ્યા ગયા હતા.અને ધનસેરા ગામની સીમમાં આવેલા મણિલાલ પટેલના ખેતરનામાં આવેલા ઝાડ પર ઓઢણી બાંધી ફાંસો ખાઈ આત્મહ ત્યાની કોશિશ કરી એ દરમિયાન ઓઢણી ગળામાંથી છૂટી જતા એ જમીન પર નીચે પટકાતા ગંભીર ઈજાઓને કારણે તેમનું મોત નીપજયું હતું.આ બંને ઘટનામાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

રાજપીપળા ખાતે ૨.૮૯ કરોડના ખર્ચે બનેલી નાંદોદ તાલુકા સેવા સદન કચેરીમાં ૬ મહિનાથી લિફ્ટ બંધ



ફાયર સેફટીના બોટલો પણ શોભાના ગાંઠિયા સમાન..?!

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા ખાતે ઓક્ટોમ્બર ૨૦૧૭ માં ૨.૮૯ કરોડના ખર્ચે બનેલી નાંદોદ તાલુકા સેવા સદન કચેરી લોકાર્પણના બે વર્ષ સુધી પડી રહ્યા બાદ ત્યાં મામલદાર કચેરી સહીતની કચેરીઓ કાર્યરત તો થઈ પરંતુ ટૂંકા ગાળામાંજ કરોડોના ખર્ચ બાદ પણ આ મકાનમાં અનેક તકલીફો જોવા મળી છે.

રાજપીપળાની નાંદોદ તાલુકા સેવા સદન કચેરીની બિલ્ડીગમાં છેલ્લા લગભગ ૬ મહિના થી લીફ્ટ બંધ હાલતમાં હોય ઉપર કામ અર્થે જતા વૃદ્ધ વ્યક્તિઓને પરાણે દાદર ચઢવા પડે છે અથવા કોઈકનો સહારો લેવો પડે છે.હાલ લીફ્ટ બંધ હોવાથી તેનો દરવાજો ખુલ્લો મૂકી ભોઈ તળિયે દરવાજા આગળ ખુરશીઓ મૂકી દેવાઈ છે.આ કચેરીમાં લટકતા ફાયર સેફટીના બોટલો શોભાના ગાંઠિયા સમાન જોવા મળી રહ્યા છે, કચેરીના દરેક માળ ઉપર લાગેલા ફાયરના બોટલો પર મારેલી તારીખ વંચાતી નથી અને જાણવા મળ્યા મુજબ એની એક વર્ષની મુદત ક્યારની પૂર્ણ થઈ હોય ક્યારેક આગ જેવી ઘટના ઘટે ત્યારે એમાંનો ગેસ કે કેમિકલ કોઈજ કામનું નથી છતાં આવા બોટલો દરેક માળ પર લટકતા જણાય છે જો મામલતદાર કચેરી માંજ આવી લાલીયાવાડી હોય તો અન્ય કચેરીઓ કે ખાનગી સંસ્થાઓમાં વહીવટી તંત્ર શું ચકાસણી કરતું હશે...?! એ મોટો સવાલ છે ...? આગ જેવી કોઈ ઘટના બન્યા બાદ ફાયર સેફટી જેવી બાબતે અધિકારીઓ જાગશે...?

લિફ્ટનો કોન્ટ્રાકટ પૂરો થયો હોય કોન્ટ્રાકટ માટે કાર્યવાહી કરી છે : ડી.કે.પરમાર(મામલતદાર)

આ બાબતે નાંદોદ મામલતદાર ડી.કે.પરમારે જણાવ્યું કે લિફ્ટ કંપનીનો એક વર્ષનો કોન્ટ્રાકટ પૂર્ણ થયો હોય એ રીન્યુ અથવા અન્ય ને આપવા તજવીજ હાથ ધરવામાં આવી છે.ટૂંક સમયમાં લિફ્ટ ચાલુ થઈ જશે.

ખોલવડમાં અજાણ્યા વાહનની અડફેટે બાઈક સવારનું મોત

પિતાનું અકસ્માતમાં મોત થતા પુત્રએ ફરિયાદ નોંધાવી

સુરત

કામરેજ-ખોલવડ ગામના ખેતરમાં એક અજાણ્યા વાહન ચાલકે બાઈક સવારને ટક્કર મારી મોત નીપજાવી ફરાર થઈ ગયો હોવાનો બનાવ કામરેજ પોલીસ મથકમાં નોંધાયો હતો. પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કામરેજ ચાર રસ્તા રત્નાપુરી સોસાયટીમાં રહેતા અને ફૂટની લારી ચલાવતા પુત્રએ કામરેજ પોલીસમ થકમાં નોંધાવેલી એક ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગતરોજ ખોલવડ ગામની સીમમાંથી ગોપાલભાઈના પિતા કનૈયાલાલ સોનકર પોતાનું બાઈક લઈને પસાર થતા હતા. ત્યારે અજાણ્યા વાહન ચાલકે તેમને ટક્કર મારી મોત નીપજાવી ફરાર થઈ ગયો હતો. પોલીસે ફેટલનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

લો...બોલો...ડેડીયાપાડા પો.સ્ટે.ના પો.કો.એ જીતનગર પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતી GRDની છેડતી કરતા ફરિયાદ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લામાં કાયદો વ્યવસ્થા જાળવતી પોલીસની કામગીરી ખૂબ સારી છે છતાં ક્યારેક અમુક પોલીસ જવાનો પોતાના વિભાગને દાગ લાગે તેવું વર્તન કરતાં હોય તેવી ઘટના જીતનગર પોલીસ હેડ ક્વાર્ટરમાં બનવા પામી છે જેમાં ડેડીયાપાડા પો.સ્ટે.ના પો.કો.એ જીતનગર પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતી મહિલા GRD ની છેડતી કરી હોવાની ફરિયાદ નોંધાતા ભારે ચકચાર મચી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ જીતનગર પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતી મહિલા જીઆરડી જીતનગર પોલીસ હેડ કવાર્ટર્સ ખાતે આવેલા મંદિરની બાજુમાં આવેલ રૂમમાં નોકરી ઉપર એકલી કપડા પ્રેસ કરતી હતી તે સમયે ડેડીયાપાડા પો.સ્ટે.માં પો.કો. તરીકે બજાવતા રમેશ ધુળાભાઇ પરમારે પાછળથી આવી મહિલાની બાથ ભરી એજ દિવસે સાંજે તેમના મોબાઈલ નંબર ઉપર વોટસએપ થી તમે સારા છો મને ગમો છો તેવો મેસેઝ કરી છેડતી કરી હોવાની ફરિયાદ મહિલા જીઆરડીએ રાજપીપળા પો.સ્ટે.માં આપતા પોલીસે પો.કો.વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

લાયસન્સ ફી નહીં ભરાતા રેલ સ્ટેશન પરનો આરો પ્લાન્ટ બંધ કરાવી દેવાયા

યાત્રીઓ માટે પીવાના પાણીની વૈકલ્પિક વ્યવસ્થા કરવા રજૂઆત

સુરત

સુરત-નવસારી-વાપી રેલવે સ્ટેશન ઉપર કોઈપણ જાતની વૈકલ્પિક વ્યવસ્થા વગર રેલવે સત્તાધીશોએ આર.ઓ. પ્લાન્ટ મશીન બંધ કરાવી દેતા ઝેડઆરયુસીસીના સભ્ય રાકેશ શાહે તાકીદે આરઓ મશીન (વોટર વેન્ડીંગ) ચાલુ કરવા અથવા વૈકલ્પિક વ્યવસ્થા કરવા માટે ડીઆરએમ સહિતના રેલ અધિકારીઓને રજૂઆત કરી હતી.

ઝેડઆરયુસીસીના સભ્ય રાકેશ શાહે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, સુરત-નવસારી-વાપી રેલવે સ્ટેશનના આરઓ મશીનના કોન્ટ્રાક્ટરે લાયસન્સ ફી ન ભરવાનાં કારણે સુરત સહીત અન્ય રેલ્વે સ્ટેશનો ઉપર પાણીનાં RO મશીન બંધ કરાવી દીધા છે, જેને કારણે પેસેન્જરો ને ખૂબ જ તકલીફ પડી રહી છે અને યાત્રીઓ મજબૂરી થી પાણી ની બોટલ ખરીદી રહ્યા છે, જેમાં સૌથી વધુ ગરીબ પેસેન્જરો ને ભોગવવું પડી રહ્યું છે. રેલ્વે એ નીયમ મુજબ લાયસન્સ ભલે કેન્સલ કરી દીધું અને કરવું જ જોઈએ, પણ વૈકલ્પિક વ્યવસ્થા યાત્રીઓનાં હીત માં કરવી જોઈએ કેમ કે ઉનાળો ચાલુ થઈ ગયો છે અને ગરીબ અને મધ્યમ વર્ગ સહીત દરેક પેસેન્જરો ને પાણી ની બોટલો ખરીદવી ના પડે તે માટે આજે રાકેશ શાહે સુરત ARO ગરુડાજી, સુરત સ્ટેશન મેનેજર, મુંબઈ DRM-ADRM- Seniro DCM, તથા IRCTC ના અધિકારીઓ સાથે ચર્ચા કરી મેઈલ મોકલી બંધ પડેલાં પાણી નાં RO મશીન તાત્કાલિક ચાલુ કરવા અથવા અન્ય વ્યવસ્થા કરી યાત્રાઓને પીવાનું ચોખ્ખું પાણી મળી રહે તે માટે રજૂઆત કરવામાં આવી હતી.

પરિણીતાની આત્મહત્યા અંગે સાસરીયા વિરૂદ્ધ ગુનો દાખલ

સાસરીયાના ત્રાસથી કતારગામની પરિણીતાએ આપઘાત કર્યો હતો

સુરત

કતારગામ વિસ્તારમાં રહેતી એક પરિણીતાને આત્મહત્યાની દુષ્પ્રેરણા આપવાના મામલે પતિ સહિત સાસરીયાઓ સામે આઈપીસી-૩૦૬ ૧૧૪ મુજબનો ગુનો નોંધી કતારગામ પોલીસે તપાસ શરૂ કરી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કતારગામ વિસ્તારમાં રહેતી એક યુવતીના લગ્ન કતારગામ જેકેપી નગર ખાતે રહેતા બળવંત ટાપણીયા સાથે થયા હતા. લગ્ન થયા બાદ પતિ બળવંત, સસરા, ધરમશીભાઈ, સાસુ ગંગાબેન, જેઠ મુકેશભાઈ વગેરેઓએ પરિણીતા પાસે દહેજની માંગણી કરવામાં આવતા આરોપીઓએ મહેણા ટોણા મારવાનું શરૂ કરતા પરિણીતાએ આત્મહત્યા કરી લીધી હતી.

સરથાણામાં પૂર્વ પતિએ મહિલાને એસીડ એટેક કરવા ધમકી આપી

ધમકી મળતા ભયભીત પરિણીતા પોલીસને શરણે

સુરત

સરથાણામાં છૂટાછેડા થઈ ગયા હોવા છતાં પૂર્વ પતિએ પત્ની ઉપર એસિડ નાંખવાની ધમકી આપી પરિવારને વારંવાર પરેશાન કરતા આખરે પરિવારે સરથાણા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર નાનાવરાછા યમુના નગરમાં રહેતા અને જમીન લે-વેચના વ્યવસાયી સાથે સંકળાયેલા સુભાષ બાવચંદભાઈ જોધાણીએ આરોપી હિરેન શંભુ ડોડા (રહે.શ્રી વિનાયક આંબાતલાવડી, કતારગામ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદી તથા દિકરીને જાનથી મારી નાંખવાની ધમકી તથા દિકરી ઉપર એસિડ નાંખી મારી નાંખવાની ધમકી આપી હતી. ફરિયાદી સુભાષ જોધાણીના જણાવ્યા મુજબ આરોપી હિરેન સાથે ફરિયાદીની દિકરીના લગ્ન થયા હતા. પરંતુ ત્રણેક મહિના પહેલા છુટાછેડા થઈ ગયા હતા. ત્યારબાદ આરોપીએ ફરિયાદી પરિવારને દિકરીના લગ્ન બીજે કરાવશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપતો હતો.

સરથાણા પોલીસે ફરિયાદ નોંધી આરોપી હિરેન શંભુ ડોડાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

ટોલનાકા સંઘર્ષ સમિતિ દ્વારા ડુમસમાં પત્રિકાનું વિતરણ

ભાટીયા નાકા સંઘર્ષ સમિતિને ઠેર-ઠેરથી સાંપડતું સમર્થન

સુરત

ભાટીયા ટોલનાકા સંઘર્ષ સમિતિ દ્વારા આગામી તા.૧૭મીના રોજ ચોકબજાર ગાંધીજીની પ્રતિમાના સાંનિધ્યમાં થનારા ધરણાના કાર્યક્રમને સફળ બનાવવા માટે ગામેગામ બેઠકો શરૂ કરી દેવામાં આવી છે. છેલ્લા ૩૫ દિવસથી વધુ સમયથી ભાટીયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહનોને ટેક્ષ મુક્તિ માટેનું આંદોલન છેડવામાં આવ્યું છે. સંઘર્ષ સમિતિના આગેવાન અને સુરત જિલ્લા પંચાયતના સભ્ય દર્શન નાયકના જણાવ્યા મુજબ જનજાગૃતિના ભાગરૂપે ઠેર-ઠેર પત્રિકાનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આજે સાંજે વી.આર. શોપિંગ મોલ પાસે પત્રિકાનું વિતરણ કરવામાં આવશે. તેમજ તા.૧૭મીના ધરણાના કાર્યક્રમને ધ્યાનમાં રાખીને સંઘર્ષ સમિતિની બેઠકો મળી રહી છે. આ ધરણાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં લોકો જોડાશે.

MARKET 4U
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850


ૐ

પ. પૂ. શ્રી જગદીશાનંદજીનો ૬૭મો જન્મોત્સવ

દ્રૉં

“શ્રી હૃદયોર્મિ પ્રેમોત્સવ”





શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ એવા કૃપાસૂત્રને આત્માસાત કરીને, ભગવાન શ્રી રંગાવધૂત ગુરુ મહારાજના આશિષવર્ષાનો પ્રસાદ પામીને, વિશ્વ વંદનીય રાષ્ટ્રીય સંત શ્રી વિશ્વનાથ અવધૂતજીના કૃપા-પ્રેમ સાગરમાં તરબોળ થઈને પોતાનું સમગ્ર જીવન સર્વજન માટે સમર્પિત કરી રંગ-ગુરુ-ગાથા અને રંગ વિચારધારામાં સૌને પ્રયોજી, પરમહંસ શ્રી કેવલાનંદ મહારાજ અર્પિત પૂર્ણ આનંદ કરતા અને કરાવતા

પ. પૂ. શ્રી જગદીશાનંદજી (રંગ બાળ)નો ૬૭મો

“હૃદયોર્મિ પ્રેમોત્સવ”

સંવત ૨૦૭૬ ફાગણ વદ ૯ને ૧૭-૦૩-૨૦૨૦ના રોજ

આપશ્રી તથા સમસ્ત અવધૂત પરિવારના આત્મસ્વજનોની હાજરી આ સમગ્ર પ્રેમ- ઉર્મિ મહોત્સવને આનંદરૂપી ઉજાસથી પરિપૂર્ણ કરશે જ.

પ.પૂ. શ્રી ગુરુજી માટે કોઈપણ પ્રકારની ભેટ, બુકે કે ફુલહાર લાવવા નહીં.

નોંધ : બહારગામથી આવનાર આત્મ સ્વજનોએ ઉતારાની વ્યવસ્થા માટે અગાઉથી જાણ કરવા વિનંતી.

પ. પૂ. શ્રી રંગબાળના “હૃદયોર્મિ પ્રેમોત્સવ” અંતર્ગત યોજાનારા કાર્યક્રમની રૂપરેખા

તા. ૧૬-૦૩-૨૦૨૦ સોમવાર


- સાંજે ૪.૦૦ કલાકે શોભાયાત્રા
- સાંજે ૬.૩૦ કલાકે પ્રસાદ
- રાત્રે ૮.૦૦ કલાકે સત્સંગ કાર્યક્રમ

શોભાયાત્રા શ્રીરંગ ખુશી ભવનથી શ્રી ઉમિયા માતાના મંદિરે જશે

તા. ૧૭-૦૩-૨૦૨૦ મંગળવાર

- સવારે ૮.૦૦ થી ૧૦.૦૦ દરમિયાન નામ સ્મરણ ધૂન
- સવારે ૧૦.૩૦ કલાકે પ્રસાદ
- બપોરે ૧૨.૦૦ કલાકથી સંતજનો તથા મહાનુભાવોના આશિર્વચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ
- સાંજે ૫.૩૦ થી ૬.૩૦ દરમિયાન પ.પૂ. શ્રી ગુરુજીનો જન્મોત્સવ તથા આશિર્વચન
- સાંજે ૬.૩૦ કલાકે મહાપ્રસાદ

- મધ્યાહન ૧૨.૩૦ કલાકે દીપ પ્રાગટ્ય
- પ. પૂ. શ્રી વિશ્વનાથ અવધૂતજી (અવધૂત આશ્રમ, રાંદેર)
- શ્રી પ્રદિપ્તાનંદજી (ભુજ)
- શ્રી સંતરામ મંદિર સંતગણ
- શ્રી તપસ્વી મહારાજ (શ્રી રંગકુટિર, પાનસર)
- શ્રી મનમોહનદાસજી (ગુમાનદેવ હનુમાનજી મંદિર)
- ડો. ધીરૂભાઈ જોષી (મેનેજીંગ ટ્રસ્ટી, નારેશ્વર)
- શ્રી યોગેશભાઇ વ્યાસ (ટ્રસ્ટી, નારેશ્વર)
- આત્મીય સંતજનો તથા મહાનુભાવો



સંપર્ક સૂત્ર

શ્રી કમલેશભાઈ પટેલ ૯૪૨૭૮૫૫૯૯૯
શ્રી ગૌરાંગભાઈ ઉપાધ્યાય ૯૪૨૭૦૮૩૯૫૩
શ્રી નિલેષભાઈ ત્રિવેદી ૭૩૮૩૮૭૫૨૯૭
શ્રી ભરતભાઈ પ્રજાપતિ ૯૮૨૫૮૬૪૪૦૦
શ્રી પ્રતિકભાઈ પ્રજાપતિ ૯૭૨૪૫૧૪૮૦૮
શ્રી મનુભાઈ પટેલ ૯૮૯૮૬૩૧૨૪૦
શ્રી ધર્મેન્દ્રભાઈ સોની ૯૪૨૭૬૧૯૩૪૪
શ્રી જયરાજસિંહ સોલંકી ૯૫૮૬૦૯૮૯૯૦
શ્રી ખુશાલસિંહ રાવ ૯૮૯૮૪૬૫૭૨૭
શ્રી રાકેશભાઈ દેસાઇ ૯૮૨૫૩૬૫૭૦૯
શ્રી ધર્મેન્દ્રભાઈ મહીડા ૯૭૨૫૩૬૦૯૯૭
શ્રી રણજીતસિંહ વાંસીયા ૯૯૨૫૦૨૯૦૯૪
શ્રી જગદીશભાઈ સોની ૯૯૭૯૫૬૧૦૦૧
શ્રી અશોકસિંહ મહીડા ૯૮૭૯૦૧૫૯૩૬